| | |
|---|---|
| ◈ પ્રકાશક : [Publisher] | Atul Champaklal Shah<br>for<br>**Atul Prakashan**<br>Gandhi Road, Below Famandiz Bridge<br>Ahmedabad-380 001.<br>Phone : (079) 22141244, 26424342<br>22160475 |
| ◈ આવૃત્તિ : [Edition] | First Edition 2018 - 2019 |
| ◈ કિંમત : [Price] | ₹ 60-00 |
| ◈ ISBN No. : | 978 - 93 - 85173 - 47 - 9 |
| ◈ કૉપીરાઈટ [Copy-Wright] (ચેતવણી) | © સર્વ હક લેખકને સ્વાધીન |
| ◈ લેસર-કંપોઝીંગ | ઈમ્બા કોમ્પ્યુટર્સ<br>કાલુપુર, અમદાવાદ. |
| ◈ મુદ્રક : [Printer] | આશિષ ઓફસેટ<br>દૂધેશ્વર, અમદાવાદ. |




## અભ્યાસક્રમ સમિતિ

| ક્રમ | સભ્યોનું નામ |
|---|---|
| 1. | પ્રિ. ડૉ. જયવંતસિંહ સરવૈયા<br>શ્રી એલ. વી. ઉપાધ્યાય આર્ટ્સ એન્ડ કોમર્સ,<br>રામનગર, સાબરમતી, અમદાવાદ-380 005. |
| 2. | ડૉ. સુભાષ બ્રહ્મભટ્ટ<br>શ્રી એચ. કે. આર્ટ્સ કોલેજ,<br>આશ્રમરોડ, અમદાવાદ-380 009. |
| 3. | ડૉ. અશ્વિન આણદાણી<br>ડી.સી.એમ. આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ,<br>વિરમગામ-382150. |
| 4. | ડૉ. પિયુષભાઈ પારેખ<br>સી. યુ. શાહ સાયન્સ કોલેજ,<br>આશ્રમરોડ, અમદાવાદ-380 014. |
| 5. | ડૉ. ચિરાગ ત્રિવેદી<br>આર. જે. તિબ્રેવાલ કોમર્સ કોલેજ,<br>વસ્ત્રાપુર, અમદાવાદ-380 015. |
| 6. | ડૉ. મોહનભાઈ પરમાર<br>શ્રી એચ. કે. આર્ટ્સ કોલેજ,<br>આશ્રમરોડ, અમદાવાદ-380 009. |

# પ્રસ્તાવના

સામાજિક પ્રવૃત્તિઓ દ્વારા યુવાનોનો સર્વાંગીણ વિકાસના હેતુસર રાષ્ટ્રીય સેવા યોજનાની શરૂઆત 1969 માં ભારત સરકારના યુથ અફેર અને સ્પોર્ટ્સ ડિપાર્ટમેન્ટ દ્વારા શરૂ કરવામાં આવી અને તે જ વર્ષથી ગુજરાત યુનિ.માં રાષ્ટ્રીય સેવા યોજનાની પ્રવૃત્તિઓની શરૂઆત થઈ છે. અને આજે આ પ્રવૃત્તિના 50 વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે ત્યારે એક વટવૃક્ષની જેમ યુવાનોમાં લોકપ્રિય બની છે. તેટલું જ નહિ પરંતુ રાષ્ટ્રીય સેવા યોજનાને ગુજરાત યુનિ. એ કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે એક વિષય તરીકે 2018-19 થી અમલમાં મૂક્યો છે. તે બદલ મા. કુલપતિશ્રી પ્રો. ડૉ. હિમાંશુભાઈ પંડ્યા સાહેબ અને I/C રજિસ્ટાર ડૉ. પી. એમ. પટેલ સાહેબનો આભાર વ્યક્ત કરું છું.

આ પુસ્તક ગુજરાત યુનિ.ના રાષ્ટ્રીય સેવા યોજના વિષયના સેમેસ્ટર બેઇઝ્ડ ક્રેડિટ સિસ્ટમ સેમેસ્ટર-1, F.Y.B.A. - ઇલેક્ટિવ-II (103), F.Y.B.Com. માં સોફ્ટસ્કિલ, F.Y.B.Sc. માં ઇલેક્ટિવ 2018-19 થી અમલમાં આવેલા નવા અભ્યાસક્રમ મુજબ લખવામાં આવ્યું છે. આ પુસ્તકમાં રાષ્ટ્રીય સેવા યોજનાના સિદ્ધાંતો, તેનો ઇતિહાસ, રાષ્ટ્રીય સેવા યોજનાનું માળખું, વિવિધ પ્રવૃત્તિઓ અને નાણાકીય વ્યવસ્થા, વિવિધ યોજનાઓ અને નિયમોની સરળ અને મૌલિક ભાષામાં મુદ્દાસર રીતે વર્ણન કરવા પ્રયત્ન કર્યો છે. જેથી કરીને આ વિષયને વિદ્યાર્થીઓ સરળતાથી સમજી શકે અને અભ્યાસની સાથે સાથે આ પ્રવૃતિ દ્વારા યુવાનોનો સર્વાંગીણ વિકાસ થાય.

લેખન કાર્યમાં ઉપયોગમાં લીધેલા સંદર્ભ ગ્રંથો, ગુજરાત યુનિ.ના વિવિધ કોલેજોના પ્રોગ્રામ ઓફિસરશ્રીઓના માર્ગદર્શન, રિજિયોનલ ડાયરેક્ટરશ્રીનું માર્ગદર્શનના ઋણનો સ્વીકાર કરું છું. લેખકના પુસ્તકને ગુજરાત યુનિ.ના વિવિધ કોલેજોના પ્રોગ્રામ ઓફિસરોનો સહયોગ મળતો રહ્યો છે અને મળતો રહેશે તેવી આશા રાખું છું.

- ડૉ. એન. પી. વમા



# અભ્યાસક્રમ

## રાષ્ટ્રીય સેવા યોજના
**(National Service Scheme)**

સૂચિત અભ્યાસક્રમ

સેમેસ્ટર-1

[એફ.વાય.બી.એ. - ઇલેક્ટિવ 2 (103)

એફ.વાય.બી.કોમ. - સોફ્ટ સ્કીલ, એફ.વાય.બી.એસ.સી. - ઇલેક્ટિવ]

**યુનિટ-1 : રાષ્ટ્રીય સેવા યોજના - પરિચય અને પાયાના ખ્યાલો**
- (a) રાષ્ટ્રીય સેવા યોજનાના ઇતિહાસ, જીવન દૃષ્ટિ (Philosophy), લક્ષ્ય અને હેતુઓ
- (b) ચિહ્ન, ધ્વજ, મુદ્રાલેખ, ગીત, બિલ્લો વગેરે.

**યુનિટ-2 : રાષ્ટ્રીય સેવા યોજનાના કાર્યક્રમો અને માળખું**
- (a) રચનાત્મક માળખું, રાષ્ટ્રીય સેવા યોજનાના અધિકારીઓ / કર્મચારીઓની કામગીરી અને જવાબદારીઓ
- (b) નિયમિત પ્રવૃત્તિઓ, વિશિષ્ટ શિબિર અને એક દિવસીય શિબિરના ખ્યાલો

**યુનિટ-3 : રાષ્ટ્રીય સેવા યોજનાની પ્રવૃત્તિઓ તથા નાણાકીય વ્યવસ્થા**
- (a) ગ્રામ વિસ્તાર / ઝુપડપટ્ટી વિસ્તાર દત્તક લેવા અંગેના આધારો તથા સર્વેક્ષણ માટેની કાર્ય પદ્ધતિ
- (b) યોજનાની નાણાકીય વ્યવસ્થા
- (c) દૈનિક નોંધપોથીની જાળવણી

**યુનિટ-4 : ભારત સરકારની યોજનાઓ તથા યુવાન**
- (a) ભારત સરકારની યુવાઓને લગતી યોજનાઓ અને અન્ય કાર્યક્રમો
- (b) વિવિધ સંસ્થાઓ સાથે સંકલન
- (c) સામાજિક પરિવર્તનના અગ્રેસર (પ્રતિનિધિ) તરીકે યુવાન

## રાષ્ટ્રીય સેવા યોજનાનું પ્રતીક

**રાષ્ટ્રીય સેવા યોજનાનું પ્રતીક કોર્ણાકના સૂર્યમંદિરના રથના ચક્ર પર આધારિત છે.** સૂર્યમંદિરના એ મહાન ચક્ર પુનનિર્માણ - રક્ષણ અને મુક્તિના ચક્રનાં દર્શન કરાવે છે અને તે અનંતકાળ તથા અવકાશ વચ્ચે ચાલી આવેલી જીવનની ગતિનું મહત્ત્વ સૂચવે છે. પ્રતીકની ગત્યાત્મક આકૃતિ રાષ્ટ્રીય સેવા યોજનાના ધ્યેયનું - પ્રગતિનું પ્રથમ દષ્ટિએ સૂચન કરે છે, ગ્રામપ્રદેશના સમાજના વિધેયાત્મક અને પ્રગતિકારક કાર્યક્રમોમાં શહેરી અને બિનશહેરી યુવકોને રસ લેતા અને જોડતા કરવાનું તથા સમૂહજીવન અને સામાજિક કાર્ય વગેરે દ્વારા રાષ્ટ્રીય ભાવાત્મક એકતાનું જે લક્ષ્ય અને ધ્યેય રાષ્ટ્રીય સેવા યોજનાનું છે તે આમાં પ્રતીકાત્મક રૂપમાં નિષ્પન્ન થયું છે કે જે મુખ્યતઃ પ્રગતિશીલ જીવનચક્રનું મહત્ત્વ દર્શાવે છે.

❋❋❋

## રાષ્ટ્રીય સેવા યોજના (N.S.S.)

- રાષ્ટ્રના જવાબદાર નાગરિકના ઘડતરનું કાર્ય કરે છે.
- આપણી આસપાસના સમાજના વાસ્તવિક પ્રશ્નોને જાણવા-સમજવાની તેમ જ તેમના ઉકેલમાં યથાશક્તિ ફાળો આપવાની વ્યવસ્થિત સુયોજિત તક પૂરી પાડે છે.
- આપણી શક્તિઓ, આવડતો અને નવરાશના સમયને વેડફાતાં અટકાવી તેમને સંગઠિત અને સંકલિત કરી આયોજનપૂર્વક રાષ્ટ્ર અને સમાજ માટે ઉપયોગી અને ફળદાયી બનાવે છે.
- ઉજ્જવળ ઉદ્દેશો અને ભાવનાઓ સીંચી આપણી યૌવનશક્તિને રચનાત્મક માર્ગે સક્રિય બનાવે છે.

આવો, આપણે સૌ આ ઉજ્જવળ અને આશાસ્પદ

રચનાત્મક યોજનાને સફળ બનાવીને જ જંપીએ.



## એન.એસ.એસ. (N.S.S.) એટલે રાષ્ટ્રના નવઘડતર માટેની યોજના

### પ્રમાણપત્ર અંગે

આ યોજનામાં બે શૈક્ષણિક વર્ષ સુધી
સંતોષકારક રીતે સતત સેવા આપનાર
દરેક વિદ્યાર્થીને તેણે કરેલાં સેવા-કાર્યો
તેમ જ રાષ્ટ્ર માટે ખર્ચેલા સમય દર્શાવતા
પ્રમાણપત્રથી સન્માનિત કરવામાં આવશે,
જે ભાવિ સર્વિસ મેળવવા ઉપયોગી બને છે.

❋❋❋

**એન.એસ.એસ.ની પ્રવૃત્તિઓમાં ખર્ચેલી પળેપળ રાષ્ટ્રના નવનિર્માણમાં તમે આપેલો અમૂલ્ય ફાળો બની રહેશે**

### કોણ જોડાઈ શકે ?

1. ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કોઈપણ કૉલેજના વિદ્યાર્થી હોય.
2. લોકોને સહાયરૂપ થવાની કે તેમની સેવા કરવાની રુચિ-ઇચ્છા ધરાવતા હોય.
3. આ માટે પોતાના નવરાશના સમયમાંથી સત્ર દરમિયાન ઓછામાં ઓછા 60 કલાક આપવાની તૈયારી અને તત્પરતા હોય.
4. જો કંઈ કામગીરી કે સેવા કરવાનું સ્વીકારે તે નિયમિતપણે ચોકસાઈપૂર્વક કરવાનો મક્કમ નિર્ણય કરે.

તે સૌ રાષ્ટ્રીય સેવા યોજનામાં જોડાઈ શકે છે.

# અનુક્રમણિકા


| યુનિટ | પ્રકરણનું નામ | પાના નંબર |
|---|---|---|
| 1. | રાષ્ટ્રીય સેવા યોજના - પરિચય અને પાયાના ખ્યાલો | 01 |
| 2. | રાષ્ટ્રીય સેવા યોજનાના કાર્યક્રમો અને માળખું | 11 |
| 3. | રાષ્ટ્રીય સેવા યોજનાની પ્રવૃત્તિઓ તથા નાણાકીય વ્યવસ્થા | 29 |
| 4. | ભારત સરકારની યોજનાઓ તથા યુવાન | 46 |
| • | સર્વધર્મ પ્રાર્થના, ભજનો, પ્રકીર્ણ ગીતો, ધૂન, વિદાયગીત | 84 |






યુનિટ 1

# રાષ્ટ્રીય સેવા યોજના - પરિચય અને પાયાના ખ્યાલો

1.1 પ્રસ્તાવના

1.2 રાષ્ટ્રીય સેવા યોજનાનો ઇતિહાસ, જીવનદષ્ટિ, લક્ષ્ય અને હેતુઓ

(a) રાષ્ટ્રીય સેવા યોજનાનો ઇતિહાસ

(b) રાષ્ટ્રીય સેવા યોજનાના હેતુઓ

1.3 ચિહ્ન, ધ્વજ, મુદ્રાલેખ, ગીત, બિલ્લો વગેરે

(a) રાષ્ટ્રીય સેવા યોજનાનું સિદ્ધાંત વાક્યો

(મુદ્રાલેખન - Motto of NSS)

(b) રાષ્ટ્રીય સેવા યોજનાનું પ્રતિક (The Symbol of NSS)

(c) રાષ્ટ્રીય સેવા યોજનાનો બેઈઝ (The base of NSS)

(d) રાષ્ટ્રીય સેવા યોજના ગાન

## 1.1 પ્રસ્તાવના :

ભારત સરકારના "યુથ અફેર અને સ્પોર્ટ્સ" ડિપાર્ટમેન્ટ દ્વારા ચાલતી રાષ્ટ્રીય સેવા યોજના ની ભારતમાં શરૂઆત ગાંધી જન્મ શતાબ્દી વર્ષ 1969 થી થઈ છે. યુવાનો અને દેશના ઉત્કર્ષ માટે શરૂ થયેલી આ યોજના શરૂઆતના તબક્કે જોઈએ તો 1969-70 માં કુલ 37 યુનિવર્સિટીઓમાંથી 40,000 વિદ્યાર્થીઓ આ સ્કિમમાં જોડાયા હતા. રાષ્ટ્રીય સેવા યોજનાની અગત્યતા અને લોકપ્રિયતાના કારણે આજે કહેતા આનંદ થાય છે કે 2016-17માં તેની સંખ્યામાં અનેક ઘણો વધારો થયો છે. 2017-18માં NSS માં 3.8 મિલિયન વિદ્યાર્થી સ્વયં સેવકો જોડાયેલા છે જે 299 યુનિવર્સિટીઓ અને 42 (+2) વરિષ્ઠ ગૌણ પરિષદમાં ફેલાયેલા છે. સંખ્યામાં થયેલો આ વધારો રાષ્ટ્રીય સેવા યોજનાની પ્રવૃત્તિનું મહત્ત્વ દર્શાવે છે.

1947માં ભારતને આઝાદી મળી તે વખતે દેશ સમક્ષ અનેક પડકારો હતા જેમકે 80% લોકો ગામડામાં વસતા હતા અને ખેતીના વ્યવસાય સાથે જોડાયેલા હતા. ભયંકર ગરીબી અને બેકારી, નિરક્ષરતા, પરંપરાગત માન્યતાઓ, સામાજિક અને ધાર્મિક અંધશ્રદ્ધાઓ સમાજના વિકાસ માટેના અવરોધો હતા. દેશની આ સ્થિતિમાંથી બહાર લાવવા માટે માત્ર કાયદાઓ કારગત નિવડે તેમ ન હતા પરંતુ

દેશનું યુવાધન પોતાનામાં પડેલી શક્તિઓથી અવગત થાય અને પોતાના સમાજ પ્રત્યેની પોતાની ફરજો બજાવે તો જ ભારતીય સમાજને ઉપરોક્ત સમસ્યાઓમાંથી બહાર લાવી શકાય અને વિકાસ કરી શકાય. આવા ઉમદા હેતુસર રાષ્ટ્રીય સેવા યોજનાની શરૂઆત કરવામાં આવી હતી.

## 1.2 રાષ્ટ્રીય સેવા યોજનાના ઇતિહાસ જીવનદષ્ટિ - લક્ષ્ય અને હેતુઓ :

**(a) "રાષ્ટ્રીય સેવા યોજનાનો ઇતિહાસ :**

1969માં શરૂ‌ક થયેલી આ રાષ્ટ્રીય સેવા યોજના આજે ભારતના તમામ રાજ્યોની તમામ યુનિવર્સિટીઓમાં પ્રચાર અને પ્રસાર થયો છે. પરંતુ આ યોજનાના ઇતિહાસની તરફ દષ્ટિ કરીએ તો સને 1947માં જ્યારે દેશને આઝાદી મળી ત્યારે સમાજમાં પ્રવર્તતી સમસ્યાઓને નિવારવા માટે દેશના યુવાનો આ પ્રવૃત્તિમાં વધુને વધુ સંખ્યામાં જોડાય તેવા પ્રયત્નો કરવામાં આવ્યા હતા. આઝાદી સમયે તત્કાલીન રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી, પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરુ, રાજગોપાલચાર્ય, સર્વોપલ્લી રાધાકૃષ્ણન, પ્રો. કે.જી. સૈયુદીન, ડૉ. દોલતસિંહ કોઠારી, શ્રી સી.ડી. દેશમુખ, શ્રી વી.કે.આર.વી. રાવ જેવા સમાજ ચિંતકોના મનોમંથન તેમજ આના માટે યોજાયેલી અનેક કમીટીઓ (જે નીચે મુજબ છે)ના પ્રયત્નોના પરિણામે N.S.S. ની શરૂઆત 24 ઓક્ટોબર, 1969થી થઈ.

⇨ દેશના પ્રખર કેળવણીકાર અને સમાજચિંતક એવા ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના અધ્યક્ષપણા નીચે "વિશ્વ વિદ્યાલય અનુદાન આયોગ"ની રચન કરવામાં આવી આ આયોગે જે તે સમયની શિક્ષણ વ્યવસ્થા તેના પ્રશ્નો વિશે અભ્યાસ કર્યો અને પોતાનો અહેવાલ ભારત સરકારને સુપ્રત કર્યો જેમાં તેઓએ કોલેજોમાં અભ્યાસ કરતા યુવા ભાઈ-બહેનો સ્વેચ્છાએ સમાજ સેવાની પ્રવૃત્તિઓ કરે તેવું મંતવ્ય વ્યક્ત કર્યું હતું.

⇨ 1950ની સાલમાં કેન્દ્રિય શિક્ષણ સલાહકાર બોર્ડની બેઠક બોલાવવામાં આવી. આ બોર્ડ એ ઉપર્યુક્ત કમિશનનો અહેવાલ તથા વિદેશોમાં થતી યુવા પ્રવૃત્તિ અને શિક્ષણ તથા સમાજના ઉત્કર્ષ માટે જે કંઈ સંશોધનો થયા હતા તેનો અભ્યાસ કર્યો અને ભલામણ કરી હતી કે કોલેજોના વિદ્યાર્થીઓ અભ્યાસની સાથે સાથે સ્વૈચ્છિક રીતે જોડાય અને સમાજ ઉપયોગી કાર્યો કરે.

⇨ પ્રથમ પંચવર્ષીય યોજનામાં સૌપ્રથમ આ દિશામાં વિચારવામાં આવ્યું અને એવી આશા રાખવામાં આવી કે કોલેજોમાં અભ્યાસ કરતા યુવક-યુવતીઓ



એક વર્ષ સુધી સમાજોપયોગી પ્રવૃત્તિઓ કરે તે અંગેનું આયોજન કરવામાં આવે.

⇨ તત્કાલિન : વડાપ્રધાન પંડિત જવાહરલાલને પણ એમ લાગવા માંડ્યું હતુ કે હાલની પ્રવર્તમાન શિક્ષણ પદ્ધતિમાં રાષ્ટ્રપિતા પૂજ્ય ગાંધીજીએ જણાવેલી સમાજને ઉપયોગી હોય તેવી વિવિધ રચનાત્મક પ્રવૃત્તિઓનો તથા શ્રમદાન પ્રવૃત્તિઓનો સમાવેશ કરવો જોઈએ. દેશના યૌવનધનનું રાષ્ટ્ર પ્રત્યેની ફરજ તરફ ધ્યાન કેન્દ્રિત કરીને તેઓના વિચારશક્તિ સ્રોતને, સમાજોપયોગી દિશામાં વાળવામાં આવે. તેઓના શિક્ષણ મંત્રાલયને આ દિશામાં વિચારવા તથા યથાશક્ય ઝડપે એક મુસદ્દો તૈયાર કરી લાવવા જણાવ્યું. તેમણે કહ્યું કે કોલેજમાં અભ્યાસ કરતા યુવક-યુવતી માટે 'ડીગ્રી' મેળવવાની એક રાહતરૂપે સમાજસેવાની પ્રવૃત્તિ કરવા વિદ્યાર્થીઓને પ્રેરવા જોઈએ. આમ, સને 1948થી ચાલતી "સ્વેચ્છા' એ સમાજોપયોગી પ્રવૃત્તિ કરવાની વિચારધારામાં સને 1958ના વર્ષમાં તત્કાલીન વડાપ્રધાનશ્રીના સૂચનથી નવો વળાંક જોવા મળ્યો. શિક્ષણ મંત્રાલયે વડાપ્રધાનના સૂચનને માન આપીને એક મુસદ્દો તાત્કાલિક તૈયાર કર્યો.

⇨ ઈ.સ. 1967ના એપ્રિલ માસમાં પુનઃ એક વખત દેશભરના શિક્ષણ મંત્રીઓની પરિષદની બેઠક બોલાવવામાં આવી જેણે ડૉ. કોઠારી કમિશનના ઉપર્યુક્ત સૂચનને તથા અગાઉ થયેલી વિચારણાઓને લક્ષમાં રાખીને દેશમાં સર્વપ્રથમ વખત રાષ્ટ્રીય સેવા યોજનાનો નવતર કાર્યક્રમ વૈકલ્પિક વિષય તરીકે યુનિવર્સિટી કક્ષાએ દાખલ કરવા અનુરોધ કર્યો.

⇨ ચારેક માસ પછી તુર્તજ એટલે કે સપ્ટેમ્બર 1967 માં સમગ્ર દેશમાંની યુનિવર્સિટીઓના ઉપકુલપતિઓની પરિષદનું આયોજન કરવામાં આવ્યું. તેણે શિક્ષણ મંત્રીઓની પરિષદે કરેલી ઉક્ત ભલામણોને આવકારી અને તેમનો અમલ કરી રીતે કરવો કે જેથી દેશમાં એકસૂત્રતા પ્રવર્તે તે માટે ચોક્કસપણે વિચારીને નક્કર યોજના સૂચવવા ઉપકુલપતિઓની એક ખાસ સમિતિ રચવા ભલામણ કરી.

⇨ ભારત સરકાર તથા યુનિવર્સિટી ગ્રાંટ કમિશન દ્વારા દેશની કેટલીક યુનિવર્સિટીના, ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓમાં ભણતા વિદ્યાર્થીઓના પ્રતિનિધિઓની પરિષદની એક બેઠક બોલાવવામાં આવી. આ પરિષદમાં ઉપર્યુક્ત યોજના પરત્વે મુક્ત ચર્ચા કરવામાં આવી અને અંતે સર્વાનુમતે એવું ઠરાવવામાં આવ્યું કે 'રાષ્ટ્રીય એકતાના ઉંચા ધ્યેને આંબવા માટે' રાષ્ટ્રીય

સેવાની પ્રવૃત્તિ ખૂબજ અસરકારક સાધન બની શકે છે. આ પ્રવૃત્તિના ઉપક્રમે વિદ્યાર્થીઓને ગરીબી, અજ્ઞાનતા, ભૂખમરો, રોગથી પિડાતા ભારતીય ગ્રામજનોના ઉદ્ધાર માટે આ પ્રવૃત્તિના નેજા નીચે કોલેજોના વિદ્યાર્થીઓ જે કિંમતી ફાળો આપશે તે દેશ માટે ગૌરવપ્રદ અને શાશ્વત ચિહ્ન બની રહેશે. યુવાનોને રચનાત્મક માર્ગે વાળીને તેઓમાં રહેલી અદ્ભૂત શક્તિને બહાર કાઢવાની આ યોજનામાં ભરપૂર તકો રહેલી છે. યુવાશક્તિ વિનાશને માર્ગે જવાને બદલે સર્જનાત્મક પ્રવૃત્તિઓ કરવા પ્રતિ વળે તેની કાળજી આ યોજનામાં રાખવામાં આવશે અને વિદ્યાર્થીઓ દ્વારા સમાજસેવાના વિવિધ પ્રકલ્પો હાથ ધરવામાં આવે તેવી જોગવાઈ આ યોજનામાં કરવામાં આવશે. અખિલ હિંદ યુનિવર્સિટી વિદ્યાર્થી પરિષદે, ઉપર્યુક્ત ભલામણો સાથે "રાષ્ટ્રીય સેવા યોજના"ના વિચારને સર્વાનુમતે સ્વીકાર્યો એટલે ભારત સરકારના શિક્ષણ મંત્રાલયે આજદિન સુધીના ઉપર્યુક્ત ઠરાવો-વિચારો ભલામણો વગેરેને લક્ષમાં રાખઈને વિગતો નક્કી કરી અને ટૂંક સમયમાં જ યોજનાનો મુસદ્દો, તેનું સ્વરૂપ વગેરે નક્કી કરવામાં આવ્યું. ભારત સરકારના આયોજન પંચ દ્વારા દેશની આ નવીન તથા ખૂબ જ ઉપયોગી યોજનાને કાર્યાન્વિત કરવા સારું રૂા. પાંચ કરોડની માતબર રકમની જોગવાઈ, ચોથી પંચવર્ષીય યોજનામાં સૌ પ્રથમ વખત કરવામાં આવી અને જણાવ્યું કે દેશની કેટલીક જ યુનિવર્સિટીઓમાં પસંદ કરેલી કોલેજોમાં "પ્રયોગ સ્વરૂપે" આ યોજના શરૂ કરવી.

⇨ આયોજન પંચના આ સૂચનને ધ્યાનમાં રાખીને દેશની યુનિવર્સિટીઓ પૈકી પસંદ કરેલી 37 જેટલી યુનિવર્સિટીઓમાં અમલ કરવા માટે કેન્દ્ર સરકારના તત્કાલિન શિક્ષણમંત્રી શ્રી વી.કે.આર.વી. રાવે તા. 24 સપ્ટેમ્બર 1969ના દિવસે નિર્દેશ આપ્યો તથા દરેક રાજ્યના શિક્ષણ મંત્રીઓને અને મુખ્યમંત્રીઓને આ નવતર યોજના પોતે પોતાના રાજ્યમાં વિકાસ પામે તે માટે બધા જ પ્રયત્નો કરવા અને આ કાર્યક્રમને હૂંફ આપવા ડૉ. રાવે ખાસ વિનંતી કરી હતી. આ રીતે ગાંધી જન્મ શતાબ્દિ વર્ષની ઉજવણીના પર્વમાં, તેઓને ખૂબ જ ગમતી તેવી યુવાનો માટેની 'રાષ્ટ્રીય સેવા યોજના'નો શુભારંભ થયો. ગાંધીજીની ઈચ્છા અનુસારહવે, વ્યવસ્થિત રીતે યૌવનથી તરવરતા તથા ભાવનાના ધસમસતા પૂરથી અભિભૂત એવા યુવકો, યુવતીઓ આ યોજનાના ઉપક્રમે રચનાત્મક રીતે ગ્રામોદ્ધારની પ્રવૃત્તિઓ કરશે, અને સમાજને ઉપયોગી હોય તેવી વિવિધ શ્રમપ્રધાન પ્રવૃત્તિઓ કરશે તેવું સ્વપ્ન સાકાર થયું. હવે યુવાનો ગામડાઓમાં જશે, તેના વિવિધ પ્રશ્નો સમજશે,



દેશની હારૂણ ગરીબાઈ તથા અજ્ઞાનના પ્રત્યક્ષ દર્શન કરશે. ગામોને દત્તક લેશે અને કોલેજમાં મેળવેલા જ્ઞાનનો લાભ લોકોને આપશે. લોકશિક્ષણની પ્રક્રિયા હવે વધુ વ્યવસ્થિત રીતે હાથ ધરવામાં આવશે તેવી આશા બંધાઈ.

**(b) રાષ્ટ્રીય સેવા યોજનાના હેતુઓ :**

રાષ્ટ્રીય સેવા યોજના ભારત સરકારના શિક્ષણ અને રમત મંત્રાલય દ્વારા યુનિવર્સિટીઓ તથા કોલેજોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટેનો સમુદાય સેવાનો શૈક્ષણિક કાર્યક્રમ છે : રાષ્ટ્રીય સેવા યોજનાનો ધ્યેય વિદ્યાર્થીઓમાં સામાજીક જવાબદારીની ભાવના જાગૃત કરવાનો તથા સમુદાય સેવાના કાર્યોમાં સામેલ કરીને તેમને વિશિષ્ટ શૈક્ષણિક તક પૂરી પાડવાનો છે ઉપરાંત તેમની નીચેની બાબતો માટે તક પૂરી પાડવી :

(1) યુવાનો પોતાનામાં પડેલ શક્તિઓથી વાકેફ બને.
(2) લોકોની વચ્ચે અને સાથે કામ કરવું.
(3) યુવાનો સમાજ પ્રત્યેનું પોતાનું ઉત્તરદાયિત્વ સમજે.
(4) રચનાત્મક અને સર્જનાત્મક સામાજિક કાર્યમાં પ્રવૃત્ત થવું.
(5) સમુદાય તથા પોતાના અંગેનું વિદ્યાર્થીનું જ્ઞાન વધારવું.
(6) સમાજના પ્રશ્નો હલ કરવામાં પોતાના શિક્ષણનો અને આવડતનો ઉપયોગ કરવા વિદ્યાર્થીને પ્રેરવા.
(7) લોકશાહી નેતૃત્વ માટે જરૂરી શક્તિનો વિકાસ કરવો.
(8) સ્વરોજગારી મેળવી શકે તે હેતુથી કાર્યક્રમો વિકસાવવાની તથા ચલાવવાની શક્તિ કેળવવી.
(9) શિક્ષિત અને અશિક્ષિત સમૂહો વચ્ચે સેતુરૂપ બનવું.
(10) સમાજના નબળા વર્ગોની સેવા માટેની તમન્ના પેદા કરવી.
(11) આકસ્મિક કુદરતી દુર્ઘટનાઓ બને તો તાત્કાલિક પોતાની ફરજના ભાગરૂપે કાર્યમાં જોડાઈ જવું.

N.S.S. દ્વારા થતા સેવાનું કાર્ય એક એવું માધ્યમ છે કે જે સમાજના વિકાસમાં તો ભાગીદાર બને જ છે પણ તેની સાથે સાથે N.S.S. ના સ્વયંસેવકના વ્યક્તિત્વનોપણ વિકાસ કરે છે પરંતુ તે ત્યારે શક્ય બને કે જ્યારે વ્યક્તિ પોતાનામાં પડેલી શક્તિઓને પારખે, શિક્ષિત બને, સમાજ માટે સમર્પણની ભાવના રાખે

સમાજ પ્રત્યે પોતાની શું જવાબદારી છે તે સમજે અને અનેક પ્રકારના રચનાત્મક અને સર્જનાત્મક કાર્યો કરે ત્યારે ઉપરોક્ત ઉદ્દેશોમાં સફળતા પ્રાપ્ત થાય છે.

## 1.3 ચિહ્ન, ધ્વજ, મુદ્રાલેખ, ગીત, બિલ્લો વગેરે :


### (a) રાષ્ટ્રીય સેવા યોજનાનું સિદ્ધાંત વાક્ય (મુદ્રાલેખન - Motto of N.S.S.) :

રાષ્ટ્રીય સેવા યોજનાનું સિદ્ધાંત વાક્ય "હું નહીં પણ આપ" (Not me but you) છે. આ સિદ્ધાંત વાક્યનો અર્થ એવો કરવામાં આવે છે કે વ્યક્તિએ પોતાના સ્વાર્થના બદલે સમાજસેવાની જરૂરિયાતને પ્રાધાન્ય આપવું જોઈએ. આપણે સામેની વ્યક્તિનો આદર કરવો જોઈએ. સૌની તરફ સહાનુભૂતીભર્યું વલણ રાખવું જોઈએ અને હર-હંમેશ એ યાદ રાખવું જોઈએ કે વ્યક્તિનું કલ્યાણ સમાજના કલ્યાણથી જ થાય છે માટે સામેની વ્યક્તિનું હિત, કલ્યાણ ઇચ્છિને જ સૌનું કલ્યાણ કરી શકાય. જે કાંઈ સુખ, શાંતિ, લાભ, સગવડો મળે છે, તે મને નહિં પણ સૌને મળે એવું હું ઇચ્છું છું. આ સિદ્ધાંત વાક્યને દિન-પ્રતિદિન યોજાતા સમાજસેવાના કાર્યક્રમોમાં બધા જોઈ શકે, વાંચી શકે તે રીતે પ્રદર્શિત કરવામાં આવે છે. આમ, કરવાથી અન્ય યુવાનોને આપણે મોટીવેટ કરી શકીએ છીએ અને N.S.S. ની પ્રવૃત્તિઓને

### (b) રાષ્ટ્રીય સેવા યોજનાનું પ્રતિક (The Symbol of NSS) :

ઓરિસ્સામાં આવેલા કોણાર્કના સૂર્યમંદિરમાં દર્શાવવામાં આવેલા સૂર્યરથના પૈડાની તે પ્રતિકૃતિ છે. સૂર્યરથનું આ વિશાળ પૈડું સર્જન, સંરક્ષણ અને સંહારના ચક્રને તથા કાળ અને ગતિના મહત્વને વ્યક્ત કરે છે. રાષ્ટ્રીય સેવા યોજનાના આ પ્રતિકની ડિઝાઈન સૂર્યરથના ચક્રને સરળ કરીને રજૂ કરેલી છે. ચક્ર જે મુખ્યતઃ ગતિનું પ્રતિક છે. તે જીવનની પ્રગતિશીલતાને વ્યક્ત કરે છે. જેમકે ચક્ર ફર્યા કરે છે અને ગતિ કરે છે તે રીતે રાષ્ટ્રીય સેવા યોજનાની પ્રવૃતિ થતી રહે છે અને સમાજની પ્રગતિ થતી રહે છે. સમાજમાં ફરતા ચક્રની જેમ નિરંતર પરિવર્તન આવતું હોય છે. રાષ્ટ્રીય સેવા યોજનાનું પ્રતીક સતત પ્રયત્નશીલ બનવાનો પ્રચ્છન્ન સંકેત કરે છે. રાષ્ટ્રીય સેવા યોજનાનું પ્રતીક સૂચવે છે કે રથનું પૈડું જેમ રથ, સારથિ તથા તેમાં બેઠેલા અન્ય લોકોના ભારનું વહન કરે છે. તેજ રીતે રાષ્ટ્રીય સેવા યોજનામાં જોડાયેલા સર્વ કોઈ આ સમાજનો ભાર ઉપાડીને તેને વિકાસ કરફ લઈ જાય છે. ગતિ કરે છે. ભાર વહન કરનાર પૈડાની જેમ તેઓ સશક્ત હોય છે. અને ગમે તેવી વિટંબણાઓનો મુશ્કેલીઓને પહોંચી વળીને હંમેશા ગતિ કરવા રહે છે. રાષ્ટ્રીય સેવા યોજનાનું ચક્રનું પ્રતિક. પ્રગતિશીલતા, પરિવર્તન અને વિકાસ ભણી કૂચ કદમનું ધોતક છે.






(NSS નો બિલ્લો)

### (c) રાષ્ટ્રીય સેવા યોજનાનો બેઈઝ (The Buse of NSS) :

રાષ્ટ્રીય સેવા યોજનાનું ચક્ર પ્રતિક ધાતુના બિલ્લા ઉપર ઉત્કિર્ણ (Emboss) કરવામાં આવેલ છે. આ ચક્રમાં આઠ આરા (burr) હોય છે. રાષ્ટ્રીય સેવા યોજનાના સ્વયંસેવક દેખી શકાય તે રીતે પોતાના શર્ટના ખિસ્સાના ઉપરના ભાગે તથા બહેન સ્વયંસેવક સાડી, સ્કર્ટ કે ડ્રેસ ઉપર આગળના ભાગમાં દેખી શકાય તે રીતે પ્રવૃત્તિ કરતા હોય ત્યારે તો અનિવાર્ય રીતે બિલ્લો ધારણ કરવાનો હોય છે. આ બિલ્લાનું કદ તેના રંગો, ડિઝાઈન તથા તેની ધાતુ ભારત સરકાર દ્વારા નક્કી કરવામાં આવે છે. રાષ્ટ્રીય સેવા યોજનાના સ્વયંસેવકને તે મફત આપવામાં આવે છે. આ બિલ્લામાં લાલ, વાદળી, સફેદ રંગ હોય છે. અને આગળ જોયુ તેમ આઠ આરા હોય છે. ભારત સરકાર દ્વારા પ્રકાશિત રાષ્ટ્રીય સેવા યોજના સંહિતામાં જણાવ્યું છે તે પ્રમાણે બિલ્લામાં દર્શાવેલા આઠ આરા આઠ પ્રહાર એટલે 24 કલાકનું સૂચન કરે છે. અર્થાત્ આ બિલ્લાને ધારણ કરતાં સ્વયંસેવક ભાઈ-બહેન સમાજ સેવાની રાષ્ટ્રીય સેવા યોજનાની પ્રવૃત્તિ કરવા ચોવીસે કલાક માટે તત્પર છે. કેટલાક સ્થળોએ તો તોફાનો વખતે કરફ્યુ વખતે આકસ્મિક આફતો જેવી કે પૂર આવવું, આગ લાગવી, અકસ્માત થવો વગેરે વખતે રાષ્ટ્રીયસેવા યોજનાનો આ બિલ્લો ઓળખપત્રની ગરજ પણ સારે છે. આ બિલ્લામાં જે લાલ રંગ છે તે લોહીનું પ્રતિક છે. અર્થાત્ આ બિલ્લો ધારણ કરનાર રાષ્ટ્રીયસેવા યોજનાનો સ્વયંસેવક તંદુરસ્ત છે. ઉત્સાહથી ધમધમતો છે, તેનામાં સ્ફુતિ છે. તે સક્રિય છે, આમ બિલ્લાનો લાલરંગ ઉત્સાહ, સ્ફૂતિ, સક્રિયતા અને જીવંતપણાના ધોતક છે. વળી લાલ રંગ થોભો (STOP) ની ચેતવણી પણ આપે છે. એટલે કે ખરાબ કામો ન કરવા નશીલા પદાર્થોનું સેવન ન

કરવા ખરાબ ટેવો કે કુ વ્યસની ન બનવા બિભત્સ વર્તન કે વાણી ન ઉચ્ચારવા અણછાજતું કે અવિવેકી વર્તન ન કરવા પરસ્પર ઝઘડા ન કરવા વગેરે દુષકૃત્યોથી અટકી જવા ચેતવણી આપે છે. ભયનુ સિગ્નલ આપે છે. લાલબત્તી ધરે છે.

વાદળી રંગ બિલ્લામાં દર્શાવેલો તે બ્રહ્માંડનું સૂચન કરે છે. બ્રહ્માંડને જેમ કોઈ સીમા કે સીમાડો હોતા નથી તેજ રીતે રાષ્ટ્રીય સેવા યોજનાના સ્વયંસેવક માટે કોઈ પ્રાંત કે દેશનો સીમાડો હોતો નથી તેની પ્રવૃત્તિ તો બ્રહ્માંડ જેટલી વિશાળ છે. જગતના કોઈપણ ખૂણામાં થતી નાની મોટી દુર્ઘટના કે આપત્તિજનક બનાવ તેને સેવા કાર્ય કરવા પ્રેરિત કરી શકે છે. દા.ત. ગુજરાતનો સ્વયંસેવક, લાતુર (મહારાષ્ટ્ર)ના ધરતીકંપ પીડિત પ્રજાની વહારે ધસી જશે અને બિહાર કે મધ્યપ્રદેશનો કે દક્ષિણ ભારતનો રાષ્ટ્રીય સેવા યોજનાનો સ્વયંસેવક નર્મદા કિનારે કેવડિયા ખાતે આંતરભારતીના ઉપક્રમે યોજવામાં આવેલા (Greening The Hills) નામના ઐતિહાસિક શિબિરમાં વૃક્ષારોપણ કરે છે તથા પુનર્વસવાટના કામમાં સહયોગ આપે છે. આમ રાષ્ટ્રીય સેવા યોજનાના બિલ્લાધારી સ્વયંસેવકને સેવા કાર્ય કરવા માટે કોઈ સીમાડાઓ કે દેશ પ્રાંતના બંધન નડતા નથી જગત મારુ આખુ કુટુંબ છે. નો ઉત્કૃષ્ટ સંદેશો બિલ્લાનો વાંદળી રંગ વ્યક્ત કરે છે. એવો પણ તર્ક કરવામાં આવે છે કે બ્રહ્માંડની સરખામણીમાં જગત તો અલ્પ છે સુક્ષ્મ છે. તે જ રીતે બિલ્લાનો વાદળી રંગ સ્વયંસેવકને પણ પોતે એક નાથીજ સૂક્ષ્મ વ્યક્તિ છે. તેનું ભાન કરાવે છે. અર્થાત્, સ્વયં સેવકને મિથ્યાભિમાનથી પર રહીને પોતાનો સમસ્ત બ્રહ્માંડનો એકમાત્ર અંશ ગણીનો વિન્રમતાપૂર્વક સેવા કાર્ય નિષ્કામ લાવે કરવાનો સંદેશો આપે છે. બિલ્લાનો વાદળી રંગ વાદળનું પ્રતિક છે. જેમ ભૂરા આકાશમાં રહેલા વાદળા વરસાદ લાવીને તપ્ત ધરતીને તૃપ્ત કરે છે. શાંતિ આપે છે. સમૃદ્ધિ લાવે છે તે જ રીતે રાષ્ટ્રીય સેવા યોજનાનો બિલ્લો ધારણ કરેલો સ્વયં સેવક પણ પોતાના સેવા કાર્ય દ્વારા સમાજમાં શાંતિ પ્રસરાવવાનું સમાજમાં સમૃદ્ધિ વિકસાવવાનું ઉમદા કાર્ય કરવાનું હોય છે. બિલ્લામાંનો સફેદ રંગ શાંતિ, સ્વચ્છતા અને પવિત્રતાનું પ્રતિક છે.

**(d) રાષ્ટ્રીય સેવા યોજના ગાન :**

રાષ્ટ્રીય સેવા યોજનાના રજતજયંતિ વર્ષની યાદમાં N.S.S. નું ગીત રચવામાં આવેલ છે. જે બધાજ સ્વયં સેવકોએ કંઠસ્થ કરવાનું હોય છે અને રાષ્ટ્રીય સેવા યોજનાના દરેક પ્રકારના કાર્યક્રમમાં આ ગીત ગાવામાં આવે ચે. રાષ્ટ્રીય સેવા યોજનાના N.S.S. નું ગીત નીચે મુજબ છે.



## लक्ष्य गीत : राष्ट्रीय सेवा योजना

उठें समाज के लिए उठें-उठें
जगें स्वराष्ट्र के लिए जगें-जगें
स्वयं सजे वसुन्धरा संवार दें-2

हम उठें उठेगा जग हमारे संग साथियों
हम बढ़े तो सब बढ़ेगे अपने आप साथियों
जमीं पे आसमान को उतार दें-2
स्वयं सजें वसुन्धरा संवार दें-2

उदासियों को दूर कर खुशी को बांटते चलें
गाँव और शहर की दूरियों को पाटते चलें
ज्ञान को प्राचर दें प्रसार दें
विज्ञान को प्रचार दें प्रसार दें
स्वयं सजें वसुन्धरा संवार दें-2

समर्थ बाल वृद्ध और नारियाँ रहें सदा
हरे भरे वनों की शाल ओढ़ती रहे धरा
तरक्कियों की एक नई कतार दें-2
स्वयं सजें वसुन्धरा संवार दें-2

ये जाति धर्म बोलियाँ बनें न शूल राह की
बढ़ायें बेल प्रेम की अखंडता की चाह की
भावना से ये चमन निखार दें
सद्भावना से ये चमन निखार दें
स्वयं सजें वसुन्धरा संवाद दें-2

उठें समाज के लिए उठें-उठें
जगें स्वराष्ट्र के लिए जगें-जगें
स्वयं सजे वसुन्धरा संवार दें-2

### *Lakshya Geet*

Uthen Samaj Ke Liye Uthen - Uthen,
Jagen Swarashtra Ke Liye Jagen - Jagen
Swayam Saje Vasundhara Sanwar Den-2

Hum Uthen - Uthega jag Hamare Sang Sathiyo
Hum Badhen To Sab; Badhenge Apne Aap Sathiyo
Jamin Pe Aasmann Ko Utar Den-2
Swayam Saje Vasundhara Sanwar Den-2

Udasiyon Ko Door Kar Khushi Ko Bantte Chalen
Gao Aur Shahar Ki Duriyo Ko Patte Chalen
Gyan Ko Prachar De Prasar De
Vigyan Ko Prachar De Prasar Den
Swayam Saje Vasundhara Sanwar Den - 2

Samarth Bal Varidh Aur Nariyan Rahen Sada
Hare Bhare Vano Ki Oudhati Rahe Dhara
Tarakkiyon Ki Ek Nayi Katar Den-2
Swayam Saje Vasundhara Sanwar Den-2

Ye Jati Dharam Boliyon Bane No Shool Raah Ki
Vdhayen Bel Prem Ki Akhandata Ki Chaah Ki
Bhavana Se ye Chaman Nikhar Den
Swayam Saje Vasundhara Sanwar Den-2

Uthen Samaj Ke Liye uthen - Uthen
Jagen Swarashtra Ke Liye Jagen - Jagen
Swyam Saje Vasundhara Sanwar Den-2



યુનિટ 2

# રાષ્ટ્રીય સેવા યોજનાના કાર્યક્રમો અને માળખું

2.1 રચનાત્મક માળખું, રાષ્ટ્રીય સેવા યોજનાના અધિકારીઓ / કર્મચારીઓની કામગીરી અને જવાબદારીઓ

2.2 નિયમિત પ્રવૃત્તિઓ, વિશિષ્ટ શિબિર અને એકદિવસીય શિબિરના ખ્યાલો

## 2.1 રચનાત્મક માળખું, રાષ્ટ્રીય સેવા યોજનાના અધિકારીઓ / કર્મચારીઓની કામગીરી અને જવાબદારીઓ :

રાષ્ટ્રીય સેવા યોજનાનું સંચાલન મુખ્યત્વે ચાર વિભાગોમાં વિભાજીત કરવામાં આવેલ છે.

(1) કેન્દ્ર સરકાર

(2) રાજ્ય સરકાર

(3) વિવિધ યુનિવર્સિટીઓ

(4) વિવિધ કોલેજો અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ

આ ચારેય વિભાગો પોતપોતાની રીતે એક ચેનલ સ્વરૂપે એકબીજાની સાથે કો-ઓર્ડિનેશન કરીને રાષ્ટ્રીય સેવા યોજનાની પ્રવૃત્તિઓને અસરકારક અને ઉપયોગી બનાવવા પ્રયત્નો કરે છે. આ ચારેય સ્તરોની સંક્ષિપ્તમાં સમજૂતી નીચે મુજબ છે :

### (1) કેન્દ્ર સરકારનું વ્યવસ્થા તંત્ર :

**રાષ્ટ્રીય સેવા યોજનાની સ્થાપના :** માનવ સંસાધન વિકાસ મંત્રાલય (MHRD) : નવી દિલ્હી ખાતે યુવક પ્રવૃત્તિ અને ખેલ વિભાગ આવેલ છે. જેના ઉપક્રમે રાષ્ટ્રીય સેવા યોજનાની પ્રવૃત્તિ એક સમાન રીતે ચાલે તે માટે આયોજન અને જરૂરી સૂચનાઓ આપવામાં આવે છે.

દિલ્હી ખાતે રચવામાં આવેલા 'રાષ્ટ્રીય સેવા યોજના સેલ' તથા યુવક પ્રવૃત્તિ અને ખેલ વિભાગ અને એમ.એચ.આર.ડી. મંત્રાલયને મદદ કરવા સારું સમગ્ર દેશમાં અંદાજે 16 જેટલા "રાષ્ટ્રીય સેવા યોજના પ્રાદેશિક કેન્દ્રો"ની સ્થાપના અલગ અલગ રાજ્યોમાં કરવામાં આવેલી છે. જેના વડા મદદનીશ કાર્યક્રમ રીજીયોનલ ડાયરેક્ટર તરીકે ઓળખાય છે. તેઓને મદદ કરવા સારું અન્ય કર્મચારી ગણ આ કેન્દ્રમાં હોય છે.

**(2) રાજ્ય સરકાર :**

**રાજ્ય સંપર્ક અધિકારી (રાષ્ટ્રીય સેવા યોજનાની કચેરીની સ્થાપના) :**

રાજ્ય કક્ષાએ રાજ્ય સંપર્ક અધિકારીના (સ્ટેટ NSS ઓફીસરની કચેરી) રાષ્ટ્રીય સેવા સેલની સ્થાપના કેન્દ્ર સરકારના માર્ગદર્શન હેઠળ કરવામાં આવે છે. સ્ટેટ NSS સેલ રાજ્યની તમામ યુનિવર્સિટીઓ અને તમામ જિલ્લાઓની ઉચ્ચતમ માધ્યમિક શાળાઓમાં NSS ની પ્રવૃત્તિઓ માટે જરૂરી માર્ગદર્શન આપી NSS ની પ્રવૃત્તિઓને ગતિ આપવાનું કામ કરે છે. તેમજ કેન્દ્ર સરકારમાંથી આવતી ગ્રાન્ટની ફાળવણી અને નેશનલ કેટલાક વિશિષ્ટ એવા સ્ટેટ લેવલ, નેશનલ લેવલ તેમજ ઈન્ટરનેશનલ કાર્યક્રમોનું અમલીકરણ કરે છે.

યુનિવર્સિટી પાસેથી કોલેજોને અને રાજ્ય કક્ષાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટે પ્રોગ્રામ કો-ઓર્ડિનેટરના કાર્યલયમાંથી ઉચ્ચતર માધ્યમિક શાળાઓને રાષ્ટ્રીય સેવા યોજના એકમની મંજૂરી આપવામાં આવે છે. મંજૂરી મળ્યા પછી ઉત્સાહી અને સમાજ સેવા કાર્યમાં જેમને રસ હોય તે જ અધ્યાપક કે શિક્ષકને પ્રોગ્રામ ઓફીસર રાષ્ટ્રીય સેવા યોજના તરીકે તાલીમ આપવામાં આવે છે. આ તાલીમ લીધેલા પ્રોગ્રામ ઓફીસરના નેજા નીચે રાષ્ટ્રીય સેવા યોજના એકમની પ્રવૃત્તિ હાથ ધરવામાં આવે છે. તેમને સલાહ આપવા સારું, પ્રત્યેક કોલેજમાં તથા પ્રત્યેક ઉચ્ચતર માધ્યમિક શાળામાં, આચાર્યના અધ્યક્ષપણા નીચે "રાષ્ટ્રીય સેવા યોજના સલાહકાર સમિતિ"ની રચના કરવામાં આવે છે. જેમાં ગામના આગેવાન નાગરિકો પણ હોય છે.

આમ દેશ વ્યાપી રાષ્ટ્રીય સેવા યોજનાની પ્રવૃત્તિને એક સમાન રીતે ચલાવવા માટે કેન્દ્ર સરકારથી શરૂ કરીને છેક કોલેજ અને ઉચ્ચતર માધ્યમિક શાળા કક્ષાએ વ્યવસ્થિત રીતે વ્યવસ્થા તંત્ર સ્થાપવામાં આવેલું છે, જેને પરિણામે સમગ્ર દેશમાં રાષ્ટ્રીય સેવા યોજનાની પ્રવૃત્તિ વ્યવસ્થિત રીતે ચાલે છે. કેટલાક હેતુઓ સર રાજ્ય લેવલે સલાહકાર સમિતિની રચના કરવામાં આવે છે જેમાં નીચે મુજબના સમિતિના સભ્યો હોય છે.

⇨ **રાષ્ટ્રીય સેવા યોજનાની રાજ્ય સલાહકાર સમિતિ :**

રાજ્ય સલાહકાર સમિતિમાં નીચેની બાબતોને ધ્યાનમાં લેવામાં આવે છે.

(a) રાષ્ટ્રીય સેવા યોજના સંબંધિત બધી જ મહત્વની બાબતોની ચર્ચા વિચારણા થાય છે.

(b) પ્રતિ વર્ષની શરૂઆતમાં જ યુનિવર્સિટી અને +2 કક્ષાના સ્વયં સેવકોની ફાળવણી કરવી.



(c) રાષ્ટ્રીય સેવા યોજનાના વર્ષ દરમ્યાનના કાર્યક્રમો અને અંદાજપત્રને મંજૂરી આપવી.

(d) પસંદગીની કોલેજો અને ઉચ્ચ માધ્યમિક શાળાઓમાં રાષ્ટ્રીય સેવા યોજનાના ખાસ કાર્યક્રમો યોજવા.

(e) રાજ્ય કક્ષાના રાષ્ટ્રીય સેવા યોજનાના કાર્યક્રમોનું સંકલન, મૂલ્યાંકન અને વિહાંવલોકન કરવું.

(f) મદદનીશ પ્રોગ્રામ કો-ઓર્ડિનેટર અને પ્રોગ્રામ કો-ઓર્ડિનેટરના કાર્યોને પીઠબળ પૂરું પાડવું.

(g) તમામ કોલેજો અને માધ્યમિક શાળાઓના રાષ્ટ્રીય સેવા યોજનાના એકમોને અનુદાનની ફાળવણી કરવી.

⇨ **રાજ્ય સલાહકાર સમિતિ :**

(a) રાજ્યના શિક્ષણ વિભાગના સંબંધિત અધિકારી - અધ્યક્ષ

(b) શિક્ષણ વિભાગના અગ્રસચિવ - સભ્ય

(c) યુનિવર્સિટીઓના કુલપતિઓ અને +2 કક્ષની સલાહકાર સમિતિના રાજ્યના રાષ્ટ્રીય સેવા યોજના વિભાગના વડા - સભ્ય

(d) શિક્ષણ વિભાગના વડા, શિક્ષણ સચિવ તેમજ યુવા પ્રવૃતિ સાથેના રાજ્ય સરકારના વિવિધ વિભાગોના પ્રતિનિધિ - સભ્ય

(e) રાષ્ટ્રીય સેવા યોજના ના પ્રાદેશિક કેન્દ્રના વડા - સભ્ય

(f) રાહત કમિશ્નર

(g) TOC / TORC ના કો-ઓર્ડિનેટર્સ - સભ્ય

(h) રાષ્ટ્રીય સેવા યોજના ની સેવા કરતા સમાજ સેવકોના 2 પ્રતિનિધિ - સભ્ય

(i) પ્રોગ્રામ કો-ઓર્ડિનેટર સાથે આવેલ રાષ્ટ્રીય સેવા યોજનાના મહેમાન - સભ્ય

(j) રાષ્ટ્રીય સેવા યોજના ના રાજ્ય સંપર્ક અધિકારી - સભ્ય સચિવ

**(3) વિવિધ યુનિવર્સિટીઓ :**

સરકારશ્રીની ગાઈડલાઈન મુજબ દરેક યુનિવર્સિટીમાં રાષ્ટ્રીય સેવા યોજનાનો સેલ (વિભાગ)ની રચના કરવામાં આવે છે. આ વિભાગના વડા જેને પ્રોગ્રામ

કો-ઓર્ડિનેટર તરીકે ઓળખવામાં આવે છે. પ્રોગ્રામ કો-ઓર્ડિનેટર પોતાના તાબા હેઠળની કોલેજોમાં NSS ના સ્વયંસેવકોની ફાળવણી કરે છે અને વિવિધ પ્રકારની શૈક્ષણિક અને રચનાત્મક કાર્યક્રમો, કેટલાક જનજાગૃતિના કાર્યક્રમો અને સરકારની વિવિધ યોજનાઓ તમામ યુનિવર્સિટીના NSS ના સ્વયંસેવકોના માધ્યમો દ્વારા ઘર ઘર અને જન - જન સુધી પહોંચે તે માટેની જરૂરી સૂચનાઓ જે તે કોલેજના પ્રોગ્રામ ઓફિસરો દ્વારા આપવામાં આવે છે.

પ્રોગ્રામ કો-ઓર્ડિનેટર, કેટલાક નેશનલ લેવલના, સ્ટેટ લેવલના, ઇન્ટરનેશનલ લેવલના કાર્યક્રમોનું સંકલન તેમજ સહભાગીતા દાખવે છે અને સરકારશ્રી દ્વારા મળતી નિયમિત પ્રવૃત્તિઓની ગ્રાન્ટ ખાસ શિબિરની ગ્રાન્ટ કોલેજોને ફાળવે છે. વર્ષના અંતે ઓડિટેડ હિસાબો મંગાવી સરકારમાં જમા કરાવે છે. યુનિવર્સિટી લેવલે સ્ટેટ એડવાઇઝરી દરેક યુનિવર્સિટીઓમાં કેટલાક વિશિષ્ટ પ્રકારના કાર્યક્રમોનું અમલીકરણ કરવા, નવા નિયમો બનાવવા, કોલેજોને નવા યુનિટો ફાળવવા તથા વર્ષ દરમિયાન થયેલ ખર્ચ અને પ્રવૃત્તિઓની મંજૂરી અને બીજા કેટલાક નિર્ણયોના હેતુસર યુનિવર્સિટી લેવલે એડવાઇઝરી કમિટિની રચના કરવામાં આવે છે. જેમાં નીચે મુજબના કમિટિના સભ્યો હોય છે.

⇨ **યુનિવર્સિટી રાષ્ટ્રીય સેવા યોજનાની સલાહકાર સમિતિ :**

(a) યુનિવર્સિટીના કુલપતિ – અધ્યક્ષ

(b) રાજ્યના વહીવટી વિભાગના કમિશ્નર કે તેના પ્રતિનિધિ – સભ્ય

(c) યુનિવર્સિટીના કુલસચિવશ્રી – સભ્ય

(d) રાજ્યના શિક્ષણ વિભાગના નિયામક કે સચિવ તેમજ યુવા વિકાસ વિભાગના વડા – સભ્ય

(e) રાષ્ટ્રીય સેવા યોજનાના પ્રાદેશિક કેન્દ્રના વડા – સભ્ય

(f) TOC/TORC ના કો-ઓર્ડિનેટર્સ – સભ્ય

(g) અધ્યાપક પ્રતિનિધિ-3 – સભ્ય

(h) કોલેજના પ્રિન્સિપાલ-4 – સભ્ય

(i) વિદ્યાર્થી પ્રતિનિધિ-1 – સભ્ય

(j) પ્રોગ્રામ ઓફિસર-1 – સભ્ય

(k) રા.સે.વા. ના રાજ્ય સંપર્ક અધિકારી – સભ્ય



(l) સરકારી-બિનસરકારી સંસ્થાના પ્રતિનિધિ-5 – સભ્ય

(m) યુનિવર્સિટીના હિસાબી અધિકારી – સભ્ય

(n) યુનિવર્સિટીના રાષ્ટ્રીય સેવા યોજનાના પ્રોગ્રામ કો-ઓર્ડિનેટર – સભ્ય

ઉપરોક્ત પ્રમાણે સમિતિનું ગઠન જોતા જણાય છે કે યુનિવર્સિટી કક્ષાની સલાહકાર સમિતિ ઘણી મોટી અને વિસ્તૃત હોય છે. આ સમિતિમાં વિદ્યાર્થીના પ્રતિનિધિથી શરૂ કરીને કુલપતિશ્રી સુધી લગભગ બધાને સમાવવામાં આવ્યા છે જે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે રાષ્ટ્રીય સેવા યોજના સાથે સંકળાયેલ કે મદદ રૂપ બનતા હોય છે. આ વિશાળતા ધરાવતી સમિતિ દ્વારા લેવાતા નિર્ણયો સ્વાભાવિક રીતે જ યોગ્ય દિશા ના અને સચોટ હોય.

### (4) વિવિધ કોલેજો અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ

NSS એકમ ધરાવતી દરેક કોલેજોમાં રાષ્ટ્રીય સેવા યોજનાની સલાહકાર સમિતિની બેઠક સમગ્ર વર્ષ દરમ્યાન 2-3 વખત બોલાવવામાં આવે છે. કોલેજના યુવાનો, અન્ય કર્મચારીઓ NSS ની પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપે છે. સલાહકાર સમિતિમાં પ્રોગ્રામ ઓફિસર, નાણાકીય ખર્ચની રૂપરેખા તેમજ ભાવિ કાર્યક્રમોના આયોજનને સમિતિ સામે રજૂ કરે છે અને કેટલાક નવા આયોજનો સમિતિ સમક્ષ મૂકવામાં આવે છે. કોલેજ કક્ષાની આ સમિતિમાં સમિતિનું માળખું નીચે મુજબ છે.

(a) આચાર્ય / સંસ્થઆના વડા – અધ્યક્ષ

(b) સામાજિક સેવાના કાર્ય અને રાષ્ટ્રીય સેવા યોજના પ્રવૃત્તિ સાથે સંકળાયેલા હોય તેવા પ્રાધ્યાપક – સભ્ય

(c) જાહેર સભા વિભાગના પ્રતિનિધિ - 1 – સભ્ય

(d) દત્તક - ગામ - વિસ્તારની કલ્યાણ સેવા સંસ્થાના પ્રતિનિધિ-1 – સભ્ય

(e) સ્વયંસેવક પ્રતિનિધિ-2 – સભ્ય

(f) રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર – સભ્ય સિવાય

## 2.2 નિયમિત પ્રવૃત્તિઓ, વિશિષ્ટ શિબિર અને એકદિવસીય શિબિરનાં ખ્યાલો :

રાષ્ટ્રીય સેવા યોજનાની પ્રવૃત્તિઓ બે વિભાગમાં વહેંચવામાં આવેલ છે. જેમ કે (1) નિયમિત પ્રવૃત્તિઓ (2) ખાસ શિબિરની પ્રવૃત્તિઓ.

નિયમિત પ્રવૃત્તિઓમાં ગામને દત્તક લેવુ, પોતાની સંસ્થા ઝુંપડપટ્ટી વિસ્તાર જાહેર આ. ગમનના સ્થળો, જાહેર ધાર્મિક પર્યટક સ્થળો વગેરેની સાફ-સુફી અને મરામત, વૃક્ષારોપણ, રક્તદાન, મેડીકલ, ચેકઅપ જનજાગૃતિના કાર્યક્રમો. વ્યક્તિત્વ વિકાસની પ્રવૃત્તિઓ વગેરે પ્રકારની અનેકવિધ પ્રવૃત્તિઓ, શૈક્ષણિક કાર્ય સમય સિવાયના ફુરસદના ગાળામાં સ્વયં સેવકો પાસે કરાવી શકાય છે.


વર્ષ દરમિયાન દરેક કોલેજોએ એક ખાસ 7 દિવસીય વિશિષ્ટ શિબિરનું આયોજન કરવાનું હોય છે. સાત દિવસ સુધી વિદ્યાર્થીઓ કોઈ એક ગામમાં રોકાઈ પર્યાવરણ જાગૃતિ, સફાઈ, આરોગ્ય, નિરક્ષરતા, ધાર્મિક અંધશ્રદ્ધા, સામાજિક કુરિવાજો જેવા મુદ્દાઓ પર જનજાગૃતિના કાર્યક્રમો કરે છે અને આ સેવાના માધ્યમ દ્વારા ગામના લોકોમાં એક પરિવર્તનનો પ્રવાહ શરૂ થાય છે અને સાથે સાથે વિદ્યાર્થઈઓમાં પણ વ્યક્તિત્વનો વિકાસ થાય છે. દરેક કોલેજો વિવિધ હેતુઓને લક્ષમાં રાખઈને યુવાનો અને સમાજ બંને પક્ષે લાભ થાય એટલે કે સમાજની સેવા દ્વારા વ્યક્તિત્વનો વિકાસ થાય તેવા હેતુસર પોતાની કોલેજના નજીકના સ્થળે એક દિવસીય સેમિનાર. દા.ત., ચશ્મા વિતરણ, પર્યાવરણની જાગૃતિની શિબિર, વૃક્ષારોપણ શિબિર જેવી અનેક એકદિવસીય શિબિરોનું આયોજન કરવામાં આવે છે. આ તમામ મુદ્દાઓને હવે આપણે વિગતે પરિચય મેળવીશું.

### [1] નિયમિત પ્રવૃત્તિઓ :

#### (1) પ્રશિક્ષણ કાર્યશાળા (Orientation Programme) :

શૈક્ષણિક વર્ષની શરૂઆતમાં કોલેજમાં નવા જોડાયેલા વિદ્યાર્થીઓ માટે રાષ્ટ્રીય સેવા યોજના એ શું છે ? તેના હેતુઓ શું છે ? NSS નો ઇતિહાસ શું છે ? અને આ યોજનામાં કેવા પ્રકારના કાર્યો કરવાના છે ? અને આ કાર્યક્રમોમાં જોડાવાથી સમાજ સેવાની પ્રવૃત્તિઓના માધ્યમ દ્વારા અંતે યુવાનના વ્યક્તિત્વનો વિકાસ થાય છે એવી સંપૂર્ણ માહિતી ઓરિએન્ટેશન પ્રોગ્રામ કરીને આપવામાં આવે છે. આ કાર્યક્રમ કરવાથી યુવાનોને NSS ની પ્રવૃત્તિઓમાં જોડાવાની ઉત્સુકતા પેદા થાય છે અને સ્વૈચ્છિક રીતે જોડાવા માટે તત્પરતા દાખવે છે. ટૂંકમાં કહીએ તો NSS માં જોડાનાર યુવાનોને આ ઓરિએન્ટેશન પ્રોગ્રામ દ્વારા સંપૂર્ણ માહિતી આપવામાં આવે છે.






એન.એસ.એસ.ની વાર્ષિક પ્રવૃત્તિઓનું કેલેન્ડર

#### (2) કોલેજ કેમ્પસ પ્રવૃત્તિ :

રાષ્ટ્રીય સેવા યોજના દ્વારા પોતાની શૈક્ષણિક સંસ્થાના કેમ્પસને લાભદાયી હોય અને આ પ્રવૃત્તિઓ દ્વારા યુવાનોની પર્સનાલિટી ડેવલોપ થતી હોય, સંસ્થા પ્રત્યે પોતાનું શું ઉત્તરદાયિત્વ છે તેવા પ્રકારની વફાદારી છે તેની સભાનતા આવે તેવા પ્રકારની અનેક પ્રવૃત્તિઓ કોલેજ કેમ્પસમાં કરવામાં આવે છે જેવી કે વૃક્ષારોપણ, બ્લડ ડોનેશન, કેમ્પસ સફાઈ, કોલેજ કેમ્પસના નોટિસ બોર્ડ પર સુવાક્યો લખવા, પર્સનાલિટી ડેવલોપમેન્ટ અંગેનો વર્કશોપ કરવો, બ્લાઈન્ડ સ્ટુડન્ટને રાઈટર તરીકે સેવા આપવી, ડ્રગ્સ, HIV એઇડ્સ, ટ્રાફિક જાગૃતિ, પર્યાવરણ જાગૃતિ જેવા વિષયો પર બૌધિક વ્યાખ્યાનોનું આયોજન કરવું જેવી અનેકવિધ પ્રવૃત્તિઓ કોલેજ કેમ્પસમાં સમગ્ર વર્ષ દરમિયાન કરવામાં આવે છે.

**(3) સામાજિક સંસ્થાની મુલાકાત અને સેવાકીય પ્રવૃત્તિઓ :**

પોતાની કોલેજની આસપાસ આવેલી કેટલીક સામાજિક સંસ્થાઓ (NGO) ની મુલાકાત લઈને NSS ના યુવાનો જે તે સંસ્થા દ્વારા થતી સેવાકીય પ્રવૃત્તિઓનું જ્ઞાન પ્રાપ્ત કરે છે અને એ જોયા પછી યુવાનોને પણ સંસ્થા જે પ્રવૃત્તિઓ કરે છે એવી પ્રવૃત્તિઓ કરવાની પ્રેરણા મેળવે છે. અથવા સંસ્થાની સેવાકીય પ્રવૃત્તિઓમાં જોડાઈને સ્વૈચ્છિક સેવાઓ કરે છે. દા.ત., અંધજન મંડળ, અનાથ આશ્રમ, વૃદ્ધાશ્રમ, પર્યાવરણીય સંસ્થા, ગાંધીઆશ્રમ જેવી અનેક સંસ્થાઓ છે કે જે સંસ્થાની વિદ્યાર્થીઓ સમગ્ર વર્ષ દરમિયાન સમયાંતરે મુલાકાત લે છે, માહિતીઓ મેળવે છે અને સેવાકીય કાર્યો કરે છે.

**(4) જાહેર આરોગ્ય કેન્દ્રો :**

રાષ્ટ્રીય સેવા યોજના ના વિદ્યાર્થીઓ સરકારી હોસ્પિટલોની મુલાકાત લઈ સફાઈનું કામ કરે છે. દર્દીઓની સેવા કરે છે અને દર્દીઓ સાથે વાર્તાલાપ કરી દર્દીઓને માનસિક રીતે મજબૂત બને તેવું કાર્ય કરે છે.

**(5) વિવિધ પર્વોની ઉજવણી :**

રાષ્ટ્રીય સેવા યોજના ના વિદ્યાર્થીઓ કોલેજ કેમ્પસમાં, દત્તક ગામોમાં, દત્તક સ્લમ્સ એરિયામાં અથવા જાહેર જગ્યાઓ પર જઈને આપણા દેશના વિવિધ પર્વોની ઉજવણી કરી તેનું મહત્ત્વ સમજાવે છે. આવા પર્વોની ઉજવણી થકી સમાજમાં એક પ્રકારની દેશ ભક્તિનું વાતાવરણ ઉભુ થાય છે. રાષ્ટ્રીય સેવા યોજના દ્વારા નીચે મુજબના રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પર્વોની ઉજવણી કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| 1. | રાષ્ટ્રીય યુવા દિવસ | 12 જાન્યુઆરી |
| 2. | પ્રજાસત્તાક દિવસ | 26 જાન્યુઆરી |
| 3. | ગાંધી નિર્વાણ દિવસ | 30 જાન્યુઆરી |
| 4. | માતૃ દિવસ | 20 ફેબ્રુઆરી |
| 5. | વિશ્વ મહિલા દિવસ | 8 માર્ચ |
| 6. | દાંડીકૂચ | 12 માર્ચ |
| 7. | વિશ્વ વન દિવસ | 21 માર્ચ |
| 8. | વિશ્વ આરોગ્ય દિવસ | 7 એપ્રિલ |
| 9. | શ્રમદિવસ, ગુજરાત સ્થાપના દિવસ | 1 મે |
| 10. | આતંકવાદ વિરોધ દિવસ | 21 મે |
| 11. | તમાકુ નિષેધ દિવસ | 31 મે |
| 12. | વિશ્વ પર્યાવરણ દિવસ | 75 જુન |
| 13. | વિશ્વયોગ દિવસ | 11 જુલાઈ |
| 14. | વિશ્વ વસ્તી દિવસ | 11 જુલાઈ |
| 15. | યુવક દિવસ | 9 ઓગસ્ટ |
| 16. | સ્વાતંત્ર્ય દિવસ | 15 ઓગસ્ટ |
| 17. | સદ્દભાવના દિવસ | 20 ઓગસ્ટ |
| 18. | શિક્ષક દિવસ | 5 સપ્ટેમ્બર |
| 19. | વિશ્વ સાક્ષરતા દિવસ | 8 સપ્ટેમ્બર |
| 20. | હિન્દી દિવસ | 14 સપ્ટેમ્બર |
| 21. | વિશ્વ શાંતિ દિવસ | 15 સપ્ટેમ્બર |
| 22. | રાષ્ટ્રીય સેવા યોજના દિવસ | 24 સપ્ટેમ્બર |
| 23. | રાષ્ટ્રીય રક્તદાન દિવસ | 1 ઓક્ટોબર |
| 24. | ગાંધી જંયતિ / સામાજિક સમતા દિવસ | 2 ઓક્ટોબર |
| 25. | વિશ્વ અન્ન દિવસ | 16 ઓક્ટોબર |
| 26. | સંયુક્ત રાષ્ટ્રસંઘ સ્થાપના દિવસ | 24 ઓક્ટોબર |
| 27. | જવાહરલાલ નહેરુ જયંતી / બાળ દિવસ | 14 નવેમ્બર |
| 28. | રાષ્ટ્રીય એક્તા દિવસ | 19 નવેમ્બર |
| 29. | વિશ્વ સદ્દભાવના દિવસ | 21 નવેમ્બર |
| 30. | વિશ્વ એઈડ્સ દિવસ | 1 ડિસેમ્બર |
| 31. | શ્રમિક દિવસ | 4 ડિસેમ્બર |
| 32. | વિશ્વ મહિલા હક્ક દિવસ | 10 ડિસેમ્બર |



**(6) દત્તક ગામ પ્રવૃત્તિ :**

રાષ્ટ્રીય સેવા યોજના પ્રવૃત્તિ દ્વારા ત્રણ વર્ષ માટે કોઈ એક ગામ દત્તક લઈને તેનો સર્વે કરીને તે ગામમાં અનેક પ્રકારના સેવાકીય, શૈક્ષણિક અને રચનાત્મક કાર્યક્રમો કરીને લોકોમાં જાગૃતિ લાવવા માટે પ્રયત્નો કરવામાં આવે છે. દત્તક ગામમાં વિશેષતઃ NSS ના યુવાનો નીચે મુજબની પ્રવૃત્તિઓ કરે છે.

- પ્રૌઢ શિક્ષણ દ્વારા નિરક્ષરતા નાબૂદી
- બાળ તંદુરસ્તી અને બાળકોમાં સફાઈના ખ્યાલો વિકસે તેવા પ્રકારની પ્રવૃત્તિ.
- સફાઈ અભિયાન અને કચરા પેટીના વિતરણની પ્રવૃત્તિ.
- દરેક ઘરે શૌચાલય બને અને લોકો શૌચાલયનો ઉપયોગ કરે તેવી આદત પાડવી તે માટેના કાર્યક્રમો.
- ધાર્મિક અંધશ્રદ્ધાઓ અને સામાજિક કુરિવાજો નાબુદી માટેના કાર્યક્રમો કરવા.
- જ્ઞાતિપ્રથા અને અસ્પૃશ્યતા દૂર થાય તે પ્રકારના કાર્યક્રમો.
- સ્કૂલોમાં ડ્રોપ-આઉટ રેશિઓ ઓછો થાય તે માટેના કાર્યક્રમ
- સરકારી યોજનાઓનો લાભ લોકોને મળે તેનો પ્રચાર-પ્રસાર થાય તે પ્રકારના કાર્યક્રમો
- ગામના રોડ અને તળાવોના કન્સ્ટ્રક્શન કામમાં શ્રમ કાર્ય કરવું.

જેવા અનેક વિધ કાર્યક્રમો દત્તક ગામોમાં કરવામાં આવે છે.

**(7) હેલ્થ ચેકઅપ કેમ્પ :**

રાષ્ટ્રીય સેવા યોજના દ્વારા ફ્રી ઓફ હેલ્થ ચેકઅપ કેમ્પ અને આઈ ચેકઅપ કરીને મફતના ચશ્મા વિતરણના કાર્યક્રમો કરવામાં આવે છે.

**(8) આકસ્મિક સેવાઓ :**

રાષ્ટ્રીય સેવા યોજનાના વિદ્યાર્થીઓ કોઈ કુદરતી આકસ્મિક દુર્ઘટના બને ત્યારે રાત કે દિવસ, ઠંડી કે ગરમીની ચિંતા કર્યા વગર 24 કલાક સેવાના કાર્યોમાં લાગી જાય છે. દા.ત., 2001માં કચ્છમાં ભૂકંપ આવ્યો ત્યારે, સુરતમાં ભયંકર પૂર આવ્યુ અને જાનહાની થઈ ત્યારે, બનાસકાંઠાના ધાનેરામાં પૂર આવ્યું અને ભયંકર જાનહાનિ થઈ ત્યારે NSS ના યુવાનોએ પ્રશંસનીય સેવાના કાર્યો કર્યા છે.

**(9) સ્લમ્સ એરિયાની સેવાકીય પ્રવૃત્તિઓ :**

NSS ના યુવાનો સ્લમ્સ એરિયામાં જઈને જરૂરિયાત મંદ વ્યક્તિને ગરમ કપડાનું વિતરણ, ગરીબ બાળકોને નોટબુકોનું વિતરણ તેમજ સ્લમ્સ એરિયાની સફાઈ કરી સેવાના કાર્યો કરે છે.



**(10) ધાર્મિક તહેવારોની ઉજવણી :**

રાષ્ટ્રીય સેવા યોજનાના વિદ્યાર્થીઓ ધાર્મિક તહેવારો જેવા કે રક્ષાબંધન, જન્માષ્ટમી જેવા તહેવારોની ઉજવણી, અનાથ આશ્રમો, વૃદ્ધાશ્રમ તેમજ સ્લમ્સ એરિયામાં જઈને કરતા હોય છે. આવા તહેવારોની ઉજવણીથી લાગણીશીલ સંબંધો ઊભા થાય છે.

**(11) ટ્રાફિક જાગૃતિ :**

રાષ્ટ્રીય સેવા યોજનાના વિદ્યાર્થીઓ ટ્રાફિક અવેરનેસ માટે પોતાની કોલેજમાં વ્યાખ્યાયનોનું આયોજન તો કરે જ છે પરંતુ તે ઉપરાંત ટ્રાફિક વિસ્તારોમાં જઈ ટ્રાફિકના નિયમોનો ભંગ કરનાર લોકોને ગુલાબનું ફૂલ આપી "હવે પછી ટ્રાફિકના નિયમનો ભંગ ન કરતા હો !" તેવો સંદેશો આપે છે એટલે કે નિયમોથી નહીં પણ પ્રેમની ભાષાથી સમજાવે છે.

**(12) પર્યાવરણ જાગૃતિ :**

રાષ્ટ્રીય સેવા યોજના દ્વારા પર્યાવરણની જાગૃતિ માટે સમગ્ર વર્ષ દરમિયાન અનેક કાર્યક્રમોનું આયોજન થાય છે. દા.ત., સ્લોગનો સાથે પર્યાવરણ બચાવો અંગેની રેલી કાઢવી, પ્લાસ્ટિકનો અનાદર કરવો, જાહેર રસ્તાઓની સફાઈ કરવી, વૃક્ષારોપણ કરવું, જેવા અનેકવિધ કાર્યક્રમો કરવામાં આવે છે.

**(13) વ્યસન મુક્તિ :**

રાષ્ટ્રીય સેવા યોજનાના વિદ્યાર્થીઓ દ્વારા વ્યસન મુક્તિના અનેક કાર્યક્રમો કરવામાં આવે છે. કોલેજના યુવાનો પોતે પણ વ્યસનથી દૂર રહે અને સમાજના લોકોને પણ દૂર રાખવા માટે વ્યસન મુક્તિને લગતા અનેક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.

**(14) નેશનલ લેવલના કાર્યક્રમોનું આયોજન અને સહભાગી :**

રાષ્ટ્રીય સેવા યોજના સાથે જોડાયેલા વિદ્યાર્થીઓ પોતાના સ્ટેટમાં કામ કરે છે તે ઉપરાંત નેશનલ લેવલે યોજાતા કાર્યક્રમોમાં ભાગ લેતા હોય છે. જેમકે નેશનલ યુથ ફેસ્ટિવલ, મેઘા કેમ્પ, NIC કેમ્પ, એડવેન્ચર કેમ્પ વગેરે તેમજ RDI અને Pre RD માં ભાગ લે છે.

(15) રાષ્ટ્રીય સેવા યોજનાના વિદ્યાર્થીઓ મતદાન જાગૃતિ અંગે ખૂબ જ મહત્ત્વનું કામ કરે છે. મતદાન જાગૃતિ અને ઈલેક્શન કાર્ડ કાઢી આપવા માટે દરેકના ઘરની પ્રત્યક્ષ મુલાકાત લઈને આ કામ કરતા હોય છે. તેમજ મોટી માત્રામાં મતદાન થાય, મતાદન એ દરેકનો અધિકાર છે. એવી જાગૃતિ આવે તે માટે રેલી, ડ્રામાના કાર્યક્રમો કરે છે.

**[2] ખાસ શિબિર :**

ખાસ શિબિર પ્રવૃત્તિને રાષ્ટ્રીય સેવા યોજનાના અભિન્ન અંગ તરીકે ગણવામાં આવે છે. તેની પોતાની આગવી અસર છે. કેમ કે આ એક જ એવી પ્રવૃતિ છે કે જે વિદ્યાર્થીને સમાજને ઉપયોગી હોય તેવી "બહારની પ્રવૃત્તિ" કરવાની અદ્વિતીય તક પૂરી પાડે છે. આ ઉપરાંત આ પ્રવૃત્તિ તેને રાષ્ટ્રના નિર્માણની તેમજ પોતાના બાંધવોની સેવા કરવાની ઉમદા તક પૂરી પાડે છે. અલગ અલગ સ્થળોએથી આવેલા અને જેઓની જાતિ, લિંગ, ધર્મ અને ભાષા ભિન્ન છે. તેઓ બધાને એક સાથે રહેવાની અને બધાને સાથે હળીમળીને સેવા કાર્ય કરવાની તક શિબિર જીવનમાં મળે છે. નવી જ બદલાયેલી પરિસ્થિતિ કે નવા જ વાતાવરણમાં સાનુકૂલન સાધવાની પડકારરૂપ તથા ચુનૌતીપૂર્ણ પરિસ્થિતિમાંથી કઈ રીતે માર્ગ કાઢવો તે ખાસ શિબિરમાં શીખવા મળે છે. વળી પરસ્પર સાનુકૂલન સાધઈને, કઈ રીતે ઉમદા શિબિર જીવન જીવી શકાય છે તેનો પણ અહીં જાત અનુભવ કરવાની તક મળે છે. શિબિર પ્રવૃત્તિ વિદ્યાર્થીઓમાં ચારિત્ર્ય નિર્માણ, સાહસ, આત્મવિશ્વાસ, મૈત્રી, ભ્રાતૃભાવ, નિર્ણય લેવાની ક્ષમતા, લોકસાહી વલણ, ચાતુર્ય વાસ્તવિકતાને તટસ્થ રીતે ઓળખવી અને નેતૃત્વ જેવા ગુણોનો વિકાસ થાય તેમાં સહાયક બને છે. ખાસ તો "સમાજસેવાના કાર્યકરમો દ્વારા શિક્ષણ આપવું" તે મુખ્ય હેતુને લક્ષમાં રાખીને જ ખાસ શિબિર પ્રવૃત્તિ હાથ ધરવામાં આવે છે. જે વિદ્યાર્થીઓના દષ્ટિકોણને વ્યાપક બનાવવામાં સહાયક બને છે અને તેઓમાં રાષ્ટ્રીય ચેતના તથા સામાજિક જવાબદારીની ભાવનાનો વિકાસ કરે છે. ખાસ શિબિર પેલા નવા મૂલ્યોના આવિર્ભાવમાં પણ સહાયક બને છે કે જે શ્રમનું ગૌરવ એક પૂર્ણ સામાજિક દષ્ટિકોણ તથા પોતાના જ સહયોગીઓ માટે સમર્પિત સેવા ભાવ પર જોર આપે છે.

**⇨ ખાસ શિબિર પ્રવૃત્તિ અંગે દિશા - નિર્દેશ :**

ઐતિહાસિક પરિપ્રેક્ષ્ય : સને 1976-77ના વર્ષથી રાષ્ટ્રીય સેવા યોજનામાં ગ્રામ પુનઃ નિર્માણ અને સમાજના આર્થિક અને સામાજિક રીતે પછાત લોકોની સ્થિતિમાં સુધારાના કાર્યક્રમો હાથ ધરવામાં આવેલા હતા અને તેના ઉપર ખાસ જોર મૂકવામાં આવેલું હતું. પરિણામ સ્વરૂપ, સને 1976-77 ના વર્ષથી જે કોઈ ખાસ શિબિરો રાષ્ટ્રીય સેવા યોજનાના ઉપક્રમે યોજવામાં આવતા હતા તેનો મુખ્ય વિષય "ગ્રામીણ પુનર્નિર્માણ માટે યુવાનો" રહ્યો હતો. સને 1981-82 થી છેક 1984-85ના વર્ષ સુધી આ પ્રમાણે શિબિરો ઉપર્યુક્ત ઉદ્દેશથી કરવામાં આવતા હતા. કેટલાક પસંદ કરેલા રાજ્યોમાં આ ઉદ્દેશ ઉપરાંત પારિસ્થિતિકી વિકાસ શિબિર પણ રાષ્ટ્રીય સેવા યોજનાના ઉપક્રમે ખાસ શિબિર અંતર્ગત કરવામાં આવ્યા હતા. આ શિબિરોમાં સ્વયં સેવકોએ પસંદ કરેલા ક્ષેત્રોમાં પારિસ્થિતિકી વિકાસ તથા પર્યાવરણ



સંબંધી સુધારણા માટે પ્રશંસનીય કાર્ય કર્યું હતું. એવું માનવામાં આવે છે કે ગ્રામીણ ક્ષેત્રોના પુનઃ નિર્માણ તથા સમાજના આર્થિક તથા સામાજિક રીતે નબળા વર્ગોની જીવન દશા સુધારવા માટે કંઈ કેટલાયે વર્ષો સુધી સંગઠિત પ્રયાસો કરવા પડશે તેથી જ "ગ્રામીણ પુનઃ નિર્માણ માટે યુવાનો" કાર્યક્રમ ચાલુ રહેશે અને આ મુખ્ય વિષયના અંતર્ગત ખાસ શિબિરો યોજવામાં આવે છે. યુનિવર્સિટી તથા કોલેજોએ આ બાબત અન્ય વિકાસ માટેના વિભાગો સાથે તથા સ્થઆનિક અધિકારીઓ, સત્તા મંડળો વગેરે સાથે મળીને અગત્યનો ભાગ ભજવે છે. સઘન સામાજિક તેમજ આર્થિક વિકાસ માટે આ બધા કોઈ ગામડાને અથવા સ્લમ વિસ્તારને દત્તક લે છે કે જ્યાં તેઓ દ્વારા વર્ષો વર્ષ "ખાસ શિબિરો'નું આયોજન કરીને, ગ્રામ સમુદાય માટે ટકાઉ અને નક્કર મિલકત ઉભી કરવામાં આવે છે અને આમ ગામમાં રાષ્ટ્રીય સેવા યોજનાની વિવિધ પ્રવૃત્તિઓ કરવા માટે કાયમી ગ્રામીણ કેન્દ્રનો પ્રાદુર્ભવ થાય છે.

**⇨ ખાસ શિબિરના આયોજન માટેની સૂચનાઓ :**

1. પ્રત્યેક કોલેજે શિબિર યોજવો આવશ્યક છે નહીં તો વિદ્યાર્થીને NSS માં જોડાયા બાબતનું સર્ટીફીકેટ મળશે નહીં.
2. શિબિરમાં આંતરકોલેજ શિબિરાર્થી વિનિમય કાર્યક્રમ હેઠળ પાંચ શિબિરાર્થીઓને પરસ્પર કોલેજમાં મોકલવા ફરજિયાત છે. આ માટેનું ખર્ચ સામસામે એડજેસ્ટ કરવાનું રહેશે. 5 વિદ્યાર્થી કઈ કોલેજના સમાવિષ્ટ કરશે તે આયોજનમાં દર્શાવ્યું હશે તો જ આયોજન મંજૂર કરવામાં આવશે.
3. શિબિર પૂરા 7 (સાત) દિવસનો રાષ્ટ્રીય એકતા અને ગ્રામોત્થાન ઉપર યોજવાનો છે.
4. ગ્રામ આરોગ્ય અને સફાઈના પ્રોજેક્ટ માટે તાલુકા પંચાયત અને લાયસન્સ કલબ સાથે મળીને આયોજન કરવા વિનંતી છે. જેથી જરૂરી નાણાકીય સહાય મળી શકે.
5. શિબિરમાં 1 એકમ તમામ ખર્ચ માટે 7 દિવસના રૂા. 22,500 ગ્રાન્ટ મળશે. સરકાર તરફથી સુધારો સૂચવાશે ત્યારે તે પ્રમાણે ચૂકવાશે.
6. શિબિરમાં આખા એકમ માટે 50 અને બે એકમ માટે 100 સંખ્યાની ગ્રાન્ટ ઉપરના ધોરણ પ્રમાણે ફાળવી શકાશે. આ સિવાય વધારાની ગ્રાન્ટ યુનિવર્સિટી ફાળવી શકશે નહીં. જો ગ્રાન્ટ વધશે તો જ કોલેજ અગાઉથી અલગ માંગણી કરશે અને ફાજલ સંખ્યા હશે તો ફાળવી શકાશે.
7. યુનિવર્સિટીને એકવાર આયોજન મોકલ્યા પછી તેમાં કંઈપણ ફેરફાર થાય તો તેની જાણ યુનિવર્સિટીને, શ્રી સહ કાર્યક્રમ સલાહકાર, NSS રિજિયોનલ

સેન્ટર, તથા શ્રી રાજ્ય સંપર્ક અધિકારી, NSS ઉચ્ચ શિક્ષણ નિયામક શ્રીની કચેરી, બ્લોક નંબર 12, બીજા માળે, જુના સચિવાલય, ગાંધીનગરને બારોબાર અચૂક કરવી જેથી મુલાકાત લેવામાં તેમને મુશ્કેલી પડે નહીં.

8. શિબિર સ્થળે પહોંચવા માટેના બસ કે રેલ્વેના રૂટ જણાવવા વિનંતી જેથી શિબિર સ્થળની મુલાકાતમાં સરળતા રહે.

9. કોલેજને શિબિર માટે જે સંખ્યા ફાળવી હોય તેમાંથી 5 ટકા સ્થાનિક યુવકો લઈ શકાશે.

10. શિબિરમાં કન્સેશનનો લાભ લેવા વિનંતી.

⇨ **શિબિરની દિનચર્યા :**

રાષ્ટ્રીય સેવા યોજનાની શિબિરમાં કરવામાં આવતી પ્રવૃત્તિઓ માટે 7 (સાત) દિવસના કાર્યક્રમોની કાર્યસૂચિ નીચેના ફોર્મેટ પ્રમાણે બનાવવી ખૂબ જરૂરી છે. અને સાતે સાત દિવસ આ ફોર્મેટ મુજબ કાર્યક્રમો થતા રહે તેવો ચુસ્તપણે પાલન કરવાનું હોય છે. જો આવી કાર્યસૂચિ અગાઉથી બનાવવામાં ન આવે તો સમયનો વ્યય થાય છે અને ગામના લોકોનો જોઈએ તેવો સહકાર મળતો નથી. માટે નીચેના પોર્મેટ પ્રમાણે સાત દિવસની કાર્યસૂચિ શિબિર શરૂ થયા પહેલા તૈયાર કરવી ખૂબ જરૂરી છે.

| | |
|---|---|
| 4 - 45 | ઉત્થાન |
| 4 - 45 થી 5 - 30 | પ્રભાત ફેરી |
| 5 - 30 થી 6 - 00 | પ્રાર્થના અને સૂચનાઓ |
| 6 - 00 થી 6 - 45 | શૌચાદિ |
| 6 - 45 થી 7 - 30 | યોગ |
| 7 - 30 થી 8 - 00 | નાસ્તો |
| 8 - 00 થી 12 - 00 | પ્રોજેક્ટ વર્ક |
| 12 - 00 થી 1 - 00 | ભોજન |
| 1 - 00 થી 3 - 00 | સ્નાન |
| 3 - 00 થી 4 - 00 | બૌદ્ધિક વ્યાખ્યાન |
| 4 - 00 થી 4 - 30 | વ્યાખ્યાન-સ્વાધ્યાય-પ્રશ્નોત્તરી |
| 4 - 30 થી 6 - 30 | સર્વેક્ષણ, લોકસંપર્ક અને રમતગમત |
| 6 - 30 થી 7 - 30 | ભોજન |
| 7 - 30 થી 8 - 00 | સ્વૈરવિહાર |
| 8 - 00 થી 10 - 00 | સમાચાર અને સાંસ્કૃતિક કાર્યક્રમ |
| 10 - 00 થી 4 - 45 | શયન |



⇨ **ખાસ શિબિરની પ્રવૃત્તિઓ :**

રાષ્ટ્રીય સેવા યોજનાના યુવાનો દ્વારા ગ્રામજન જાગૃતિ માટે ખાસ શિબિરનું આયોજન કરવામાં આવે છે. એ શિબિરમાં વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓ થાય છે. જેનો સંક્ષિપ્તમાં પરિચય મેળવીશું.

**(1) પ્રભાત ફેરી :**

શિબિર દરમિયાન સાતે સાત દિવસ NSS ના વિદ્યાર્થીઓ સવારે વહેલા પાંચ વાગ્યે નીચે એક નમૂનારૂપ લખેલી ધૂન જેવી અનેક ધૂનો સાથે પ્રભાત ફેરી ગામમાં ફરે છે. જેના કારણે સૂર્યોદય થતા પહેલા એક ધાર્મિક વાતાવરણ ઉભુ થાય છે.

ત્યારબાદ તરત જ વિદ્યાર્થીઓ શિસ્તબધ્ધ રીતે ગામના ચોકમાં બેસી સર્વધર્મ પ્રાર્થના, ભજન અને ધૂન ગાય છે. જેમાં ગામના યુવાનો પણ જોડાઈ જાય છે. આ આધ્યાત્મિક વાતાવરણના કારણે સમાજ સુધારણા માટે ગયેલા યુવાનો અને ગામના લોકો વચ્ચે ભાવાત્મક સંબંધો પ્રસ્થાપિત થાય છે. આ શિબિરનું એક પ્રથમ ચરણ છે. (શિબિર દરમિયાન ગવાતી સર્વધર્મ પ્રાર્થના, ભજનો, ધૂન અને વિદાયગીત પુસ્તકના છેલ્લા પાને લખેલ છે.)

**(2) પર્યાવરણ જાગૃતિ :**

પર્યાવરણની જાગૃતિ માટે યુવાનોએ શિબિર દરમિયાન નીચે મજુબની પ્રવૃત્તિઓ અને કાર્યક્રમો હાથ ધરવામાં આવે ચે.

- વૃક્ષો વાવવા, તેની ફરતે ક્યારા બનાવવા, તેની માવજત કરવી અને ગામની ફરતે મોટા વૃક્ષો છે તેને ખળી અને ચૂનાનો કલર કરવો.
- સમાજમાં વૃક્ષોનું શું મહત્ત્વ છે તે સમજાવવા માટે કેટલાક વિશિષ્ટ કાર્યક્રમો કરવા.
- ઘેર ઘેર શૌચાલયનું બાંધકામ અને તેની સ્વચ્છતા અને શૌચાલયનો ઉપયોગ કરવાની આદત પડે તે પ્રકારના કાર્યક્રમોનું આયોજન કરવું.
- પાણી બચાવો, બેટી બચાવો, બેટી પઢાવો, અને પર્યાવરણ બચાવો વગેરે મુદ્દાઓ ઉપર ગામમાં રેલી કાઢી, સૂત્રોચાર કરી જાગૃતિ લાવવી.
- ગામની સાર્વજનિક જગ્યાઓ જેવી કે ગામનો ચોળો, બસ સ્ટેન્ડ, રસ્તાઓ, મંદિર, તળાવ જેવી સાર્વજનિક જગ્યાઓની સફાઈ કરવી.

- ગામમાં પ્લાસ્ટિકના ઉપયોગ ઉપર પ્રતિબંધ મૂકાય તે અંગે લોકોને સમજાવવા.
- પર્યાવરણની જાળવણી માટે ઉપર દર્શાવ્યા એવા અને તેનાથી પણ વિશેષ ઘણા બધા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.

**(3) સ્વાસ્થ્યની જાળવણી :**

શિબિરાર્થી યુવાનો ગામના લોકોના સ્વાસ્થ્યની જાળવણી માટે અનેક કાર્યક્રમોનું આયોજન કરે છે.

- સ્વચ્છ તથા સાફ પીવાના પાણીની વ્યવસ્થા.
- બાળ આરોગ્ય, તંદુરસ્તી હરીફાઈ.
- નજીકના સાર્વજનિક P.H.C. સેન્ટરનો સંપર્ક કરી ગામમાં એક દિવસ સર્વ રોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવે છે.

**(4) પરિવાર કલ્યાણના કાર્યક્રમો :**

- "નાનું કુટુંબ સુખી કુટુંબ"નું સૂત્ર સાકાર કરવા માટે ગામના લોકોને કુટુંબ નિયોજન અંગે જાણકારી આપવાનું કામ કરવું.
- ઘરનો દરેક સભ્ય જમ્યા પહેલા હાથ ધોવે, ઘરને ચોખ્ખુ રાખે અને પોતાના બાળકો સ્કૂલમાં જાય તેની કાળજી રાખે તેવા કાર્યક્રમો કરવા.
- કોઈ કામ નાનું નથી અને કોઈ કામ મોટું નથી તેમ સમજી દરેક સભ્યો પોતાની કક્ષા પ્રમાણે કામ કરતા થાય તેવી સમજ આપવાનું કામ કરવું.

**(5) મહિલાઓની સ્થિતિમાં સુધારો લાવવા માટે જાગૃતિ લાવતા રાષ્ટ્રીય સેવા યોજનાના કાર્યક્રમો :**

- બહેનોને શિક્ષિત કરવાના કાર્યક્રમો અને તેઓને બંધારણની જોગવાઈ પ્રમાણે મળેલા બંધારણીય હક્કો તથા કાયદા દ્વારા મળેલા હક્કોથી માહિતગાર કરવાના કાર્યક્રમો.
- સમજાના આર્થિક અને સામાજિક વિકાસમાં તેમણે યોગદાન કરવાનું છે તેવી જાગૃતિ મહિલાઓમાં પેદા કરવાના કાર્યક્રમો.
- એવો કોઈપણ ધંધો કે વ્યવસાય નથી કે જે તેઓ ન કરી શકે. જો કે તેઓ જે ધંધો કે વ્યવસાય કરવા ઈચ્છા ધરાવતા હોય તે માટેની જરૂરી આવડત હોવી જરૂરી છે. આ અંગે મહિલાઓને જાગૃત કરવાના કાર્યક્રમો.
- જ્યાં શક્ય હોય ત્યાં મહિલાઓને સિવણ, ભરત-ગૂંથણ, એમ્બ્રોઈડરી તથા અન્ય હુન્નરોની તાલીમ આપવી.



**(6) ધાર્મિક અંધશ્રદ્ધાઓ નાબુદી :**

ગામડામાં અજ્ઞાનતા અને નિરક્ષરતા તથા પરંપરાગત જીવનશૈલીના કારણે અનેક પ્રકારની ધાર્મિક અંધશ્રદ્ધાઓ જોવા મળતી હોય છે. દા.ત., ભૂત-ભૂવા, માતાજીનું પ્રગટ થવું, વગેરે ધાર્મિક અંધ શ્રદ્ધાઓ જોવા મળે છે. આ અંદશ્રદ્ધાઓ દૂર કરવા માટે NSS ના યુવાનો વિશિષ્ટ પ્રકારના કાર્યક્રમો કરે છે.

**(7) સામાજિક કુરિવાજો નાબુદી :**

ગામડાઓમાં હજુ પણ સામાજિક કુરિવાજો અંગે જોઈએ તેટલી જાગૃતિ આવેલ નથી. આજના 21મી સદીના યુગમાં પણ દહેજ પ્રથા, બાળલગ્ન, વિધવા, પુનઃ લગ્ન પર નિષેધ, સ્ત્રીઓ પર થતા અત્યાચારો જેવા અનેક પ્રકારના સામાજિક કુરિવાજો ગામડામાં જોવા મળે છે. જેને દૂર કરવા માટે NSS ના યુવકો કામ કરે છે.

**(8) સરકારી યોજનાઓનો પ્રચાર અને પ્રસાર :**

ગામના ગરીબ અને પછાત વર્ગના લોકો માટે તેમજ ખેડૂતો અને સ્ત્રીઓના ઉત્કર્ષ માટે સમયાંતરે અનેક યોજનાઓનું અમલીકરણ કરવામાં આવ્યું છે પરંતુ આ બધી યોજનાઓ વિશે લોકોમાં જાગૃતિ નથી તેમજ બીજા કેટલાક પરિબલોના પરિણામે સરકારની યોજનાઓનો લાભ લોકો સુધી પહોંચ્યો નથી. NSS ના યુવાનો આવી યોજનાઓ વિશે લોકોને માહિતગાર કરવાનું કામ કરે છે.

**(9) તુલસી ક્યારા :**

NSS ના યુવાનો ગામની અંદર દરેક ઘરે તુલસી ક્યારા બનાવી તુલીનો છોડ વાવે છે.

**(10) પ્રૌઢ શિક્ષણ :**

NSS ના યુવાનો લોક સંપર્કના માધ્યમ દ્વારા મોટી વયના અશિક્ષિત લોકોને સાક્ષર બનાવવાનું કાર્ય કરે છે.

**(11) જ્ઞાતિ પ્રથા અને અસ્પૃશ્યતા નાબૂદી :**

ગામડામાં હજુ પણ જ્ઞાતિના વાડાઓ તુટ્યા નથી. દરેક જ્ઞાતિના લોકો પોતાની જ્ઞાતિમાં જીવે છે. તેમજ અસ્પૃશ્યતાની સમસ્યા પણ જોઈએ તેટલા પ્રમાણમાં બદલાઈ નથી તેની નાબૂદી માટે NSS ના સ્વયં સેવકો કામ કરે છે.

**(12) ભીંત સૂત્રો :**

ગામની અંદર મુખ્ય રસ્તાઓની આજુબાજુની દિવાલો ઉપર "જળ એ જ જીવન છે.", "બેટી બચાવો", બેટી પઢાઓ", "વૃક્ષો વાવો, વરસાદ લાવો"

જેવા અનેક પ્રકારના સુંદર ભીંત સૂત્રો લખીને લોકોમાં જાગૃતિ લાવવાનું કામ NSS ના વિદ્યાર્થીઓ કરે છે.

**(13) પ્રોજેક્ટ વર્ક :**

NSS ના યુવાનો ગામમાં ચબૂતરા બનાવે છે, કચરા-પેટીનું વિતરણ કરે છે. સોસખાડા બનાવે છે., તળાવોને ઊંડા કરવાનું કામ કરે છે. કાચા ઘરોનું રિનોવેશન કરી આપવાનું કામ કરે છે. સ્કૂલ કે આંગણવાડીનું રિનોવેશન કરવાનું કાર્ય જેવા અનેક પ્રોજેક્ટ્સ પર શ્રમ કાર્ય કરી પોતાનું યોગદાન આપે છે.

**(14) પશુરોગ નિદાન કેમ્પ :**

80% લોકો ગામડામાં વસે છે અને ગામના લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી અને પશુપાલન છે. તેને ધ્યાનમાં રાખીને અમુક અમુક અંતરે પશુ સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવે છે. અને તેમાં મહત્તમ પશુ - પાલકો તેનો લાભ લે છે.

ઉપરોક્ત તમામ કાર્યો રાષ્ટ્રીય સેવા યોજનાના યુવાનો દ્વારા કેમ્પ દરમિયાન કરવામાં આવતા હોય છે, પણ અહીં એક નોંધનીય બાબત એ છે કે ગામના પ્રશ્નો જેવા કે નિરક્ષરતા, અંધશ્રદ્ધા, સામાજિક કુરિવાજો, સફાઈ વગેરે અંગે લોકોને સીધેસીધુ કહેવા ન જઈ શકતા હોઈએ તેવા મુદ્દાઓને રાત્રીના સાંસ્કૃતિક કાર્યક્રમમાં ડ્રામા સ્વરૂપે રજૂ કરીને જાગૃતિ લાવવા પ્રયત્ન કરવામાં આવે છે, અને સાતે સાત દિવસ ગામના ચૌળામાં રાત્રીના સમયે આવા સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.

### [3] એક દિવસીય શિબિર :

રાષ્ટ્રીય સેવા યોજના માં જોડાયેલ વિદ્યાર્થીએ એક વર્ષમાં 120 કલાક સેવા કાર્ય કરવાનું હોય છે. પરંતુ કેટલીક વખતે શિક્ષણના ભોગે કેટલાક સ્વયં સેવકો 120 કલાક કામ કરી શકતા નથી. આવા સ્વયં સેવકોએ પોતાની નજીકની કોલેજના કોઈ સ્લમ્સ એરિયામાં અથવા તો કોઈ આકસ્મિક દુર્ઘટના બની હોય, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ જેવી કુદરતી આફતો આવી હોય તેવા સમયે જે તે દિવસે હાજર રહી પોતાનું ઉત્તરદાયિત્વ નિભાવે છે. એક દિવસીય શિબિરમાં NSS ના વિદ્યાર્થીઓએ એક દિવસના 8 કલાક કામ કરવાનું હોય છે. આ શિબિરનો ચા, પાણી, નાસ્તો વગેરે ખર્ચ પોતાની કોલેજને મળેલ નિયમિત પ્રવૃત્તિની ગ્રાન્ટમાં કરવાનો હોય છે, પરંતુ એ ખાસ ધ્યાનમાં રાખવું જરૂરી છે કે આવા પ્રકારની એક દિવસીય શિબિર યોજના માટે યુનિવર્સિટીના કો-ઓર્ડિનેટરને જાણ કરવી પડે છે. આમ, કેટલાક સ્વયં સેવકો પોતાનું નાનું ગ્રૂપ બનાવીને એક દિવસીય શિબિરનું આયોજન કરતા હોય છે અને તેની અલગથી નોંધપોથીમાં કરેલ પ્રવૃત્તિઓની નોંધ કરવાની હોય છે.

***



## યુનિટ 3 રાષ્ટ્રીય સેવા યોજનાની પ્રવૃત્તિઓ તથા નાણાકીય વ્યવસ્થા

3.1 પ્રસ્તાવના
3.2 ગ્રામ વિસ્તાર/ઝૂંપડપટ્ટી વિસ્તાર દત્તક લેવા અંગેના આધારો તથા સર્વેક્ષણ માટેની કાર્યપદ્ધતિ
- (a) ભૌગોલિક અંતર
- (b) સ્થાનિક આગેવાનો સાથે મિટિંગ
- (c) સરપંચ/સ્લમ્સ એરિયનો સામાજિક કાર્યકર
- (d) ગામની સ્થાનિક સંસ્થાઓ
- (e) ગ્રામીણ મંડળીઓ
- (f) સરકારી પ્રાથમિક શાળા
- (g) સરકારી અધિકારીઓ
- (h) સરકારી આરોગ્ય કેન્દ્ર/પશુ દવાખાનું
- (i) જાહેર સુખાકારી
- (j) સ્વૈચ્છિક સંસ્થાઓ
- (k) મહાનુભાવો અને સંતોની મદદ

3.3 યોજનાની નાણાકીય વ્યવસ્થા
- (a) નિયમિત પ્રવૃત્તિ
- (b) શિબિર પ્રવૃત્તિની ગ્રાન્ટ

3.4 દૈનિક નોંધપોથીની જાળવણી

### 3.1 પ્રસ્તાવના :

રાષ્ટ્રીય સેવા યોજનાની પ્રવૃત્તિઓ રાષ્ટ્રના / સમાજના વિકાસ માટે પ્રત્યક્ષ કે પરોક્ષ સ્વરૂપે ખૂબજ અગત્યનો ફાળો આપે છે. આ યોજનાની પ્રવૃત્તિઓ, અન્ય પ્રવૃત્તિઓની જેમ સમય સાથે સમાયોજન કરી સતત નદીના વહેણની જેમ વહેતી રહે છે અને સમાજમાં તથા રાષ્ટ્રમાં આ યોજનાની ઉપયોગીતા જળવાઈ રહે તે

માટે સમગ્ર વર્ષ દરમિયાન સમય અને પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને અનેકવિધ કાર્યક્રમો, પ્રવૃત્તિઓ અને સમય તથા પરિસ્થિતિ સાથે સુસંગત હોય તેવા નવા નવા પ્રોજેક્ટોનું આયોજન વ્યવસ્થિત રીતે થાય તે ખૂબ જરૂરી છે. આથી, જ જેમ દેશના વિકાસ માટે આપણે વાર્ષિક, પંચવર્ષીય અને લાંબાગાળાની યોજનાઓ ઘડી તેનો અમલ કરીએ છીએ, તેમ જ રાષ્ટ્રીય સેવા યોજનાની પ્રવૃત્તિઓ માટે પણ ચોક્કસ પ્રકલ્પો નક્કી કરી સમાજસેવાની પ્રવૃત્તિઓ માટે આયોજન કરવું જોઈએ. આ પ્રવૃત્તિ દ્વારા સમાજનો સામાજિક ઉત્કર્ષ અને આર્થિક વિકાસના ક્ષેત્રે થતા આયોજન મોટે ભાગે વાર્ષિક અને પ્રણાલિગત પ્રવૃત્તિઓ અંતર્ગત રાખવામાં આવે છે. ક્યારેક કોઈ પરિસ્થિતિજન્ય કોઈક ખાસ આયોજન/કાર્યક્રમો કરવાની જરૂરિયાત ઉભી થાય તો, તે બે કે ત્રણ વર્ષ માટે અથવા તેની જરૂરિયાત પ્રમાણેના સમયગાળા માટે ખાસ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. દા.ત. મતદાન જાગૃતિ, પર્યાવરણ જાગૃતિ, જળસંચય, સફાઈ, ટોઈલેટનું બાંદકામ, HIV : AIDS જાગૃતિ, પ્રૌઢશિક્ષણના કાર્યક્રમો, "બેટી બચાવો, બેટી પઢાવો" અભિયાન, હેલ્થ અવેરનેસને લગતા કાર્યક્રમો જેમકે આઇ ચેકઅપ, ડેન્ટલ, પોલિયો પીવડાવવું, વૃક્ષારોપણ, બ્લડ ડોનેશન જેવા અનેકવિધ કાર્યક્રમો કરવામાં આવે છે.

રાષ્ટ્રીય સેવા યોજનાની પ્રવૃત્તિઓ કોલેજ કક્ષાએ ચાલે છે. તેવી જ રીતે +2 શાળા કક્ષાએ પણ ચાલે છે. જેમાં વિવિધ પ્રવૃત્તિઓ યુવાનો દ્વારા થતી હોય છે. તેથી શાળા કે કોલેજ કક્ષાએ NSS ની પ્રવૃત્તિઓ અને કેટલાક ખાસ પ્રોજેક્ટો ઉપયોગી બની રહે, તેના અમલીકરણની સરળતા જળવાઈ રહે, તેમજ સમાજ સેવાની પ્રવૃત્તિઓ કે કેટલાક ખાસ પ્રોજેક્ટોમાં કાર્ય કરતી વખતે સંભવિત કેટલાક વિઘ્નો અથવા અવરોધો કદાચ ઉદ્ભવે તો તે વિઘ્નો ઉદ્ભવે તે પહેલા જ તેનો ઉકેલ લાવી શકાય તે માટે યુનિવર્સિટી, +2 કાઉન્સિલ, રાષ્ટ્રીય સેવા યોજનાના પ્રાદેશિક કેન્દ્રો, રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર તથા કેટલીક સરકાર માન્ય સામાજિક સંસ્થાઓ કાર્યરત છે. આ તમામ કડીઓએ સાંકળની જેમ એકબીજાની સાથે એકરૂપ થઈને અને સંકલન કરી રાષ્ટ્રીય સ્તરે લેવાયેલા નિર્ણયોને અમલ કરવા વિવિધ કક્ષાએ અને વિવિધ સ્તરે એકબીજાના પૂરક બનીને કામ કરવાનું છે અને આવી રીતે કામ કરવામાં આવે તો જ આપણે જે હેતુથી કામ કરીએ છીએ જે ધ્યેય પ્રાપ્ત કરવા માંગીએ છીએ તે ધ્યેય સુધી પહોંચી શકાય છે. સામાન્ય રીતે રાષ્ટ્રીય સેવા યોજનાની પ્રવૃત્તિઓ અને કેટલાક નવા પ્રોજેક્ટોના આયોજનમાં અમલીકરણ, સ્વયંસેવકોની ફાળવણી, પ્રવૃત્તિઓની સમય મર્યાદા કામગીરીનું મૂલ્યાંકન - વિશ્લેષણ વહીવટ - વ્યવસ્થા - સંચાલન જેવી અનેક બાબતો કેન્દ્રમાં રાખવામાં આવે છે. તેમજ રાષ્ટ્રીય સેવા યોજનાનું જે તે ઘટક સ્તરે આયોજન



કરવાનું હોય છે. દા.ત. રાજ્ય કક્ષાએ, યુનિવર્સિટી કક્ષાએ, રિઝિયોનલ ઓફિસ લેવલે વગેરે.

રાષ્ટ્રીય સેવા યોજના પ્રવૃત્તિની નિયમિત પ્રવૃતિ અને ખાસ શિબિર પ્રવૃત્તિઓ માટે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા અનુદાન મળતું હોય છે અને આ અનુદાનમાં સમયાંતરે ભારત સરકાર અને રાજ્ય સરકાર વધારો કરે છે. 2017-18ની વાત કરીએ તો, 2017-18માં નિયમિત પ્રવૃત્તિ માટે એક સ્વયંસેવક દીઠ 250 રૂા. અને ખાસ શિબિર માટે એક સ્વયં સેવક દીઠ 450 રૂા.ની ગ્રાન્ટ આ પ્રવૃત્તિ માટે આપવામાં આવે છે. દરેક કોલેજોમાં મોટે ભાગે 100 વિદ્યાર્થીઓનું એખ યુનિટ હોય છે. માટે 100 × 250 = 25000 રૂા. એક યુનિટને આપવામાં આવે છે પરંતુ સરકારશ્રીના નિયમ પ્રમાણે યુનિવર્સિટી લેવલે વહીવટી ખર્ચ અને કેટલાક ખાસ કાર્યક્રમો કરવાના હેતુસર વિદ્યાર્થી દીઠ 30 રૂા. જમા રાખી એટલે કે પર યુનિટ 3000 રૂા. યુનિવર્સિટીમાં જમા રહે છે અને રૂા. 22000ની ગ્રાન્ટ નિયમિત પ્રવૃત્તિઓ માટે દરેક કોલેજોને આપવામાં આવે છે. આ ગ્રાન્ટમાંથી NSS યુનિટ સમગ્ર વર્ષ દરમિયાન

(1) કોલેજ કેમ્પસમાં

(2) દત્તક ગામ કે સ્લમ્સ વિસ્તારમાં

(3) સામાજિક સંસ્થઆઓમાં

(4) કેટલીક આકસ્મિક દુર્ઘટના વખતે આકસ્મિક સેવાઓમાં જુદા-જુદા પ્રોજેક્ટો નક્કી કરી કામગીરી કરે છે.

આવી જ રીતે દરેક કોલેજમાં શિબિર માટે 1 યુનિટમાંથી 50 વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવે છે. માટે 450 × 50 = 22500 રૂા.ની ગ્રાન્ટ આપવામાં આવે છે. શિબિર તેમજ નિયમિત પ્રવૃતિઓ માટે આપવામાં આવતી આ ગ્રાન્ટ NSS ની પ્રવૃત્તિઓનું ક્ષેત્ર જોતા ઘણું ઓછું આપણને લાગે છે પરંતુ પ્રોગ્રામ ઓફિસર અને સ્વયં સેવકો એ દરેક પ્રવૃત્તિઓમાં ખર્ચ ઓછો થાય તે માટે સાદગી અને કરકસર કરે છે. કેટલાક કાર્યક્રમોમાં સામાજિક સંસ્થાઓને સાથે જોડીને કાર્યક્રમોનું આયોજન કવરામાં આવતું હોય છે અને આમ કરવાથી આવી સામાજિક સંસ્થઆઓ આપણને કેટલીક સવલતો મફતમાં પૂરી પાડતા હોય છે જેમકે સ્ટેજ, સાઉન્ડ, અમુક પ્રકારની સાધનસામગ્રી, નિવાસ વ્યવસ્થા, નાસ્કો કે ભોજનની વ્યવસ્થા વગેરે બાબતોમાં સહાય કરતા હોય છે આમ, છતા પણ ખર્ચ જો ગ્રાન્ટથી વધારે થાય તો NSS યુનિટ ધરાવતી કોલેજો પોતે ભોગવી લેતી હોય છે. આ રીતે NSS માં ગ્રાન્ટ ભલે ઓછી લાગતહી હોય પણ તેની અસર સામાજિક સેવાઓ પર પડતી નથી.

## 3.2 ગામવિસ્તાર/ઝુંપડપટ્ટી વિસ્તાર દત્તક લેવા અંગેના આધારો તથા સર્વેક્ષણ માટેની કાર્ય પદ્ધતિ :

**પ્રસ્તાવના :**

રાષ્ટ્રીય સેવા યોજનાના ઉપક્રમે અનેકવિધ કાર્યક્રમો, અનેકવિધ યોજનાઓ અને પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે. આ કાર્યક્રમો પૈકી ખૂબ જ ઉપયોગી અને લોકસંપર્ક દ્વારા સીધેસીધા લોકો સાથે ભળી જવાનો અને સમગ્ર વર્ષ દરમિયાન રાષ્ટ્રીય સેવા યોજનાની પ્રત્યક્ષ કે પરોક્ષ સ્વરૂપે પ્રવૃત્તિઓ સતત થતી રહેતી હોય તેવો રાષ્ટ્રીય સેવા યોજનાનો ગામડાઓ કે શહેરની ઝૂંપડપટ્ટી વિસ્તારોને દત્તક લેવાનો કાર્યક્રમ છે. ગામડાને દત્તક લઈને તેમાં અનેક પ્રકારના સેવાના કાર્યો કરવાનો રાષ્ટ્રીય સેવા યોજનાનો કાર્યક્રમ ખરેખર ખૂબ જ અર્થપૂર્ણ છે. કોઈ એક ચોક્કસ ગામડું કે ઝૂંપડપટ્ટી વિસ્તાર પસંદ કરીને તેના સર્વાંગીણ વિકાસ માટે પૂરા આત્મવિશ્વાસથી પૂરી સૂઝ અને સમજ સાથે ધ્યાન કેન્દ્રિત કરીને સતત પ્રયત્નશીલ રહેવું તે રાષ્ટ્રીય સેવા યોજનાના સ્વયંસેવકો માટે અપેક્ષિત છે. ગામડું કે સ્લમ્સ વિસ્તારને જ્યારે દત્તક લેવાનું હોય ત્યારે કેટલીક બાબતોનું ધ્યાન NSS પ્રોગ્રામ ઓફિસર અને સ્વયંસેવકોએ રાખવાનું છે. જે નીચે મુજબ છે જેની વિગતે માહિતી મેળવીશું :

**(a) ભૌગોલિક અંતર :**

રાષ્ટ્રીય સેવા યોજનાનું યુનિટ ચલાવનાર તમામ શૈક્ષણિક સંસ્થાઓએ દત્તકગામ કે સ્લમ્સ એરિયા પસંદ કરતી વખતે ભૌગોલિક રીતે પોતાની શૈક્ષણિક સંસ્થાથી બહુ દૂર ન હોય તેવો વિસ્તાર/ગામ દત્તક તરીકે લેવાનું છે, કારણ કે રાષ્ટ્રીય સેવા યોજનામાં જોડાયેલ વિદ્યાર્થીએ પોતાના શૈક્ષણિક કાર્યની સાથે સાથે સેવાકીય પ્રવૃત્તિઓ કરવાની છે બીજી બાજુ બજેટની મર્યાદા છે અને દત્તક લીધેલ ગામ કે સ્લમ વિસ્તારમાં ત્યાં રહેતા લોકો સાથે સીધેસીધો સંપર્ક કરવા અમુક અમુક સમયાંતરે કોઈને કોઈક કાર્યક્રમના માધ્યમ દ્વારા બે વર્ષ સુધી તે વિસ્તારમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરી તેના સ્થાનિક લોકોમાં જાગૃતિ આવે, સરકારી યોજનાઓ અંગે માહિતગાર બને તે માટે સતત દત્તક લીધેલ વિસ્તારમાં જઈને કામગીરી કરવાની છે. માટે પોતાની શૈક્ષણિક સંસ્થાથી ભૌગોલિક રીતે નજીક હોય, મહત્તમ 50 કિ.મી. સુધીના અંતરમાં આવતો હોય તેવો વિસ્તાર પસંદ કરવો જોઈએ.

**(b) સ્થાનિક આગેવાનો સાથે મિટિંગ :**

જે ગામ કે સ્લમ્સ કે ઝૂંપડપટ્ટી વિસ્તારને પસંદ કરવામાં આવે છે ત્યારે પ્રથમ તબક્કે તે વિસ્તારના સ્થાનિક વડિલો કે આગેવાનો સાથે પ્રોગ્રામ ઓફિસર અને



કેટલાક પસંદગીલક્ષી NSS ના સ્વયં સેવકોએ એક બેઠક કરવી જોઈએ કારણ કે, દરેક ગામ/ઝૂંપડપટ્ટી વિસ્તાર જેને આપણે પસંદ કરવા જઈ રહ્યા છીએ તેનો કોઈ ચોક્કસ ઈતિહાસ હોય છે એટલે કે ભૂતકાળમાં તે ગામ કે ઝૂંપડપટ્ટીના પ્રશ્નો શું હતા તેની સામાજિક, આર્થિક, ધાર્મિક સ્થિતિ કેવા પ્રકારની હતી અને આજે તેમાં શું બદલાવ આવ્યો છે, પ્રશ્નો વધ્યા છે કે ઘટ્યા છે, તેની પાછળ કયા પરિબળો જવાબદાર છે તેની સમજ સ્થાનિક આગેવાનો કે વડીલો પાસેથી મળી રહે છે અને તે માહિતી આપણા ઉત્કૃષ્ઠ સેવાકીય કાર્યક્રમોના પ્લાનિંગમાં ખૂબ ઉપયોગી નીવડે છે. બીજી બાજુ આગેવાનો સાથે મિટિંગ કરવાથી તે લોકોને NSS ની પ્રવૃત્તિઓ વિશે આપણે સાચી સમજ આપીએ છીએ જેથી આપણા કાર્યક્રમોમાં તેમનો સંપૂર્ણ સહયોગ મળી રહેતો હોય છે.

**(c) સરપંચ/સ્લમ્સ એરિયા (ઝૂંપડપટ્ટી)નો સા. કાર્યકર :**

દત્તક ગામ કે વિસ્તારની પસંદગીમાં, એવા ગામ કે સ્લમ્સની પસંદગી કરવી જોઈએ કે ગામનો સરપંચ કે સ્લમ્સ એરિયાનો સામાજિક કાર્યકર પોતાના વિસ્તાર માટે કંઈક નવુ કરવાની ઉત્સુકતા હોય, ગામ કે સ્લમ્સના પ્રશ્નો ઉકેલવાની સૂઝબૂઝ હોય એવા સરપંચ કે સામાજિક કાર્યકરનો વિસ્તાર પસંદ કરવામાં આવે તો સોનામાં સુગંધ ભળી જાય છે. સરપંચ કે ઝૂંપડપટ્ટી વિસ્તારનો સા. કાર્યકર તેની પાસે કદાચ એવું બને કે એનેપોતાના વિસ્તાર માટે ઘણા સારા સારા કાર્યો કરવા છે પણ તેને દિશા બતાવનાર કોઈ ન હોય ત્યારે તે વખતે આપણા NSS ના શિક્ષિત યુવાનો આવા ગામને પસંદ કરી લે અને સરપંચના સહાયક બનીને ગામના લોકોના જે કંઈ પ્રશ્નો છે તે પ્રશ્નોનું નિરાકરણ લાવવા માટે સરપંચની સાથે ભળીને અનેક પ્રકારના કાર્યક્રમો અને આયોજનો કરે છે બીજી બાજુ સરપંચનો સાથ અને સહકાર NSS ના સ્વયંસેવકોને પણ મળી રહે છે માટે જ જ્યાં ઉચ્ચ નેતૃત્વ ધરાવતા સરપંચ કે સામાજિક કાર્યકર હોય તેવા ગામ કે વિસ્તારને પસંદ કરવું યોગ્ય છે.

**(d) ગામની સ્થાનિક સંસ્થાઓ :**

ગામડાઓમાં સ્થાનિક સહકારી સંસ્થાઓ દા.ત., દૂધ ઉત્પાદન મંડળી, બચત મંડળી, ખેત ખરીદ-વેચાણ સહકારી મંડળી આવા પ્રકારની અનેક સહકારી સંસ્થાઓ ગામડાઓમાં હોય છે. NSS ના સ્વયં સેવકોએ તે સહકારી સંસ્થાઓના પ્રશ્નોના નિવારણ માટે અને બીજી બાજુ આપણા દરેક કાર્યક્રમોમાં તેમનો સાથ સહકાર મળી રહે તે હેતુસર તેમને વિશ્વાસમાં લેવાના છે.

**(e) ગ્રામીણ મંડળીઓ :**

રાષ્ટ્રીય સેવા યોજના દ્વારા દત્તક ગામ કે વિસ્તારને પસંદ કરતી વખતે એ ધ્યાનમાં રાખવાનું છે કે બે વર્ષ માટે એને જે વિસ્તાર પસંદ કર્યો છે. તે વિસ્તારમાં

જઈને તે વિસ્તારના કલ્યાણ માટે વ્યસન મુક્તિ ધાર્મિક અંધશ્રદ્ધાઓ, સામાજિક કુરિવાજો અને બીજા કેટલાક સ્થાનિક પ્રશ્નોના નિવારણ માટે કેટલાક વિશિષ્ટ કાર્યક્રમો દ્વારા સાચી સમજ આપવાની છે. તે દરમિયાન NSS ના સ્વયંસેવકોએ પોતાના આ સેવાકીય કાર્યોમાં કોઈ વિઘ્ન ઊભું ન થાય અને પોતાના કાર્યમાં સ્થાનિક લોકો પણ જોડાઈ જાય. આજે આ NSS નો યુવાન સફાઈ કરે છે પરંતુ અમુક દિવસો બાદ ગામના યુવાનો સ્વયં સફાઈ કરતા થઈ જાય તેવા કાર્યો કરવા માટે કેટલાક ગામોમાં યુવક મંડળ, મહિલા મંડળ, સખી મંડળ જેવા મંડળો ચાલતા હોય છે આ મંડળોને સાથે રાખીને કામ કરવાનું છે. માટે જે ગામ કે જે સ્લમ વિસ્તારમાં આવા મંડળોનું અસ્તિત્વ હોય તેવા વિસ્તારને દત્તક લેવા માટે પસંદ કરવું ઉચિત છે.

**(f) સરકારી પ્રાથમિક શાળા :**

જે વિસ્તારને દત્તક લઈએ છીએ તે વિસ્તારમાં આવેલી સરકારી પ્રાથમિક શાળાના આચાર્ય અને શિક્ષકોને વિશ્વાસમાં લેવા ખૂબ જરૂરી છે. કારણ કે NSS ના સ્વયંસેવકોની અનેકવિધ પ્રકારની સેવાકીય પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોમાં હરહંમેશ તેમનો સાથ અને સહકાર ખૂબ જરૂરી છે એટલે કે એવો વિસ્તાર પસંદ કરવો કે જેની પ્રાથમિક શાળાનો સ્ટાફનો સ્વભાવ સરળ હોય અને આપણા તમામ કાર્યોમાં સાથ અને સહકાર આપે તેવો હોય તેવા ગામને દત્તક લેવું જોઈએ.

**(g) સરકારી અધિકારીઓ :**

કેટલાક કાર્યક્રમો એવા હોય છે કે જેની અંદર જિલ્લા અને તાલુકા કક્ષાના અધિકારીશ્રીઓ જેવા કે કલેકટરશ્રી, ડીડીઓશ્રી, તાલુકા વિકાસ અધિકારીશ્રી, શિક્ષણ અધિકારીશ્રી વગેરેનો સાથ સહકાર અને સપોર્ટ ખૂબ જ જરૂરી છે. ભારત અને રાજ્ય સરકાર દ્વારા ગ્રામીણ વિસ્તાર અને સ્લમ્સ એરિયાના ઉત્કર્ષ માટે અનેકવિધ યોજનાઓ અમલી બનાવી છે. આ યોજનાઓની સાચી માહિતી આપવા માટે આપણે આપણા દત્તક ગામમાં કોઈ કાર્યક્રમનું આયોજન કર્યું હોય ત્યારે અધિકારીશ્રીઓને આમંત્રિત કરી તે અધિકારીશ્રી દ્વારા વિવિધ યોજનાઓની લોકો સુધી વ્યાખ્યાનો દ્વારા માહિતી પહોંચાડી શકીએ છીએ આમ, સરકારી અધિકારીઓને ધ્યાનમાં રાખીને ગામ કે વિસ્તારની પસંદગી કરવી જોઈએ.

**(h) સરકારી આરોગ્ય કેન્દ્ર / પશુ દવાખાનું :**

NSS ના સ્વયંસેવકો જ્યારે હેલ્થ અવેરનેસ અથવા પશુ સારવાર અંગેના કાર્યક્રમો દત્તક ગામમાં કરતા હોય છે ત્યારે NSS ના સ્વયંસેવકનો રોલ લોકોને માહિતગાર કરવાનો છે પરંતુ બીમાર લોકો કે પશુઓની સારવાર નથી કરી શકતા



આવા, સમયે નજીકમાં આવેલા સરકારી દવાખાનાના ડૉક્ટર કે પશુ સારવારના ડૉક્ટરને દત્તક ગામ કે સ્લમ વિસ્તારમાં આમંત્રિત કરીને સર્વરોગ નિદાન કેમ્પ તથા કેટલ કેમ્પ કરી શકાય છે પોલિયો દિવસ આવે ત્યારે NSS ના સ્વયં સેવકો તે ગામ કે વિસ્તારમાં પોલિયો પીવડાવવા જાય છે અને આવા કાર્યો માટે સરકારી દવાખાનું જે ગામને દત્તક લઈએ છીએ તે ગામની નજીક હોય અને તેમનો સહકાર મળી રહે તેવું હોય તેવા ગામ કે વિસ્તારની પસંદગી કરવી જોઈએ.

**(i) જાહેર સુખાકારી :**

રાષ્ટ્રીય સેવા યોજના દ્વારા એવું ગામ કે વિસ્તાર પસંદ કરવું જોઈએ કે તે ગામમાં ખરેખર સાચા અર્થમાં સેવાની તથા જાગૃતિની જરૂર છે. આજના 21મી સદીના વિજ્ઞાનના યુગમાં પણ કેટલાક ગામડાઓ અને ઝૂંપડપટ્ટી એરિયામાં વ્યાપક નિરક્ષરતા જોવા મળે છે. અનેક પ્રકારના દુષણોથી લોકો પીડાઈ રહ્યા છે. પરંપરાગત માનસિકતા હજુ જોઈએ તેટલા પ્રમાણમાં બદલાઈ નથી તેવા પ્રકારનું ગામડું હોય તે ગામમાં કેટલીક નીચે મુજબના દુષણો જોવા મળતા હોય જેને દૂર કરવા જોઈએ તેમ લાગતું હોય તેવા ગામને પસંદ કરી અને તે દૂષણો દૂર કરવા માટે વિવિધ પ્રકારના કાર્યક્રમો અને આયોજનો કરવા જોઈએ. જાહેર સુખાકારી અંગે થોડોક ટૂંકમાં પરિચય મેળવો અત્રે ખૂબ જરૂરી એટલા માટે છે કે આપણે તે વિસ્તારને દત્તક લીધા પછી તે જાહેર સુખાકારી દૂર કરવા વિશિષ્ટ પ્રકારના આયોજનો કરવાના છે.

જે ગામ કે ઝૂંપડપટ્ટીમાં વ્યાપક ગરીબી અને બેકારી જોવા મળતી હોય, ગામડાઓમાં હજુ જ્ઞાતિવાદ દૂર થયો ના હોય, નિરક્ષરતાનું પ્રમાણ વધુ હોય, વ્યસનોનું વ્યાપક પ્રમાણ હોય, ધાર્મિક અંધશ્રદ્ધાઓ પ્રવર્તતીર હોય, સફાઈ અને શૌચાલય અંગેની સાચી સમજ લોકોમાં વિકસી ન હોય, સરકારની વિવિધ યોજનાઓ ગામમાં પહોંચી ન હોય, કાચી માટીના ઘર હોય અથવા ઝૂંપડું હોય, આરોગ્યની સુવિધા ન હોય અને કેટલીક સામાજિક સમસ્યાઓ જેવી કે અસ્પૃશ્યતા, દહેજપ્રથા, વિધવાપુનઃ લગ્ન નિષેધ, બાળલગ્ન પ્રથા જેવી અનેક પ્રકારની સામાજિક સમસ્યાથી સમાજ પીડાતો હોય. ઉપરોક્ત આ બધા મુદ્દાઓ વિકાસને રૂંધવાનુંકામ કરે છે. રાષ્ટ્રીય સેવા યોજનાના સ્વયંસેવકોએ આવા દુષણો પ્રવર્તતા હોય તેવા ગામ કે ઝૂંપડપટ્ટીને દત્તક લઈ તેના નિવારણ માટે, જાગૃતિ માટે ચોક્કસ એક વિશિષ્ટ પ્રકારનું આયોજન કરીને કાર્યક્રમો કરવા જોઈએ.

**(j) સ્વૈચ્છિક સંસ્થાઓ :**

આપણે અગાઉ જોઈ ગયા તે પ્રમાણે દત્તક લીધેલ ગામોમાં કાર્યક્રમોનું આયોજન કરવા માટે ગ્રાન્ટની કેટલીક મર્યાદાઓ નડે છે. તેનો વ્યવહારું ઉકેલ એ છે કે

આપણે જે જિલ્લા કે તાલુકાના ગામને દત્તક લીધુ હોય તે જિલ્લા કે વિસ્તારમાં આવેલી સામાજિક સંસ્થાઓને આપણે સાથે રાખવાની છે. આ સામાજિક સંસ્થાઓ પાસે સેવા કરવા માટે નાણાની વ્યવસ્થા છે અને રાષ્ટ્રીય સેવા યોજના પાસે યુવાધન છે. જો આ બંનેનું મિલન થાય તો દત્તક લીધેલ ગામના લોકોને આપણે સુખ-સુવિધાઓ પૂરી પાડવામાં એક માધ્યમ બનીએ છીએ તેમજ આવી સેવાભાવી સંસ્થાઓ આપણા કાર્યક્રમમાં પણ કેટલીક સુવિધાઓ ઊભી કરી આપવામાં મદદરૂપ બને છે. એટલે એવું ગામ પસંદ કરવું જોઈએ કે તે ગામની અંદર કામ કરવા માટે સ્વૈચ્છિક સંસ્થાઓનો સાથ સહકાર મળી રહે.

**(k) મહાનુભાવો અને સંતોની મદદ :**

NSS એ ગામને દત્તક લેતાપહેલા થોડું એ પણ વિચારી લેવું જોઈએ કે લોકો પરંપરાઓ, વ્યસનો, દુષણોમાંથી બહાર નીકળી થોડાક આધ્યાત્મિક બને, સંસ્કારોનું સિંચન થાય તો જ આપણા કાર્યક્રમો ફળદાયી નીવડશે. દત્તક લીધેલા વિસ્તારોમાં અવારનવાર વાર તહેવારે સમાજના આગેવાનો પૈકી જે ઉપલબ્ધ બને તેવા આગેવાનો, સંતો, મહંતો, મૌલવીઓ, પાદરીઓ તથા અન્ય ધર્મના ધર્મ ગુરુઓ પૈકી જેઓ પણ ઉપયોગી અને અસરકારક બની શકે તેમ હોય તેઓને ખાસ આમંત્રણ આપી તેઓના વ્યક્તત્વનો લાભ સ્લમ્સ વિસ્તારના લોકોને આપવામાં આવે છે. આ ઉપરાંત સ્લમની દરેક ઝુંપડીએ જઈને રાષ્ટ્રીય સેવા યોજનાના સ્વયંસેવક ભાઈ-બહેનો લોકોના ખબર અંતર પૂછીને આત્મીયતા તથા સદ્ભાવ, દેશના અન્ય નાગરિકો જેવો દરજ્જો, સન્માન, આદર, સ્નેહ, સ્લમના લોકોને મળે તેવા પ્રયત્નો કરવામાં આવતા હોય છે માટે જ ગામને દત્તક લેતા પહેલા સ્લમ્સના સંતો, મહંતો આગેવાનોને ધ્યાનમાં રાખવા જોઈએ.

**⇨ સર્વેક્ષણ માટેની કાર્ય પદ્ધતિ :**

દત્તક લીધેલ ગામ કે ઝૂંપડપટ્ટીમાં રાષ્ટ્રીય સેવા યોજનાના કાર્યક્રમો કે કાર્યવાહીની રૂપરેખા નક્કી કરતા પહેલા કેટલાક ગામોનું સર્વેક્ષણ કરવામાં આવે છે. સર્વેક્ષણમાં અર્થશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર, ગૃહવિજ્ઞાન, મનોવિજ્ઞાન અને શિક્ષણશાસ્ત્રનો સહકાર મેળવવામાં આવે છે કારણ કે આર્થિક – સામાજિક પરિબળો સાથે તેઓનો પણ એક યા બીજી રીતે સીધો સંબંધ હોય છે તેથી તેમનો અનુભવ અને જાણકારીનો લાભ લઈ શકાય. સર્વેક્ષણ દ્વારા તૈયાર કરેલ અહેવાલથી ગામની સમસ્યાઓ, વિશિષ્ટતાઓ વગેરે બાબતોની જાણકારી તથા ગ્રામીણ લોકોના બહુર્મુખી વિકાસ માટેના કાર્યક્રમોની અનુસૂચિ તૈયાર કરવામાં સાહય મળે છે. આવા સર્વેક્ષણથી વિદ્યાર્થીઓને પૃથ્થકરણાત્મક અને વિશ્લેષણાત્મક અભ્યાસ કરવાની



તક મળે છે. તે દ્વારા પોતાના જ્ઞાનમાં વધારો કરી શકે છે. સાથો સાથ સ્થાનિક સ્તરે કોઈ સમસ્યા હોય તો તે શોધી કાઢવામાં સહાયતા મળે છે. આજદિન સુધી ગ્રામજનો તથા અન્ય સામુદાયિક વિકાસ સંસ્થાઓનું ધ્યાન ખેંચાયુ ન હોય તેવી સમસ્યાઓ જાણવામાં સર્વેક્ષણ મદદરૂપ થાય છે.

નવા નવા પ્રકલ્પ અને તે માટે કાર્યક્રમો ઘડી કાઢવામાં આવે છે. આમ, સર્વેક્ષણ અને દત્તક કાર્યક્રમના પાયાનું અંગ કહી શકાય. સર્વેક્ષણના આધારે તૈયાર કરવામાં આવેલ કાર્યક્રમો દ્વારા ગ્રામજનોમાં કૃષિ, શિક્ષણ, સમાજ સ્વાસ્થ્ય તથા પોતાના સ્વાસ્થ્ય પરત્વે વિશેષ રૂચિ ઉત્પન્ન કરવાનો ઉદ્દેશ્ય વગેરે સમાયેલ છે. ગ્રામદત્તક કાર્યક્રમમાં મુખ્યત્વે, સંશોધન વિના હાથ ધરી શકાય તેવા કાર્યક્રમો તેમજ જે પ્રવૃતિમાં રાષ્ટ્રીય સેવા યોજનાના સ્વયંસેવકો અને ગ્રામજનોને સંયુક્ત રીતે જોડાવું જરૂરી હોય તેવા કાર્યક્રમો અને જે કાર્યક્રમોમાં અન્ય સ્વૈચ્છિક / વ્યાપારી-સંગઠનો, સરકારી કચેરીઓ તથા સ્વૈચ્છિક સંસ્થાઓ જોડાયેલા હોય તેવા કાર્યક્રમોનો સમાવેશ થાય છે.

આ સાથે એક નમૂનારૂપ સર્વેનું ફોર્મ મૂકેલ છે તેવા સર્વેના ફોર્મ બનાવી ડેટા કલેકશન કરી એનાલિસિસ કરી શકાય.

## સર્વેનું ફોર્મ

કોલેજનું નામ : ____________________

**(રાષ્ટ્રીય સેવા યોજના એકમ)**

1. ગામનું નામ : __________ 2. ફળીયાનું નામ : __________
3. કુટુંબના વડાનું નામ __________ 4. કુટુંબનો ધંધો : __________
5. ઘરના સભ્યોની સંખ્યા :
   પુરૂષ ______ સ્ત્રી ______ છોકરા ______ છોકરી ______ કુલ ______
6. ઘરમાં કમાતી વ્યક્તિઓની સંખ્યા __________
7. કુટુંબમાં વિકલાંગ વ્યક્તિઓ :
   અંધ ______ બહેરા ______ મુંગા ______ અપંગ ______
   ધો. 7 સુધી __________ ધો. 12 સુધી __________
   શિક્ષણ __________ કમાતા ________ બેકાર ________
   સ્નાતક ________ અનુસ્નાતક ________ ઘરમાં ભણેલાની સંખ્યા ______

8. નિશાળે જતાં બાળકોના નામ :
છોકરા ________ ધોરણ ____ છોકરી ________ ધોરણ ____
9. ઘરમાં અશિક્ષિત સભ્યોની સંખ્યા : કેટલાય ?
______ પુરુષો ______ ઉંમર ______
10. 6 વર્ષથી ઉપરના બાળકો જે નિશાળે ન જતા હોય તેમના નામ :
________________
11. આ બાળકો કયા કારણે નિશાળે જતા નથી
(1) આર્થિક સ્થિતિને કારણે (2) ધંધા મજુરીમાં મદદની જરૂર હોવાથી
(3) નાના ભાઈ બહેનની સંભાળ રાખવાની હોવાથી
(4) નિશાળ દૂર હોવાથી (5) ભણવામાં નબળો હોવાથી
(6) ભણવામાં કંઈ લાભ ન દેખાતો હોવાથી
(7) શાળામાં સારું ભણવાનું ન હોવાથી
12. આ બાળકોને નિશાળે મોકલવા માટે તમે કોઈ પ્રયત્નો કર્યા ? ______
13. તમે છોકરો જેટલા છોકરીઓને શિક્ષણ આપવામાં માનો છો ? શા માટે ?
________________
14. પ્રાથમિક શિક્ષણ મફત અને ફરજીયાત છે તેનો તમને ખ્યાલ છે ખરો ?
________
15. પ્રાથમિક શિક્ષણ પાછળ વાર્ષિક કેટલું ખર્ચ થાય છે ? ________
16. સરકારી તરફથી વધુ શિક્ષણ મફત થાય તો તમે તમારા બાળકોને ભણાવશો ખરા ? ______
17. તમારા બાળકોને શિક્ષણ આપવા પાછળ તમારી કઈ અપેક્ષા છે ? ______
18. તમારા ઘરમાં કોઈએ ઝેરી કમળાની રસી લીધી છે ? "હા" હોય તો લેવા માગો છો ? ________ પુખ્ત ________ બાળકો ______
19. શોષખાડાની જરૂર છે ? શિબિર દરમિયાન તમારી તૈયારી છે ? ______
20. પ્રૌઢ શિક્ષણમાં રસ છે ?
____ પુરુષ ____ ઉંમર ____ સ્ત્રી ____ ઉંમર ____

તારીખ : / /

મોજણી કરનારની સહી
(શિબિરાર્થીની સહી)



## 3.3 યોજનાની નાણાકીય વ્યવસ્થા :

સામાન્ય રીતે કેન્દ્રીય સરકાર દ્વારા રાષ્ટ્રીય સેવા યોજનાની પ્રવૃત્તિ સારી રીતે હાથ ધરી શકાય તે માટે પ્રતિ વર્ષ જે તે રાજ્યોને અનુદાન ફાળવવામાં આવે છે. તેમાં રાજ્ય સરકારે પોતાનો હિસ્સો ઉમેરી જે તે યુનિવર્સિટી / +2 કક્ષાએ મળવા પાત્ર થતા અનુદાનના 50% અનુદાન 30 જૂન પહેલા ફાળવી આપવાનું હોય છે. ત્યારબાદ જે તે યુનિવર્સિટી/+2 કક્ષાએ પોતાના એકમોને આ અનુદાન જુલાઈ માસમાં ફાળવી દેવાનું હોય છે. ખાસ શિબિરનું અનુદાન શિબિર શરૂ થતા અગાઉ મહીના પહેલા શિબિર યોજનાર એકમને ચૂકવી દેવાનું હોય છે. નિયમિત પ્રવૃત્તિનું બાકી રહેલ અનુદાન જે તે યુનિવર્સિટી / +2 કાઉન્સિલના કો-ઓર્ડિનેટર્સ માર્ચ મહિના પહેલા દર એકમોના કાચા હિસાબો મેળવી ચૂકવી આપવાનું હોય છે જેથી વાર્ષિક હિસાબો નિયત સમયમાં પૂર્ણ કરી શકાય. અનુભવે સાબિત કર્યું છે કે ભારત સરકાર દ્વારા બંને હેતુઓ માટેના અનુદાનની પૂરી રકમ જે તે વર્ષમાં નિયત સમયે રાજ્યોને ચુકવી આપવામાં આવે છે પરંતુ કેટલાક રાજ્યો દ્વારા પોતાની યુનિવર્સિટી / +2 કાઉન્સિલને નિયમિત પ્રવૃત્તિનું અનુદાન જે જૂનમાં 50% ફાળવવાનું હોય છે તે ન ફાળવાતા છેક માર્ચના અંતમાં બધુ જ અનુદાન ચૂકવવામાં આવે છે. પરિણામે યુનિવર્સિટી / +2 કાઉન્સિલ અને તેના એકમોએ અનુદાન વગર જ પ્રોગ્રામ ઓફીસર્સ પોતાના અંગત ભંડોળમાંથી કે પોતાની સંસ્થા પાસેથી ઉછીના નાણા મેળવી વર્ષ દરમિયાનની રાષ્ટ્રીય સેવા યોજનાની પ્રવૃત્તિ કરવાની થાય છે એટલું જ નહી પરંતુ કેટલીક વખત ખાસ શિબિરનું અનુદાન પણ શિબિર પૂર્ણ થયા પછી મળતું હોય છે. અલબત્ત, અનુદાનની ચૂકવણીમાં રાજ્ય કક્ષાએથી ઘણો વિલંબ થતો હોય છે અને અનિયમિતતા રહેતી હોય છે તે અંગે રાજ્ય સરકારે હકારાત્મક બની નિયમિતતા જાળવવી જોઈએ. જેથી આ પ્રવૃત્તિ સાથે સંકળાયેલ સર્વનો ઉત્સાહ જળવાઈ રહે અને રાષ્ટ્રીય સેવા યોજના દ્વારા થતી પ્રવૃત્તિઓ વધુ સારી રીતે કરી સમાજોત્કર્ષના હેતુ વધુ સરળતાથી સિદ્ધ કરી શકીએ.

### (અ) નિયમિત પ્રવૃત્તિ :

ભારત સરકારના પ્રવર્તમાન નિયમ પ્રમાણે પ્રતિ સ્વયંસેવર દીઠ રૂા. 250/- ગ્રાન્ટ આપવામાં આવે છે તેમાંથી પ્રતિ વિદ્યાર્થી દીઠ રૂા. 30/- યુનિવર્સિટીના વહીવટી ખર્ચ માટે યુનિવર્સિટી પોતે રાખે છે. અને બાકીની રકમ કોલેજોને ચૂકવી આપે છે. એક યુનિટમાં 100 સ્વયં સેવકો હોય છે. માટે $100 \times 220 = 22000$ રૂા. રેગ્યુલર ગ્રાન્ટના દરેક યુનિટને ચૂકવવામાં આવે છે. આ ગ્રાન્ટનો ખર્ચ નીચે મુજબ કરવામાં આવે છે.

(1) આખુ યુનિટ હોય તો 100, બેવડું યુનિટ હોય તો 200 વિદ્યાર્થીઓના 120 વિદ્યાર્થીઓના 120 કલાક પ્રમાણે સમાજકાર્યનો ઉલ્લેખ પ્રોજેક્ટના હિસાબના તારણપત્રમાં દર્શાવ્યો હોવો જોઈએ.

(2) આખા યુનિટ માટે પ્રોજેક્ટ ગ્રાન્ટના રૂા. 22,000 બે યુનિટ માટે રૂા. 44,000 આપવામાં આવશે. પ્રોજેક્ટ ગ્રાન્ટનો ઉપયોગ પ્રવૃત્તિઓની આવશ્યકતા અને ગુણવત્તા જોઈને કરવાંનો રહેશે તથા અધ્યાપક ઈનચાર્જનું માનદ વેતન આખા કે ડબલ એકમ માટે માસિક રૂા. 400 પ્રોજેક્ટ ગ્રાન્ટમાં જ સમાવવાનું રહેશે.

(3) દરેક પ્રવૃત્તિ પાછળ ફાળવેલ વિદ્યાર્થીઓ, કામના કલાક અને ખર્ચની સપ્રમાણતા જાળવણી જોઈએ, રેગ્યુલર એક્ટિવિટીઝના ખર્ચના પત્રકમાં દર્શાવેલ પાંચેય પ્રવૃત્તિઓમાં ખર્ચ થયેલું હોવું જોઈએ.

(4) રેગ્યુલર એક્ટિવિટિઝની ગ્રાન્ટમાંથી દર વર્ષ ન્યૂનતમ 50 સ્કાર્ફ લીલા રંગના ખાદીમાંથી જ નિયત નમૂના પ્રમાણે બનાવવાના રહેશે. ખાદી ભંડાર સિવાયનું બિલ માન્ય ગણાશે નહી. તેવી જ રીતે 50 એન.એસ.એસ બેજ એમ બંને મળીને દર વર્ષે રૂા. 1500 સુધીનું ખર્ચ આવશ્યક રીતે કરવાનું રહેશે. આ ખર્ચ ન કર્યું હોય તો રૂા. 1500 બેલેન્સ ગ્રાન્ટ તરીકે યુનિવર્સિટીમાં જમા કરાવવાના રહેશે તેને બીજા કોઈ હેડમાં વાપરી શકાશે નહી વાપર્યા હોય તો ઓડિટ ઓબ્જેક્શન કાઢી પરત કરવાના રહેશે.

(5) NSS ની નિયમિત પ્રવૃત્તિઓની ગ્રાન્ટનો ઉપયોગ કાર્યક્રમના આયોજન, સંચાલન, વિદ્યાર્થીઓને આવવા જવાનું મુસાફરી ખર્ચ, ભોજન અને નિવાસ તથા સાધનસામગ્રી પાછળ કરવાનો રહેશે.

(6) એન.એસ.એસ. પ્રોજેક્ટની ગ્રાન્ટમાંથી પ્રવૃત્તિવાર નીચે પ્રમાણે ખર્ચ કરવા કોલેજોને જણાવ્યું છે, તો હેડવાઇઝ તે પ્રમાણે ખર્ચ થવું જરૂરી છે.

⇨ **પ્રવૃત્તિવાર કલાક અને બજેટની ફાળવણી :**

| ક્રમ | પ્રવૃત્તિનું નામ | કલાક | અંદાજીત બજેટ |
|---|---|---|---|
| 1. | ઓરિયેન્ટેશન | 10 | 1,200 |
| 2. | સમાજદર્શન-સામાજિક સંસ્થાની મુલાકાત | 15 | 1,200 |
| 3. | તાલીમ | 15 | 2,000 |
| 4. | કૉમ્યુનિટિવ વર્ક દત્તક, ગામ-એરિયા પ્રવૃત્તિ | 50 | 6,700 |



| ક્રમ | પ્રવૃત્તિનું નામ | કલાક | અંદાજીત બજેટ |
|---|---|---|---|
| 5. | કોલેજ-કેમ્પસ પ્રવૃત્તિ | 20 | 1,600 |
| 6. | અધ્યાપકનું માનદ વેતન અને અન્ય વહીવટી ખર્ચ | – | 4,800 |
| 7. | યુનિ. તથા સ્ટેટ અને નેશનલ લેવલ સહયોગિતા | 10 | 1,500 |
| 8. | સ્કાર્ફ તથા બેઝ | – | 1,500 |
| 9. | ક્લોરિકલ માનદ વેતન | – | 900 |
| 10. | ઓડિટ ફી | – | 600 |
| | કુલ કલાક | | કુલ 22,000 રૂા. |

**નોંધ :** આ વિભાજન હાલના બજેટ પ્રમાણે છે, જ્યારે બજેટ બદલાય ત્યારે તેમાં પ્રમાણસર ફેરફાર થઈ શકશે.

(7) નિયમિત પ્રવૃત્તિની 1/3 ભાગની ગ્રાન્ટમાંથી કોલેજ એન.એસ.એસ. સલાહકાર સમિતિની મીટીંગના ઠરાવથી સાધન સામગ્રી ખરીદી શકશે. ખરીદેલ સામગ્રી ડેડસ્ટોક રજિસ્ટરમાં લખવી આવશ્યક છે.

(8) અધ્યાપકને મળતું માનદ વેતન નિયમિત પ્રવૃત્તિની ગ્રાન્ટમાંથી લેવાનું રહેશે.

**(b) શિબિર પ્રવૃત્તિની ગ્રાન્ટ :**

ભારત સરકાર દ્વારા ખાસ શિબિર માટે પ્રતિ સ્વયંસેવક દીઠ રૂા. 450ની ગ્રાન્ટ આપવામાં આવે છે. એક યુનિટમાં 50 વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે માટે રૂા. 450 × 50 = 22,500 રૂા.ની ગ્રાન્ટ પ્રત્યેક યુનિટને ચૂકવવામાં આવે છે. આ ગ્રાન્ટ સાત દિવસની વાર્ષિક શિબિરમાં ભોજન, નિવાસ, વાહન વ્યવહાર તજજ્ઞોના વ્યાખ્યાનો વગેરે હેડમાં કરવાનો હોય છે. સ્વાભાવિક રીતે સાત દિવસની શિબિર માટે મળતી આ ગ્રાન્ટ ઓછી પડે પરંતુ શિબિરમાં નિવાસ વ્યવસ્થા પ્રાથમિક શાળામાં કરવામાં આવે છે. સાદા ભોજનની વ્યવસ્થા કરવામાં આવે છે અને સાત દિવસ સુધી યોજાતા વિવિધ પ્રકારના કાર્યક્રમોમાં ગામનું યુવક મંડળ, ગામની સહકારી દૂધ ઉત્પાદક મંડળી, ગ્રામ પંચાયતનો સહયોગ મળી રહેતો હોય છે ઉપરાંત કેટલાક વિશિષ્ટ કાર્યક્રમો માટે કેટલીક સામાજિક સંસ્થાઓ આ સમાજ સેવાના કાર્યમાં સહયોગ આપતી હોય છે. NSS નો એક સિદ્ધાંત જાળવી રાખવામાં આવ્યો છે કે NSS ના કાર્યક્રમોમાં જ્યારે સામાજિક સંસ્થાઓ જોડાય છે ત્યારે NSS ફંડ નથી

માંગતુ પણ પ્રવૃત્તિમાં જોડાવા માટે અને કાર્યક્રમો માટેની જવાબદારીઓ સોંપે છે તે રીતે વધારાનું ફંડ ઉભું થાય છે માટે જ આટલા ઓછા બજેટમાં પણ સફળતાપૂર્વક સાત દિવસની શિબિર પૂરી કરી શકાય છે.

## 3.4 દૈનિક નોંધપોથીની જાળવણી :

રાષ્ટ્રીય સેવા યોજનાના દરેક સ્વયં સેવકોને પોતાની કાર્ય નોંધપોથી રાખવાની હોય છે. તેમાં વર્ષ દરમિયાન કરેલા કાર્યો, પ્રવૃત્તિઓ વગેરેની સંપૂર્ણ માહિતી આધારો સાથેની નોંધો રાખવાની હોય છે. વર્ષના અંતે આ કાર્યપોથી પ્રોગ્રામ ઓફિસરને સુપ્રત કરવાની હોય છે. આ કાર્યપોથીમાં નિયમિત પ્રવૃત્તિની નોંધ નીચે પ્રમાણે રાખવાની હોય છે.

⇨ **સ્વયં સેવકની નોંધપોથીનો નમૂનો નીચે મુજબ છે.**

**(I) દૈનિક નોંધપોથીના મુખ્ય પાના પર**

**રાષ્ટ્રીય સેવા યોજના (NSS)**

**દૈનિક નોંધપોથી**

શૈક્ષણિક વર્ષ : ______________________

કોલેજનું નામ : ______________________

યુનિવર્સિટીનું નામ : ______________________



**(II) દૈનિક નોંધપોથીના બીજા પાના પર**

(1) સ્વયં સેવકનું નામ : ______________________
(2) જન્મ તારીખ : ____________
(3) અભ્યાસનું વર્ષ : ____________
(4) રહેઠાણનું સરનામું : ______________________
(5) રાષ્ટ્રીય સેવા યોજનામાં જોડાયાનું વર્ષ : ____________
(6) રાષ્ટ્રીય સેવા યોજના જુથ નંબર : ____________
(7) પિતા / વાલીનું નામ : ______________________
(8) પિતા / વાલીનો વ્યવસાય : ______________________
(9) સંપર્ક નંબર : ______________________
(10) બ્લડ ગ્રુપ : ____________

પ્રોગ્રામ ઓફિસરની સહી ____________ સ્વયં સેવકની સહી ____________

**(III) ત્રીજા અને ચોથા પાના પર :**

**(1) સ્વયં સેવકોએ પાળવાની આચારસંહિતા :**

- પ્રોગ્રામ ઓફિસર દ્વારા નિમાયેલ જુથ નેતાના માર્ગદર્શન હેઠળ સર્વ સ્વયંસેવકોએ કાર્ય કરવાનું રહેશે.
- દરેક સ્વયં સેવકે જુથ નેતા અને સામાજિક અગ્રણીને સહકાર આપવાનો અને તેમનો વિશ્વાસ જાળવવાનો રહેશે.
- વિરોધાભાષી કે ચર્ચાસ્પદ બાબતોથી દરેક સ્વયંસેવકોએ દુર રહેવું.
- દરેક સ્વયં સેવકે પોતાની દૈનિક નોંધપોથીમાં દિન-પ્રતિદિનનો અહેવાલ, બાબતો અને અનુભવ લખવાનો રહેશે તેમજ આ દૈનિક નોંધપોથી પોતાના જુથ નેતા કે પ્રોગ્રામ ઓફીસરને માર્ગદર્શન માટે સમયાંતરે રજૂ કરવાની રહેશે.
- જ્યારે રાષ્ટ્રીય સેવા યોજનાની પ્રવૃત્તિ ચાલતી હોય ત્યારે દરેક સ્વયં સેવકે બેઈઝ ફરજિયાત લગાવવાનો રહેશે.

(2) રાષ્ટ્રીય સેવા યોજનાના ધ્યેય અને હેતુઓ લખવા.

(3) રાષ્ટ્રીય સેવા યોજનાની શરતો લખવી.

(4) અભિસ્થાપનની વિગત લખવી.

ત્યાર પછીના પાનાઓમાં સ્વયં સેવકોએ પોતાની દૈનિક કામગીરીની નોંધ લખવાની હોય છે. જે નીચે મુજબના નમુના પ્રમાણે નોંધપોથીમાં લખવાની જગ્યામાં રાખવામાં આવેલ હોય છે અને તેના માટે જરૂરિયાત મુજબના પાના સામેલ કરવામાં આવેલ છે.

**(a) નિયમિત પ્રવૃત્તિની દૈનિક નોંધપોથીમાં નોંધનો નમૂનો :**

| ક્રમ | તારીખ | કાર્ય સ્થળ | કાર્યની વિગત | અમલ (કલાકમાં) | | | સ્વયં સેવકની સહી | જૂથ નેતાની સહી | નોંધ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | થી | સુધી | કુલ | | | |
| | | | | | | | | | |



**(b) ખાસ શિબિરની દૈનિક નોંધપોથીમાં નોંધેલો નમૂનો :**

| તારીખ | | શિબિર સ્થળ | હાથ ધરેલ પ્રવૃત્તિઓ | અનુભવ મુશ્કેલીઓ | અનુભવેલી | સૂચનો |
|---|---|---|---|---|---|---|
| થી | સુધી | | | | | |
| | | | | | | |

નોંધ : શિબિર દરમિયાન કોઈ ખાસ પ્રવૃત્તિ કે અનુભવ થયેલી હોય તે અહીં લખવી નહીં.

સ્વયં સેવકની સહી                    પ્રોગ્રામ ઓફિસરની સહી

***

# યુનિટ 4 ભારત સરકારની યોજના તથા યુવાન

4.1 ભારત સરકારની યુવાનોને લગતી યોજનાઓ અને અન્ય કાર્યક્રમો
4.2 વિવિધ સંસ્થાઓ સાથે સંકલન
4.3 સામાજિક પરિવર્તનના અગ્રેસર (પ્રતિનિધિ) તરીકે યુવાન

**પ્રસ્તાવના :**

ભારતીય સમાજનો સર્વાંગીણ વિકાસ થાય તે હેતુથી ભારત સરકાર દ્વારા વિવિધ યોજનાઓનું અમલીકરણ કરવામાં આવ્યું છે જેવી કે બાળકલ્યાણને લગતી યોજનાઓષ સ્ત્રીઓના કલ્યાણ મોની યોજનાઓ, શિક્ષણને લગતી યોજનાઓ, પછાત જાતિ વિકાસ, સાગર ખેડૂ અને વનબંધૂ અને વિકલાંગ માટેની યોજનાઓ, રોજગાર, સ્વરોજગાર અને ઉદ્યોગ સાહસિકતાને લગતી યોજનાઓ, કૃષિ અને ગ્રામીણ વિકાસ, ગરીબ આવાસ યોજના, વિમા યોજના, ખેલકૂદ અને રમતગમત, મનોરંજન અને શહેરી વિકાસ, સ્વચ્છતા અને આવી બીજી અનેક યોજનાઓ ભારત સરકારે અમલમાં મૂકેલ છે. રાષ્ટ્રીય સેવા યોજનાના યુવાનો એ સમાજની વચ્ચે જઈને તે પછી શહેરીર વિસ્તાર હોય કે ગ્રામીણ વિસ્તાર હોય ત્યાં જઈને વિવિધ યોજનાઓ અંગે લોકોને જાગૃત કરવાના છે, આ યોજનાઓની માહિતી આપી યોજનાઓનો લાભ દરેક નાગરિક લઈ શકે તેવી જાગૃતિ લાવવાનું કામ NSS ના યુવાનોનું છે. માટે NSS નો યુવાન સ્વયં પોતે પહેલા આવી યોજનાઓનો અભ્યાસ કરે, જાણે અને પછી સમાજના અન્ય લોકોને તે અંગે જાગૃત કરે.

## 4.1 ભારત સરકારની યુવાનોને લગતી યોજનાઓ અને અન્ય કાર્યક્રમો :

ભારત યુવાઓનો દેશ છે અને યુવાનોનો સર્વાંગીણ વિકાસ થાય તે હેતુથી ભારત સરકાર દ્વારા યુવાનો માટે વિવિધ યોજનાઓનું ગઠન કરેલ છે. યુવાનોનો સર્વાંગીણ વિકાસ એટલે હેલ્થ, શિક્ષણ, વ્યવસાય જેવા તમામ ક્ષેત્રોના ઉત્કર્ષ માટેની યોજનાઓ અમલમાં છે. પરંતુ આ યોજનાઓ અંગે યુવાનો માહિતગાર હોય તે પણ ખૂબ જરૂરી બાબત છે કારણ કે યોજનાઓ અંગેની માહિતી ન હોવાના પરિણામે યોજનાઓનો લાભ યુવાનો સુધી પહોંચતો નથી અને યુવાધનનો અનેક શક્તિઓનો



લાભ દેશને મળતો નથી. યુવાશક્તિ વેડફાય છે તેટલું જ નહિ પરંતુ યુવા બેકારી, ગરીબી, નિરક્ષરતા, સામાજિક કુરિવાજો જેવા પ્રશ્નોથી પીડીત થઈને યુવાધન ખોટી દિશાઓ તરફ વહે છે અને તેમાંથી ભારતીય સમાજને અંતે નુકશાન થાય છે. દા.ત., બેકારી અને ગરીબીથી ત્રસ્ત થઈને યુવાનો કેટલીક વખત અનઅપેક્ષિત કાર્યો કરવા તરફ વળે છે. જે ભારતીય સમાજનું કલંક છે. દા.ત., વ્યસન, ગુનાખોરી, અપરાધ, આત્મહત્યા જેવી ઘટનાઓ દિન - પ્રતિદિન વધતી જાય છે પરંતુ ભારતના યુવાનોએ આગળ કહ્યું તે પ્રમાણે સર્વાંગીણ વિકાસ થાય તે પ્રકારનું જ્ઞાન હોય, દરેક યુવાનો આ યોજનાઓથી ભાભાન્વિત બને તો દેશના મોટા ભાગના પ્રશ્નો આપોઆપ હલ થઈ જશે અને યુવાનો માટેની આ યોજનાઓ વધુમાં વધુ પ્રચાર પ્રસાર થાય, તમામ લોકો લાભાન્વિત બને તે હેતુસર NSS માં જોડાયેલા યુવાનો પાસે ભારત સરકાર અને સમગ્ર સમાજ અપેક્ષા રાખે છે. કારણ કે NSS નો યુવાન સ્વયં જાગૃત છે, સૌને સાથે રાખીને કામ કરનારો યુવાન છે. પોતાની રાષ્ટ્ર પ્રત્યેની ફરજોથી વાકેફ છે. માટે ભારત સરકારની આ વિવિધ યોજનાઓ દરેક યુવાન સુધી પહોંચે, દરેક યુવાન તેનાથી માહિતગાર થાય, યોજનાઓનો લાભ લેતો થાય તેવું વાતાવરણ ઊભુ કરવાની પહેલ NSS ના યુવાનો કરી રહ્યા છે અને કરવાની છે. કારણ કે રાષ્ટ્રીય સેવા યોજનાની પ્રવૃત્તિઓ સાથે જોડાયેલો યુવાન બીજા યુવાનો કરતા અલગ પ્રકૃતિ ધરાવતો અને દેશના હિત માટે સમર્પિત યુવાન છે. આવો, અહીંયા આપણે **ભારત સરકારની વિવિધ યોજનાઓ પૈકી યુવા વર્કને સ્પર્શતી યોજનાઓ અંગે પરિચય** મેળવીએ.

### [1] અભયમ 181

**(A) યોજનાનું નામ :** આ યોજનાનું નામ "અભયમ્ 181" રાખવામાં આવ્યું છે. મહિલાઓની મર્યાદાને કારણે તેમને પતિ તરફથી કુટુંબ તરફથી, શાળા-કોલેજમાં અભ્યાસ દરમ્યાન, નોકરીના સ્થળે અન્ય પુરુષ સહકર્મચારી દ્વારા અથવા અન્ય સ્થળે જો પિડિત કરવામાં આવે તો તત્કાલ 181 નંબરના ફોન દ્વારા તેઓ રક્ષણ મેળવીને ભયમુક્ત બની શકે છે. આથી આ યોજનાનું નામ "અભયમ્ 181" રાખવામાં આવ્યું છે.

**(B) યોજનાની સ્થાપના :** આ યોજના ગુજરાત રાજ્યમાં અમલમાં મુકાયેલી વિશિષ્ટ યોજના છે. આ યોજનાનો અમલ ગુજરાત રાજ્યમાં 4 ફેબ્રુઆરી, 2014 થી કરવામાં આવ્યો છે. પ્રાથમિક તબક્કામાં આ યોજના ગુજરાતનાં મોટાં શહેરો - અમદાવાદ, રાજકોટ, સુરત અને વડોદરામાં લાગુ પાડવામાં આવી હતી. તા. 2 માર્ચ, 2015ના રોજથી માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ દ્વારા આ યોજનાનું વિસ્તૃતીકરણ કરીને સમગ્ર રાજ્યમાં અમલી બનાવાઈ છે.

(C) **ઉદ્દેશ :** સમાજમાં સ્ત્રી સતામણી અને પિડા પહોંચાડવાના બનાવોમાં છેલ્લા થોડા સમયમાં ઘણો વધારો થયો છે. વ્યક્તિગત અને સામૂહિક બળાત્કાર, પતિ તથા કુટુંબ તરફથી સ્ત્રીઓને અપાતો ત્રાસ, શાળા-કોલેજમાં થતા છેડતીના બનાવો, ઓફિસોમાં ઓફિસર અથવા કર્મચારીઓ દ્વારા થતી સ્ત્રી સતામણી તથા જાહેર સ્થળોએ સ્ત્રી છેડતીના બનાવોને અટકાવવા તાત્કાલિક પોલીસ તથા અન્ય પ્રકારની કુમક પહોંચાડીને આવી પિડિત સ્ત્રીઓને સ્થળ પર જ સહાય પહોંચાડવાના ઉદ્દેશથી આ યોજના અમલમાં મૂકવામાં આવી છે.

(D) **સહાયનું સ્વરૂપ :** પિડિત સ્ત્રીઓને ભયમાંથી મુક્ત કરતી આ એક સમયસરની સહાય યોજના છે. 181 નંબરનો ફોન કરવાથી પિડિત સ્ત્રીને તાત્કાલિક પોલીસ દ્વારા, મહિલા આયોગના કાર્યકરો દ્વારા અથવા મહિલા સ્વયંસેવી સંસ્થા દ્વારા મદદ માટે ધસી જવાની આ યોજના છે.

(E) **યોજનાની અન્ય વિગતો :**

(1) આ યોજના ગુજરાત સરકારીની "નારી ગૌરવનીતિ, 2006" અને "જેન્ડર રીસોર્સ સેન્ટર" (GRC)ના સંયુક્ત ઉપક્રમે આ એક પોલીસ સ્ટેશન બેઈસ્ડ સપોર્ટ સેવા છે.

(2) રાજ્યના ગૃહ વિભાગ અને GVK KMR1 સાથે સંકલન સાધીને પોલીસ અને એમ્બ્યુલન્સ સેવાની જેમ જ માંગણી કરાતાં તત્કાલ સેવા પૂરી પાડવાની આ યોજના છે.

(3) પિડિત મહિલાને મુશ્કેલીના સમયમાં યુદ્ધના ધોરણે રક્ષણ પૂરું પાડતી આ યોજના છે. માત્ર 181 નંબર ઉપર ટેલિફોન કરીને સહાયક ટીમે ક્યાં પહોંચવું તેની જાણ થતાં જ સહાય ટીમ જે તે સ્થળે પહોંચીને પિડિત મહિલાને સહાય કરે છે.

(4) આ યોજનાનો અમલ રાજ્યના ગૃહવિભાગ, મહિલા અને બાળકલ્યાણ વિભાગ તથા રાજ્યના મહિલા આયોગ અને મહિલા સ્વયં સેવા સંસ્થા દ્વારા જે નજીકના સ્થળે હોય તેની સાથે સંકલન કરીને પિડિત મહિલાને યુદ્ધના ધોરણે વહેલામાં વહેલી તકે મોબાઈલ વાન દ્વારા કુમક પહોંચાડીને સહાય પૂરી પાડવામાં આવે છે.

(5) અભયમ્ 181 હેલ્પ લાઈનનું સહાયનું સ્વરૂપ નીચે પ્રમાણે છે :

(i) ફોન ઉપર માર્ગદર્શન અને સલાહસૂચન

(ii) હિંસાના સંજોગોમાં તાત્કાલિક બચાવની કામગીરી



(iii) ટૂંકાગાળાનું અને લાંબાગાળાનું કાઉન્સેલીંગ

(iv) મહિલાલક્ષી સાહય માળખું અને મહિલા કલ્યાણની યોજનાઓ અંગે માહિતી પૂરી પાડવી.

## [2] બેટી બચાવો, બેટી પઢાઓ

(A) **યોજનાનું નામ :** આ યોજનાનું નામ "બેટી બચાવો બેટી પઢાઓ" છે. આ યોજના ભારત સરકારની વિશિષ્ટ યોજના છે, જે હેઠળ બેટી જન્મને આવકારવાની અને તે અંગે નિરાશ થવાને બદલે ખુશીના પ્રસંગ તરીકે ઉજવવાની માનસિકતાનો વિકાસ કરવાનો છે. તે સમયના ગુજરાતના મુખ્યપ્રધાન માનનીય શ્રી નરેન્દ્ર મોદી દ્વારા ગુજરાત રાજ્યમાં શરૂ કરીને તેઓ ભારતના વડાપ્રધાન બનતાં આ યોજનાને રાષ્ટ્રીય સ્વરૂપ આપવામાં આવ્યું છે.

(B) **યોજનાની સ્થાપના :** આ યોજના કેન્દ્ર સરકારની છે, જેનો અમલ દેશનાં બધાં જ રાજ્યોમાં કરવામાં આવે છે. આ યોજનાની શરૂઆત માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા 22 જાન્યુઆરી 2015ના રોજથી હરિયાણા રાજ્યના પાણીપતથી કરવામાં આવી છે. આ યોજનાનો અમલ ભારત સરકારના "બાળવિકાસ મંત્રાલય" દ્વારા કરવામાં આવી રહ્યો છે.

(C) **ઉદ્દેશ :** આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ સમાજમાં ખોટી માન્યતાઓ આધારિત બેટી જન્મને જે રોકવાનો પ્રયત્ન કરાય છે તે સંબંધી લોકોની માનસિકતામાં બદલાવ લાવવાની જરૂર છે. પાછલાં કેટલાંક વર્ષોમાં બાળકી જન્મમાં ગણનાપાત્ર રીતે ઘટાડો થયો છે. વર્ષ 1916માં દર હજારે બાળકી જન્મની સંખ્યા જે 976 હતી તે 2011ની છેલ્લી વસ્તી ગણતરી પ્રમાણે ઘટીને 918 થઈ છે. આ પ્રકારે બાળકી જન્મના ઘટાડાથી ભવિષ્યમાં અનેક સામાજિક સમસ્યાઓ પેદા થઈ શકે છે. આ ઘટના નિવારવા માટે કેન્દ્ર સરકાર દ્વારા આ અભિયાન ચલાવવામાં આવે છે. સાથે સાથે ભારતમાં મા-બાપો દ્વારા કન્યા કેળવણીને અપાતા ઓછા મહત્ત્વને દૂર કરવા આ અભિયાનમાં બેટી પઢાઓને પણ સાંકળવામાં આવ્યું છે.

(D) **યોજનાની અન્ય વિગતો :**

(1) બાળ લીંગ પ્રમાણની અસમતા દૂર કરવાની યોજના છે.

(2) મહિલાઓને શિક્ષણ દ્વારા સક્ષમ અને સ્વતંત્ર બનાવવાના પ્રયત્નો થાય છે.

(3) શરૂઆતનાં વર્ષોમાં આ અભિયાન હેઠળ ભારતના 100 જિલ્લાઓને આવરી લેવામાં આવ્યા હતા. ક્રમિક રીતે બધા જ જિલ્લાઓને આ યોજના હેઠળ સાંકળવાનું આયોજન છે.

(4) ગામના જુદા જુદા સ્થળે ગુડ્ડા-ગુડ્ડીના જન્મના આંકડાઓ સામયિક ધોરણે પ્રદર્શિત કરીને ગામમાં આ સંબંધી જાગૃતિ લાવવામાં આવશે.

(5) ભારતીય નાગરિકોને નીચે મુજબના શપથ લેવડાવવામાં આવશે :

(i) બાળકી જન્મને ઉત્સવ તીરકે વધાવવો.

(ii) બેટીના જન્મ, પ્રવૃત્તિઓ ઉપર ગર્વ લેવો.

(iii) છોકરા - છોકરી વચ્ચે સમાનતાની માનસિકતા વિકસાવવી.

(iv) બાળ વિવાહ અને દહેજ પ્રથાનો વિરોધ કરવો.

(v) બાળકીને સમયસર શાળા પ્રવેશ કરાવી તેના અભ્યાસની કાળજી રાખવી.

(vi) બાળકીઓ અને મહિલાઓનો સુરક્ષિત વાતાવરણમાં ઉછેર કરવો અને કારકિર્દી ઘડવા માટેની સમાન તકો પૂરી પાડવી.

(vii) મહિલાઓના સંપત્તિના અધિકારને સમર્થન આપવું.

## [3] મિશન મંગલમ્

**(A) યોજનાનું નામ :** આ યોજનાનું નામ "મિશન મંગલમ્" છે. રાજ્યની ગરીબ મહિલાઓ અને તેઓના પરિવારનું જીવનધોરણ ઊંચું લાવવા માટેની આ ગુજરાત રાજ્યની વિશિષ્ટ મહત્ત્વલક્ષી યોજના છે. ગરીબ મહિલાઓનું તેનાથી કલ્યાણ થતું હોવાથી તેનું નામ "મિશન મંગલમ્" રાખવામાં આવ્યું છે.

**(B) યોજનાની સ્થાપના :** આઝાદીનાં 1997માં 50 વર્ષ પૂર્ણ થતાં ભારત સરકાર દ્વારા 1997ના વર્ષથી સુવર્ણજયંતિ ગ્રામ સ્વરાજ યોજના (SGSY) દાખલ કરવામાં આવી હતી, જેનો મુખ્ય ઉદ્દેશ ગરીબ મહિલાઓને સ્વસહાય જૂથો (SHGs) રચના માટે પ્રેરીને તેઓ દ્વારા સ્વરોજગાર સ્થાપવાનો હતો. ગુજરાત સરકારે આ યોજનાનું પરિવર્તન કરી 'મિશન મંગલમ્' યોજના અમલમાં મૂકી છે. મિશન મંગલમ્ એ ગુજરાત રાજ્યની વિશિષ્ટ યોજના છે. આ યોજના 15 ફેબ્રુઆરી 2012 થી શરૂ કરવામાં આવી છે.

**(C) ઉદ્દેશ :** મિશન મંગલમ્ યોજનાનો ઉદ્દેશ ગરીબ મહિલાઓને તેઓ દ્વારા સ્વસહાય જૂથ (SHGs - Self Help Groups) ની રચના દ્વારા વ્યક્તિગત



અથવા સામૂહિક ધોરણે માઇક્રો રોકાણવાળી આર્થિક પ્રવૃત્તિઓ શરૂ કરીને આવકનું ઉપાર્જન કરવાનો છે. આ દ્વારા ગરીબ પરિવારોનું જીવનધોરણ સુધારવાનો આ યોજનાનો ઉદ્દેશ છે.

**(D) સહાયનું સ્વરૂપ :** મિશન મંગલમ્ એ વધુમાં વધુ 20 મહિલાઓનું સખીમંડળ છે. આ યોજનામાં સખી મંડળ અથવા સ્વસહાય જૂથની રચના દ્વારા માસિક બચતની ટેવ પાડીને એકત્રિત થયેલા સંયુક્ત ભંડોળમાંથી વ્યક્તિગત અથવા સામૂહિક લોન પૂરી પાડીને મહિલાઓને આવકના ઉપાર્જન માટે માઇક્રો કક્ષાની ધંધાકીય પ્રવૃત્તિઓમાં જોડવામાં આવે છે. આવાં જૂથોનું સરકારી તંત્ર દ્વારા મૂલ્યાંકન થાય છે. સફળ થયેલાં સ્વ સહાય જૂથોને નીચે મુજબની સવલતો પૂરી પાડવામાં આવે છે.

(1) છ માસના આયુષ્ય ધરાવતાં અને મૂલ્યાંકન દ્વારા સફળ જાહેર થયેલાં જૂથોને સરકાર દ્વારા રૂ. 5,000 નું રીવોલ્ડીંગ ફંડ સહાય તરીકે પૂરું પાડવામાં આવે છે. આ રકમ વધારીને 2014 થી રૂ. 15,000 કરવામાં આવી છે.

**(E) યોજનાની વિગતો અને અન્ય શરતો :**

(1) આ પ્રવૃત્તિ દ્વારા ગામડાની ગરીબ મહિલાઓને ધંધાકીય પ્રવૃત્તિ તરફ વાળીને આવકના ઉપાર્જન દ્વારા તેઓની આર્થિક પરિસ્થિતિમાં સુધારો લાવવામાં આવે છે.

(2) SC/ST, વિધવા અને લઘુમતી કોમની ગરીબ બહેનોને પસંદગીના ધોરણે આ યોજનામાં જોડવામાં આવે છે.

(3) મહિલાઓના સ્વસહાય જૂથની રચના દ્વારા જૂથના નામે બેંક ખાતું ખોલાય છે. જૂથ દ્વારા નક્કી કરેલ માસિક બચતની રકમ દર માસે બેંક ખાતામાં જમા થાય છે. જૂથ દ્વારા તેમાંથી પ્રમુખ, ઉપપ્રમુખ અને સેક્રેટરીની પસંદગી કરાય છે, જેમની સહીથી બેંક સાથે વ્યવહારો કરવામાં આવે છે.

(4) માસિક ધોરણે યોજાતી મીટીંગમાં જૂથના સભ્યો મુક્ત ચર્ચા દ્વારા જૂથનાં એકત્રિત થયેલાં નાણાંનું સભ્યો વચ્ચે આંતરિક ધિરાણ કરાય છે. આંતરિક લોન પર નિયત કરેલ વ્યાજ અને મુદ્દલની રકમ અનુકૂળતાઓ દ્વારા જૂથને પરત કરવામાં આવે છે.

(5) ગામડામાં કામ કરતી આંગણવાડી કાર્યકર બહેનો આ પ્રકારનાં સ્વસહાય જૂથોની સ્થાપનામાં સહાય કરે છે અને તે માટે તેઓને નાણાકીય પ્રલોભનો પણ પૂરાં પાડવામાં આવે છે.

## [4] ખિલખિલાટ યોજના

**(A) યોજનાનું નામ :** આ યોજનાનું નામ "ખિલખિલાટ" છે. આ યોજના ગુજરાત સરકારની વિશિષ્ટ યોજના છે. કોઈપણ કુટુંબમાં બાળજન્મ એ આનંદનો અવસર છે. સરકારી દવાખાનાઓમાં ગરીબ અને મધ્યમવર્ગની પ્રસૂતાને ઘેર લઈ જવા માટે તેઓ પાસે કોઈ વાહન હોતું નથી. આ યોજના હેઠળ પ્રસૂતિ બાદ જ્યારે તંદુરસ્ત માતા અને તંદુરસ્ત બાળકને સુરક્ષિત રીતે ઘેર પહોંચાડવા માટે ગુજરાત સરકાર દ્વારા આ યોજના અંતર્ગત "ખિલખિલાટ એમ્બ્યુલન્સ કાર"ની વ્યવસ્થા કરવામાં આવી છે, જે પ્રસૂતા તથા તેના બાળકને વિના મૂલ્યે ઘેર પહોંચાડે છે.

**(B) યોજનાની સ્થાપના :** આ યોજના ગુજરાત સરકારની વિશિષ્ટ યોજના છે. આ યોજના 2015-2016 થી અમલમાં મૂકવામાં આવી છે.

**(C) ઉદ્દેશ :** આ યોજનાનો ઉદ્દેશ પ્રસૂતાને તેના નવજાત શિશુ સાથે પ્રસૂતિ પછી આનંદપૂર્વક દવાખાનેથી સહીસલામત રીતે ઘેર પહોંચાડવા માટે વિના મૂલ્યે "ખિલખિલાટ એમ્બ્યુલન્સ વાન"ની સેવા પૂરી પાડવામાં આવે છે.

**(D) યોજનાની વિગતો :**

(1) આ સેવા પોલીસ, એમ્બ્યુલન્સ અને ફાયર બ્રિગેડની સેવાની જેમ માંગણી કરતાં પ્રાપ્ત થાય છે.

(2) પ્રસૂતાને પ્રસૂતિ બાદ નવજાત શિશુ સાથે વિના મૂલ્યે તેમના ઘેર પહોંચાડવામાં આવે છે.

## [5] સુરક્ષા સેતુ યોજના

**(A) યોજનાનું નામ :** આ યોજનાનું નામ "સુરક્ષા સેતુ યોજના" છે. મહિલાઓને સ્વરક્ષા બક્ષતી આ ગુજરાત રાજયની વિશિષ્ટ યોજના છે.

**(B) યોજનાની સ્થાપના :** મહિલાઓને રક્ષણ પૂરું પાડતી યોજનાઓમાં દેશમાં ગુજરાત મોખરે રહ્યું છે. આ યોજનાઓ પૈકી "181 અભયમ્" તાત્કાલિક પોલીસ રક્ષણ અને "નારી અદાલતો" મહત્ત્વની છે. નારીને પોતાની જાતે જ સ્વરક્ષણ પૂરું પાડતી આ સુરક્ષા સેતુ યોજના ગુજરાત રાજયની વિશિષ્ટ યોજના છે.

**(C) ઉદ્દેશ :** સમાજમાં મહિલાને પીટતા અનેક પ્રસંગો વધતા જાય છે, તે સંજોગોમાં મહિલાઓને સશક્ત બનાવીને તેઓનું સ્વરક્ષણ પોતે જ કરે એ ઉદ્દેશથી આ યોજના હેઠળ મહિલાઓને સઘન તાલીમ દ્વારા સ્વરક્ષણ માટે તૈયાર કરવામાં આવે છે.



**(D) યોજનાની વિગત :**

(1) આ યોજના હેઠળ મહિલાઓને શારીરિક તાલીમ પૂરી પાડીને પ્રતિકૂળ સંજોગોમાં તેઓ જાતે જ પોતાનું રક્ષણ કરી શકે તે પ્રકારની સઘન શારીરિક તાલીમ પૂરી પાડવામાં આવે છે.

(2) જૂન, 2016 સુધીમાં ગુજરાતમાં 5 લાખ મહિલાઓને આ પ્રકારની તાલીમ પૂરી પાડીને તેઓને સ્વરક્ષણ માટે તૈયાર કરાઈ છે.

## [6] ઉચ્ચ શિક્ષણ ધિરાણ યોજના

**(A) યોજનાનું નામ :** આ યોજનાનું નામ 'ઉચ્ચ શિક્ષણ ધિરાણ યોજના' છે.

**(B) યોજનાની સ્થાપના :** આ યોજના ભારત સરકારની છે, જેનો અમલ રાજય સરકારો દ્વારા કરાય છે.

**(C) ઉદ્દેશ :** ભારતના કોઈપણ તેજસ્વી તારલાને ઉચ્ચ અભ્યાસ માટે આર્થિક મુશ્કેલી ન પડે તે માટેની આ 5 વર્ષની નાણાકીય લોન સહાય પૂરી પાડતી યોજના છે.

**(D) સહાયનું સ્વરૂપ :** આ યોજના હેઠળ વાર્ષિક રૂ. 2 લાખથી વધુમાં વધુ રૂ. 10 લાખ સુધી અને પાંચ વર્ષના તથા વિદેશી અભ્યાસક્રમ માટે વાર્ષિક રૂ. 4 લાખથી વધુમાં વધુ રૂ. 20 લાખ સુધીની શૈક્ષણિક લોન પ્રાપ્ય થાય છે. આ શૈક્ષણિક લોન 3%ના નજીવા વ્યાજે મળે છે જે વ્યાજ સહિતના માસિક 60 હપતામાં પરત કરવાની રહે છે.

**(E) સહાયની પાત્રતા અને શરતો :**

(1) ભારતના ગમે તે વિદ્યાર્થી કે જેની ઉંમર 16 થી 32 વર્ષની હોય તેને આ લોન સહાય મળે છે.

(2) આ લોનનો ઉપયોગ ઉચ્ચ શિક્ષણ સંબંધી કોઈપણ જરૂરિયાત પૂર્ણ કરવામાં કરી શકાય છે.

(3) આ લોનની રકમ વ્યાજ સહિતના 60 સરખા માસિક હપતામાં પરત કરવાની રહેશે. લોનનો પ્રથમ હપતો અભ્યાસ પૂર્ણ થયાના 6 માસ અથવા નોકરી પ્રાપ્ત કરવાની તારીખ, બે માંથી જે વહેલી હોય ત્યારથી શરૂ થશે.

(4) લાભાર્થીના કુટુંબની વાર્ષિક આવકની મર્યાદા ગ્રામ્ય વિસ્તાર માટે રૂ. 81,000 અને શહેરી વિસ્તાર માટે રૂ. 1,03,000 થી વધુ હોવી જોઈએ નહિ.

(5) આ લોનની રકમનો 90% ભાગ કેન્દ્ર સરકાર દ્વારા આ હેતુ માટે સ્થપાયેલ વિશિષ્ટ નિગમ દ્વારા અને 10% ભાગ રાજ્ય સરકારે ફાળવવાનો રહેશે.

## [7] સર્વશિક્ષા અભિયાન યોજના

**(A) યોજનાનું નામ :** આ યોજનાનું નામ "સર્વ શિક્ષા અભિયાન" (SSA) છે. ગુજરાતમાં આ યોજનાનું સંચાલન ગુજરાત રાજ્ય પ્રારંભિક શિક્ષણ પરિષદ દ્વારા કરવામાં આવે છે.

**(B) યોજનાની સ્થાપના :** કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારના સહયોગથી 2001ની સાલથી દેશમાં સાક્ષરતાની કક્ષા ઊંચી લાવવા માટેની આ યોજના છે.

**(C) ઉદ્દેશ :** આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ જ્ઞાતિ અને લિંગ આધારિત સામાજિક ભેદભાવ દૂર કરી દેશના 6 થી 14 વર્ષની ઉંમરનાં બધાં જ બાળકોને પ્રાથમિક શિક્ષણ પૂરું પાડવાનો છે.

**(D) સહાયનું સ્વરૂપ :** કેન્દ્ર અને રાજ્ય સરકારોના સહયોગથી દેશમાં બુનિયાદી અને પ્રાથમિક શિક્ષણ માટે નવી શાળાઓની સ્થાપના કરવી, સંડાસ, પીવાના પાણીની સુવિધા પૂરી પાડવી, ગરીબ અને પછાત બાળકોના વિદ્યાર્થીઓને મફત પુસ્તકો પૂરાં પાડવાં વગેરે જેવી સુવિધાઓ ઊભી કરવાનો છે. 10મી પંચવર્ષીય યોજના દરમ્યાન કેન્દ્ર અને રાજ્ય સરકાર વચ્ચે આવી ગ્રાન્ટનો ખર્ચ 75:25 ધોરણે અને તે પછીનાં વર્ષોમાં 50:50 ધોરણે ફાળવાશે.

**(E) યોજનાના અમલનું સ્વરૂપ :**

(1) આ યોજના હેઠળ રાજ્યમાં સરકારી ગ્રાન્ટ દ્વારા પ્રાથમિક અને બુનિયાદી શાળાઓની રચના કરવામાં આવે છે.

(2) શાળાનું મકાન બાંધકામ તથા અન્ય જરૂરી સુવિધાઓ જેમકે પીવાનું પાણી, સંડાસ વગેરે સવલતો પૂરી પડાશે. ગરીબ અને પછાત વર્ગનાં બાળકોને મફત પાઠ્યપુસ્તકો પૂરાં પાડવામાં આવશે.

(3) દેશનાં 6 થી 14 વર્ષનાં બાળકો 2007 સુધીમાં કોઈપણ જાતના ભેદભાવ વગર પ્રાથમિક અને બુનિયાદી શિક્ષણ મેળવી શકે તે માટેની યોજના છે.



## [8] વિદ્યાર્થીઓને ટેબલેટ્સ પૂરા પાડવાની યોજના

**(A) યોજનાનું નામ :** આ યોજનાનું નામ "વિદ્યાર્થીઓને ટેબલેટ્સ પૂરું પાડવાની યોજના" છે.

**(B) યોજનાની સ્થાપના :** આ યોજના ગુજરાત સરકારની વિશિષ્ટ યોજના છે. ગુજરાત રાજ્યમાં આ યોજનાનો અમલ સપ્ટેમ્બર, 2014 થી થાય છે.

**(C) ઉદ્દેશ :** આધુનિક ઇન્ફર્મેશન અને કોમ્યુનિકેશન ટેક્નોલોજી (ICT) ના યુગમાં ઈન્ટરનેટ કનેક્ટીવીટી દ્વારા મોંઘા ટેક્નોલોજીકલ ઉપકરણો અનિવાર્ય બન્યાં છે. જે પછાત જાતિના અને ગરીબ એવા તેજસ્વી વિદ્યાર્થીઓ વસાવી શકતા નથી. આવાં ઉપકરણો જેવાં કે કમ્પ્યુટર, લેપટોપ, ટેબલેટ, આઈપેડ, સ્માર્ટફોન વગેરેનો સમાવેશ થાય છે. આ પૈકી આ યોજના હેઠળ આવા વિદ્યાર્થીઓ ટેબલેટ ખરીદી શકે તે માટે નાણાકીય સહાય પૂરી પડાય છે.

**(D) સહાયનું સ્વરૂપ :** લાયક વિદ્યાર્થીને ટેબલેટ ખરીદવા માટે ગુજરાત સરકાર દ્વારા રૂ. 6000ની મર્યાદામાં રોકડ સહાય પૂરી પાડવામાં આવે છે.

**(E) સહાયની પાત્રતા અને શરતો :**

(1) SC/ST/OBC જાતિના વિદ્યાર્થીઓને આ સહાય પૂરી પડાય છે.

(2) લાભાર્થીએ ધો. 12ની વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા 70% અથવા તેથી વધુ માર્ક્સથી પસાર કરેલી હોવી જોઈએ.

(3) રાજ્યની આઈ.ટી.આઈ. સંસ્થા દ્વારા ચલાવાતા COPA ટ્રેડમાં તાલીમ મેળવતા તાલીમાર્થીને પણ આ સહાય હેઠળ આવરી લેવામાં આવ્યા છે, પરંતુ તેમાં એક વધારાની શરત એ મૂકવામાં આવી છે કે જો તાલીમાર્થી તાલીમ પૂર્ણ કર્યા પછીની પરીક્ષામાં પાસ ન થાય તો તેણે આ રીતે પૂરું પડાયેલ ટેબલેટ આઈ.ટી.આઈ. સંસ્થામાં જમા કરાવવાનું રહેશે.

## [9] માનનીય મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજના

**(A) યોજનાનું નામ :** આ યોજનાનું નામ "માનનીય મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજના" છે.

**(B) યોજનાની સ્થાપના :** આ યોજના ગુજરાત સરકારની શૈક્ષણિક ક્ષેત્રમાં નાણાકીય સહાય પૂરી પાડતી યોજના છે. આ યોજના તા. 3 માર્ચ, 2014થી અમલમાં મૂકવામાં આવી છે. તેનું અમલીકરણ રાજ્ય સરકારના શિક્ષણ

વિભાગ દ્વારા થાય છે. આ યોજનાનો અમલ 'નોલેજ કન્સોર્ટીયમ', ગુજરાત (KCG) મારફતે કરાય છે. KCG ના વેબપોર્ટલ મારફતે જરૂરી માર્ગદર્શન અને ઓન લાઈન રજીસ્ટ્રેશન કરાવી શકાય છે.

**(C) ઉદ્દેશ :** આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ પછાત જાતિના અને ગરીબ વર્ગના તેજસ્વી વિદ્યાર્થીઓને નાણાકીય શિષ્યવૃત્તિ દ્વારા તેઓની કારકિર્દી ઘડવાનો છે.

**(D) સહાયનું સ્વરૂપ :** લાભાર્થીઓને નીચેના બે પ્રકારના સ્વરૂપની સહાય પૂરી પાડવામાં આવે છે.

(1) શૈક્ષણિક લોન લેતા લાભાર્થીઓ : ઉચ્ચ અભ્યાસ (ધો. 12 પછી)ના હેતુ માટે જો વિદ્યાર્થી બેંકમાંથી શૈક્ષણિક લોન લેતા હોય તેઓને દર વર્ષે લોનની 50% રકમ અથવા રૂ. 50,000 બેમાંથી જે ઓછી હોય તેટલી રકમ, જે તે બેંકને સીધી ચૂકવાય છે. આમ વ્યાજપાત્ર શૈક્ષણિક લોનનો બોજો 50% અથવા રૂ. 50,000 ઘટી જાય છે.

(2) અન્ય લાયક મેરીટમાં આવતા વિદ્યાર્થીઓ : આવા વિદ્યાર્થીઓ જો સરકારી / ગ્રાન્ટ ઇન એઇડ કોલેજોમાં પ્રવેશ મેળવે તો દર વર્ષે રૂ. 5000ની શિષ્યવૃત્તિ મેળવવા પાત્ર ગણાશે.

**(E) સહાયની પાત્રતા અને શરતો :**

(1) પછાત જ્ઞાતિના વિદ્યાર્થીઓ તથા અન્ય ગરીબ વિદ્યાર્થીઓ કે જેમના વાલીની વાર્ષિક આવક રૂ. 4.50 થી વધુ ન હોય તેઓને આ શિષ્યવૃત્તિ મળી શકશે.

(2) લાભાર્થીએ ધો. 12ની પરીક્ષા ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર અથવા અન્ય માન્ય બોર્ડની પરીક્ષા ગુજરાત રાજ્યમાંથી પાસ કરેલી હોવી જોઈએ.

(3) ધો. 12 પછી તેણે સ્નાતક કક્ષાના અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવેલ હોવો જોઈએ.

(4) રાજ્યનાં સૌથી ઓછી મહિલા સાક્ષરતા ધરાવતા તાલુકાઓની શાળાઓમાંથી ધો. 12ની પરીક્ષા 75% અથવા વધારે ગુણ પ્રાપ્ત કરનાર કન્યાને આવકની મર્યાદા વગર મેરીટના ધોરણે આ શિષ્યવૃત્તિ આપવામાં આવશે.

(5) ભારતની પ્રિમિયર સંસ્થાઓ જેવી કે IIM, IIT, NID, NDA, AIMC, AIMS, ફિલ્મ ઇન્સ્ટીટ્યુટ, પૂનામાં રાજ્ય બહાર પ્રવેશ મેળવેલ વિદ્યાર્થી સહાયને પાત્ર ગણાશે.



(6) ગુજરાત રાજ્યનો ચાર વર્ષનો ઇન્ટીગ્રેટેડ બી.એડ. ડીગ્રી ડિપ્લોમાં પ્રવેશ મેળવતા વિદ્યાર્થીને આ સહાય મળી શકશે.

(7) ભારતીય સેના, કેન્દ્ર અને રાજ્ય પોલીસ અનામત દળ, પોલીસ દળ, અર્ધપોલીસ દળના નોકરી દરમ્યાન માર્યા ગયેલા વ્યક્તિના સંતાનોને આ સહાય પ્રાપ્ત થશે.

(8) ગુજરાતના નાગરિક યુદ્ધ કે આતંકવાદમાં માર્યા ગયાં હોય તેનાં સંતોનોને આ સહાય પ્રાપ્ત થશે.

(9) લાભાર્થીની પાત્રતામાં ધો. 12ના વિજ્ઞાન પ્રવાહના સૌથી વધુ માર્ક્સ ધરાવતા 5% વિદ્યાર્થીઓ અને ધો. 12ના સામાન્ય પ્રવાહના સૌથી વધુ માર્ક્સ ધરાવતા 1% વિદ્યાર્થઈઓ આ સહાય માટે પાત્ર ગણાશે. આ ઉપરાંત 500 વધારાની શિષ્યવૃત્તિઓ ઉપર દર્શાવેલ કેટેગરી (4), (5), (6), (7) અને (8) માટે આ સહાય માટેની જોગવાઈ કરવામાં આવી છે.

(10) ધો. 12ની સૌથી વધારાની ટકાવારીની ગણતરીમાં મર્યાદામાં SC/STના વિદ્યાર્થીઓને 5% વધારાના માર્ક્સ ઉમેરીને આ મેરીટ યાદીમાં સમાવવામાં આવશે.

## [10] યુ.પી.એસ.સી. પરીક્ષા તાલીમ માટે નાણાકીય સહાય

**(A) યોજનાનું નામ :** આ યોજનાનું નામ "યુ.પી.એસ.સી. પરીક્ષા તાલીમ માટેની સહાય" છે. આ યોજના ગુજરાત રાજ્યની વિશિષ્ટ યોજના છે. ભારત સરકારના "યુનિયન પબ્લિક સર્વિસ કમિશન" (UPSC) દ્વારા સરકારના ઉચ્ચ હોદ્દાઓ જેવા કે આઈ.એ.એસ. (ઇન્ડયીન એડમીનીસ્ટ્રેટીવ સર્વિસ), આઈ.પી.એસ. (ઇન્ડિયન પોલીસ સર્વિસ), આઈ.એફ.એસ. (ઇન્ડિયન ફોરેન સર્વિસ તથા ઇન્ડિયન ફોરેસ્ટ સર્વિસ) જેવી કેન્દ્ર કક્ષાની સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ગુજરાત રાજ્યના અનુસૂચિત જાતિના કુમારો અને કન્યાઓ તાલીમ મેળવીને ઉચ્ચ હોદ્દાઓની કારકીર્દી ઘડી શકે તે માટેની આ યોજના છે.

**(B) યોજનાની સ્થાપના :** આ યોજના ગુજરાત રાજ્યની વિશિષ્ટ યોજના છે જે વર્ષ 2015 - 2016થી દાખલ કરવામાં આવી છે. આ યોજના અનુસૂચિત જાતિના કુમારો અને કન્યાઓને ઉચ્ચ વહીવટી પરીક્ષાઓમાં હિસ્સો લઈ શકે તે માટે રૂા. 90,000 જેટલી કોચીંગ સહાય પૂરી પાડવામાં આવે છે. આ યોજનાનો અમલ ગુજરાત રાજ્યના સમાજ કલ્યાણ વિભાગ દ્વારા કરવામાં આવે છે.

**(C) ઉદ્દેશ :** આ યોજનાનો ઉદ્દેશ સમાજના પછાત વર્ગના તેજસ્વી વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષાઓની તાલીમ લઈને ઉચ્ચ વહીવટી હોદ્દાઓ સુધી પહોંચી શકે તે માટે નાણાકીય સહાય પૂરી પાડીને તેઓની આર્થિક અને સામાજિક ઉન્નતિ કરવાનો છે.

**(D) સહાયની વિગતો :**

(1) આ યોજના માત્ર ગુજરાત રાજ્યના અનુસૂચિત જાતિ (Scheduled Cast) ના કુમારો અને કન્યાઓ પૂરતી મર્યાદિત છે.

(2) યુ.પી.એસ.સી.ની આઈ.એ.એસ., આઈ.પી.એસ., આઈ.એફ.એસ. જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સમાજના નબળા વર્ગના તેજસ્વી વિદ્યાર્થીઓ હિસ્સો લઈને ઉચ્ચ વહીવટી કારકીર્દી ઘડી શકે તે પ્રકારની તક પૂરી પાડવામાં આવે છે.

(3) યુ.પી.એસ.સી.ની સ્પર્ધાત્મક પરીક્ષાઓની તાલીમ મેળવીને તૈયારી કરી શકે તે માટે દરેક લાભાર્થીને રૂા. 90,000 જેટલી નાણાકીય સહાય પૂરી પાડવામાં આવે છે.

## [11] પ્રધાનમંત્રી કૌશલ વિકાસ યોજના

**(A) યોજનાનું નામ :** આ યોજનાનું નામ "પ્રધાનમંત્રી કૌશલ વિકાસ યોજના" (PMKVY) છે. આ યોજના ભારત સરકારની છે, જે ભારતના વિકાસશીલ વડાપ્રધાન માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા જાહેર કરવામાં આવી છે આ યોજનાનું સંચાલન કેન્દ્ર સરકારની "મીનીસ્ટ્રી ઓફ સ્કીલ ડેવલપમેન્ટ એન્ડ એન્ટ્રેપ્રિનિયરશીપ" દ્વારા કરવામાં આવે છે.

**(B) યોજનાની સ્થાપના :** આ યોજનાની સ્થાપના ભારત સરકાર દ્વારા 15, જુલાઈ, 2015થી અમલમાં મૂકવામાં આવી છે. આ યોજનાનું સંચાલન નેશનલ સ્કીલ ડેવલપમેન્ટ કોર્પોરેશન (NSDC) દ્વારા કરવામાં આવશે. NSDC ભારતના જુદા જુદા ઔદ્યોગિક ગૃહો સાથે ટાઈ-અપ દ્વારા ભાગીદારી કરીને ભારતના પ્રથમ પેઢીના ઉદ્યોગ સાહસિકોને તાલીમ પૂરી પાડીને તેઓનું પોતાનું ઔદ્યોગિક એકમ સ્થાપવા માટે પ્રેરિત કરવામાં આવે છે.

**(C) ઉદ્દેશ :** આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ ભારતીય યુવા-યુવતિઓને યોગ્ય તાલીમ પૂરી પાડીને તેઓનો કૌશલ વિકાસ કરવાનો છે. આ પ્રકારના કૌશલ વિકાસથી તેઓની રોજગારી ક્ષમતા વધે છે. સાથે સાથે તેઓને પોતાનાં ઉદ્યોગ સાહસો સ્થાપના માટે જરૂરી સહાય પૂરી પાડવામાં આવે છે. આમ દેશની બેરોજગારીની સમસ્યા હલ થાય છે. સાથે સાથે દેશનો આર્થિક વિકાસ પણ થાય છે.



**(D) યોજનાની અન્ય વિગતો :**

1. આ યોજનાનું અમલીકરણ અલગ રાષ્ટ્રીય નિગમ - નેશનલ સ્કીલ ડેવલપમેન્ટ કોર્પોરેશન (NSDC) દ્વારા કરવામાં આવશે. આ નિગમ દેશનાં જુદાં જુદાં ઔદ્યોગિક ગૃહો સાથે ટાઈ-અપ દ્વારા ભાગીદારી કરીને દેશની યુવા-યુવતિઓને "ઓન-ધી-જોબ" (OJT) તાલીમ પૂરી પાડીને તેઓની રોજગારી ક્ષમતા તથા ઉદ્યોગ સાહસિકતા માટેના કૌશલમાં વધારો કરવામાં આવશે.
2. આ યોજના હેઠળ 1 જુલાઈ, 2015 સુધઈમાં 1,17,564 લાભાર્થીઓને એનરોલ કરવામાં આવ્યા હતા અને 2022 સુધીમાં 40 કરોડ યુવા-યુવતિઓને આ પ્રકારની તાલીમ દ્વારા તેઓના કોશલમાં વધારો કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.
3. આ હેતુ માટે કેન્દ્રના બજેટમાંથી રૂા. 1,500 કરોડની ફાળવણી કરવામાં આવી છે.
4. આ યોજનાના પ્રચાર અને લાયક યુવા-યુવતિઓના એનરોલમેન્ટ માટે ભારત સરકારે ટેલિકોમ ઓપરેટરો સાથે એમ.ઓ.યુ. કર્યું છે, જેઓ SMS દ્વારા જુદા જુદા વિસ્તારના લાયક યુવા-યુવતિઓને આ યોજનાની વિગતોથી વાકેફ કરશે.
5. તાલીમ પૂર્ણ કરેલા તાલીમાર્થીઓને તાલીમ અંગેનું મેરીટ-પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે.

## [12] યુવા સ્વાવલંબન યોજના

**(A) યોજનાનું નામ :** આ યોજનાનું નામ "યુવા સ્વાવલંબન યોજના" છે. આ યોજના ગુજરાત સરકારની વિશિષ્ટ યોજના છે, રાજ્યના યુવક-યુવતીઓને પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચ માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણ માટે સાધનોની સહાય અને નાણાકીય સહાય પૂરી પાડવામાં આવે છે. આ યોજનાનો અમલ ગુજરાત રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા થાય છે.

**(B) યોજનાની સ્થાપના :** આ યોજના ગુજરાત રાજ્યની યોજના છે, જેની શરૂઆત તા. 7-10-2015ના ગુજરાત સરકારના ઠરાવ દ્વારા કરવામાં આવી હતી. આ યોજનાની શરૂઆત 2015-2016ના શૈક્ષણિક વર્ષથી કરવામાં આવી હતી.

**(C) ઉદ્દેશ :** આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ જ્ઞાતિ અને કુટુંબની વાર્ષિક આવકને ધ્યાનમાં લીધા સિવાય ગુજરાતના દરેક યુવક-યુવતીને પ્રાથમિક શિક્ષણથી માંડીને ઉચ્ચ શિક્ષણ સુધી સરકારી સહાય દ્વારા રાજ્યની યુવા શક્તિનો વિકાસ કરવાનો છે.

**(D) યોજનાની વિગતો :**

1. આ યોજના હેઠળ પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણ માટે ગુજરાતની કોઈપણ યુવક-યુવતિને સરકારી સહાય પૂરી પાડવાની છે.
2. પ્રાથમિક શિક્ષણ માટે ધો. 1 થી 8 સુધી દરેક વિદ્યાર્થીને ગણવેશ, પાઠ્યપુસ્તકો તથા તેજસ્વી વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ સરકાર દ્વારા પૂરી પાડવામાં આવશે.
3. માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ (ધો. 9 થી ધો. 12 સુધી) દરેક વિદ્યાર્થીને મફત પાઠ્યપુસ્તકો પૂરાં પાડવામાં આવશે.
4. ઉચ્ચત્તર અભ્યાસ માટેની સહાયનું સ્વરૂપ નીચે પ્રમાણે છે :

(i) ડિપ્લોમાં અભ્યાસક્રમો માટે ધો. 12ની બોર્ડ પરીક્ષામાં 80% તથા તેથી વધુ પર્સન્ટાઈલ મેળવનાર યુવક-યુવતીઓને ટ્યુશન ફી પેટે 50% અથવા રૂા. 30,000 બેમાંથી જે ઓછા હોય તેટલી સહાય કરવામાં આવશે.

(ii) સ્નાતક કક્ષાના શિક્ષણ માટેની સહાય જુદા જુદા અભ્યાસક્રમો માટે નીચે મુજબ પૂરી પાડવામાં આવશે. સ્નાતક કક્ષાની આ સહાય માત્ર તેવા યુવક-યુવતીઓને મળશે કે જેમના કુટુંબની વાર્ષિક આવક રૂા. 4,50,000 થી વધુ ન હોય.

(અ) ધો. 12માં સાયન્સ સ્ટ્રીમમાં 90% અથવા વધુ પર્સન્ટાઈલ લાવનાર મેડીકલ અને ડેન્ટલમાં અભ્યાસ કરનારને ટ્યુશન ફીના 50% અથવા રૂા. 2,00,000 જે ઓછા હોય તેટલી સહાય પૂરી પડાશે.

(બ) ધો. 12માં સામાન્ય અથવા વિજ્ઞાનપ્રવાહમાં 90% અથવા વધુ પર્સન્ટાઈલ મેળવનાર યુવક-યુવતી કે જે પ્રોફેશનલ અભ્યાસક્રમો જેવા કે ઈજનેરી, ફાર્મસી, પેરામેડીકલ, વેટરનરી જેવા અભ્યાસક્રમોમાં જોડાશે તેઓને ટ્યુશન ફીના 50% અથવા રૂા. 50,000 જે ઓછા હોય તેટલી રકમની સહાય મળશે.

(ક) ધો. 12ના સામાન્ય વિજ્ઞાન પ્રવાહમાં 90% કે તેથી વધુ પર્સન્ટાઈલ મેળવનાર યુવક-યુવતીઓને આર્ટ્સ, કોમર્સ, બી.એસ.સી., જેવા અભ્યાસક્રમોની ટ્યુશન ફઈના 50% અથવા રૂા. 25,000 જે ઓછા હોય તેટલી રકમની સહાય કરાશે.

(iii) જે યુવક-યુવતી સેલ્ફ ફાયનાન્સ અથવા એન.આર.આઈ. સીટ ઉપર પ્રવેશ મેળવશે તેવા સ્નાતક અભ્યાસક્રમો માટે આ સહાય મળવાને પાત્ર થશે નહિ.



(iv) સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો માટે સાધન સહાય તરીકે મેડીકલ તથા ડેન્ટલમાં રૂા. 10,000 ઈજનેરી, ફાર્મસી, પેરામેડીકલ માટે રૂા. 5000 અને ડિપ્લોમાં અભ્યાસક્રમો માટે રૂા. 3000ની સહાય મળશે.

(v) રહેવા-જમવાની સહાય : જે સ્નાતક વિદ્યાર્થીઓ હોસ્ટેલમાં રહીને અભ્યાસ કરતા હશે તેઓને 10 માસ માટે માસિક રૂા. 1,200 લેખે રહેવા-જમવાની સહાય પૂરી પાડવામાં આવશે.

## [13] સુજલામ-સુફલામ યોજના

**(A) યોજનાનું નામ :** આ યોજનાનું નામ "સુજલામ સુફલામ યોજના" છે. ગુજરાતના 10 સૂકા જિલ્લાઓ અને સૂકા પેટાળને નદીઓના ઈન્ટરલીંકીંગ દ્વારા સજળ બનાવવાની મહત્ત્વાકાંક્ષી યોજના છે. ખેડૂતોને નદીમાંથી લીફ્ટ ઈરીગેશન દ્વારા કાયમ પાણી મળી રહે તે પ્રકારની આ એક મહત્ત્વાકાંક્ષી યોજના છે.

**(B) યોજનાની સ્થાપના :** આ યોજના ગુજરાત સરકારની વિશિષ્ટ યોજના છે. ગુજરાતના સૂકા જિલ્લાઓને હરિયાળા કરવાની આ યોજના છે.

**(C) ઉદ્દેશ :** રાજ્યના સૂકા તથા ભૂતળ પાણી વિનાના 10 જિલ્લાઓને પીવાના પાણી અને સિંચાઈની જરૂરિયાત પૂર્ણ કરવા માટેની મહત્ત્વાકાંક્ષી યોજના છે. આ 10 જિલ્લાઓમાં અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, સુરેન્દ્રનગર, પંચમહાલ, દાહોદ અને કચ્છનો સમાવેશ થાય છે.

આ યોજના હેઠળ 8 પાઈપ લાઈનોના નેટવર્કીંગ દ્વારા 150 તળાવો અને નદીઓનું જોડાણ કરીને પ્રાપ્ય પાણીનો ઘનિષ્ટ ઉપયોગ કરી શકાશે. સમગ્ર ભારતમાં આ પ્રકારના પાણીના નેટવર્કીંગ દ્વારા પાણી વ્યવસ્થાપનની આ પ્રથમ યોજના છે.

**(D) યોજનાનું સ્વરૂપ :** આ યોજના હેઠળ 337 કિમી લંબાઈની સ્પેકીંગ કેનાલના નેટવર્કીંગ દ્વારા આ બધા જ જિલ્લાઓની સૂકી ધરા અને સૂકા પેટાળને સજળ બનાવવામાં આવશે. જળ વ્યવસ્થાપનની આ મહત્ત્વાકાંક્ષી યોજનામાં પાણીની ઊંચી ટાંકીઓષ પાઈપલાઈન દ્વારા જળપ્રવાહનો સપ્લાય તથા પાણીના શુદ્ધિકરણ જેવા પ્લાન્ટ સહિતનું જળ વ્યવસ્થાપનનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર માળખું તૈયાર કરાયું છે. આથી ઓછા જળ સ્રોતો અને પાણીની સમસ્યા હલ કરી શકાશે.

**(E) યોજનાના લાભો :** સૂકી ધરા અને સૂકા પેટાળને કારણે પાણીની તંગી અનુભવતા આ જિલ્લાઓને વ્યૂહાત્મક જળવ્યવસ્થાપન દ્વારા પીવાના પાણી

અને ખેતીવાડી માટે સિંચાઈની સવલતો પૂરી પાડી શકાશે. આ યોજનાથી નીચેના લાભો પ્રાપ્ત થશે.

(1) લગભગ અડધા અડધ ગુજરાત રાજ્યના સૂકા વિસ્તારોની પાણીની સમસ્યા હલ થશે.

(2) ખેતીવાડી માટે સિંચાઈ દ્વારા પાણી પ્રાપ્ત થતાં ખેડૂતોની આવકમાં વધારો થશે.

(3) પાણીની સવલતના કારણે ઉદ્યોગ, ધંધા તથા રોજગારીની તકોમાં વધારો થશે.

(4) દેશના આર્થિક વિકાસમાં ફાળો આપી શકાશે.

(5) લોકોના જીવનધોરણમાં સુધારો અને ભૌતિક સુખાકારી વધશે.

## [14] રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજના

(A) **યોજનાનું નામ :** આ યોજનાનું નામ "રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજના" છે. આ યોજના ભારત સરકારની છે. કુટુંબના કોઈપણ સભ્યને મેડીકલ ખર્ચને પહોંચી વળવા આ યોજના હેઠળ રૂ. 30,000 સુધીની નાણાકીય સહાય પૂરી પાડવામાં આવે છે. આ યોજના હેઠળ ગરીબી રેખાથી નીચે જીવતાં કુટુંબોને સહાય પૂરી પાડવામાં આવે છે.

(B) **યોજનાની સ્થાપના :** આ યોજના ભારત સરકારની છે, જેનો અમલ તા. 1 એપ્રિલ, 2008થી કરવામાં આવ્યાં છે. આ યોજના હેઠળ ભારતનાં બધાંજ રાજ્યોને સ્વાસ્થ્ય વીમા કવચ પૂરું પાડવામાં આવે છે.

(C) **ઉદ્દેશ :** આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ ગરીબી રેખાથી નીચે જીવતાં કુટુંબોને ખર્ચાળ મેડીકલ ખર્ચની ચુકવણી માટે રૂ. 30,000 જેટલી રકમની નાણાકીય સહાય પૂરી પાડવામાં આવે છે.

(D) **સહાયનું સ્વરૂપ :** આ યોજના હેઠળ દર વર્ષે ચૂકવવા પાત્ર થતું રૂ. 600નું વીમા પ્રીમિયમ, 75% કેન્દ્ર સરકાર દ્વારા અને 25% રાજ્ય સરકાર દ્વારા ચૂકવવામાં આવે છે. લાભાર્થીના કુટુંબના કોઈપણ સભ્યને મેડીકલ ખર્ચ પેટે રૂ. 30,000ની સહાય પૂરી પાડવામાં આવે છે.

(E) યોજનાની અન્ય વિગતો :

(1) આ યોજના હેઠળ ગરીબી રેખાથી નીચે જીવતાં કુટુંબોને આવરી લેવામાં આવ્યાં છે. કુટુંબમાં માતા-પિતા અને વધુમાં 3 આધારિત બાળકોનો સમાવેશ થાય છે.



(2) આ યોજના હેઠળ કમ્પ્યુટર આધારિત બાયોમેટ્રિક સ્માર્ટકાર્ડ રૂ. 30ના ખર્ચે લાભાર્થીએ કઢાવવાનું હોય છે, જેમાં કમ્પ્યુટર આધારિત કૌટુંબિક વિગતોનો સંગ્રહ કરવામાં આવે છે.

(3) વીમા યોજના હેઠળનું રૂ. 600નું વાર્ષિક વીમા પ્રીમિયમ કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકાર વચ્ચે અનુક્રમે 75%, 25% ધોરણે ભોગવવામાં આવે છે.

(4) લાભાર્થી કુટુંબના સહાયપાત્ર સભ્યને મેડીકલ ખર્ચ માટે રૂ. 30,000 સુધીની આર્થિક સહાય પૂરી પાડવામાં આવે છે.

## [15] સપ્તધારા યોજના

(A) **યોજનાનું નામ :** આ યોજનાનું નામ 'સપ્તધારા યોજના' છે. વાસ્તવમાં આ યોજના કોલેજના યુવક-યુવતીઓમાં પડેલી અભ્યાસ તરફની પ્રવૃત્તિઓને વિકસાવવાની એક યોજના છે. આ યોજનાનું નામ સપ્તધારા રાખવાનું મુખ્ય પ્રયોજન એ છે કે વિવિધ પ્રકારનાં કલાક્ષેત્રોની વિવિધતાઓ જેવી કે નાટક, ગીત-સંગીત, સર્જનાત્મક અભિવ્યક્તિ, પેઈન્ટીંગ, યોગ-વ્યાયામ-ખેલકૂદ, સામૂહિક કોમ્યુનીટી સેવા જેવી પ્રવૃત્તિઓ માટે યુવક યુવતીઓનું જીવન ઉમંગ અને ઉત્સાહથી યોજી શકાય તે માટે આ યોજના ઘડવામાં આવી છે. સાત પ્રકારની અથવા બધી જ લલિત કળાઓમાં પોતાનું કૌશલ્ય બતાવવાની આ સ્પર્ધા છે.

(B) **યોજનાની સ્થાપના :** આ યોજના ગુજરાત સરકારની વિશિષ્ટ યોજના છે, જેની શરૂઆત 28 જાન્યુઆરી, 2010થી કરવામાં આવી છે. આવી સ્પર્ધાનું આયોજન દર વર્ષે ફેબ્રુઆરી માસમાં ત્રિદિવસ સમયગાળામાં વિવિધ ઈવેન્ટ યોજવામાં આવે છે.

(C) **ઉદ્દેશ :** આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ અભ્યાસ સિવાયની અન્ય વિશિષ્ટ પ્રકારની ગર્ભિત ક્ષમતાઓને બહાર લાવવા માટે પ્રયત્ન કરવામાં આવે છે. આ યોજનાને કારણે પોતાના શરીરની જાળવણી અને પ્રાદેશિક હુન્નરથી પેદાશોને બાહ્ય માર્કેટ મળી રહે છે. વળી ટીમ વર્કને કારણે દરેક પ્રદેશના લોકો વચ્ચે આત્મીયતા અને ભાઈચારો વિકસે છે.

(D) **યોજનાની અન્ય વિગતો :**

(1) સપ્તધારા યોજના એ કોલેજના યુવક-યુવતીઓમાં વિવિધ ક્ષેત્રે કૌશલ વિકસે તે માટે વર્ષમાં ત્રણ દિવસ જાન્યુઆરી-ફેબ્રુઆરી માસમાં કોલેજની યુવા પ્રવૃત્તિઓને વિવિધ જ્ઞાન અને કૌશલનો વિકાસ થાય તે માટે

સ્પર્ધાના વાતાવરણમાં કેટલીક સુષુપ્ત શક્તિ ધરાવતા યુવક-યુવતીઓને આગળ આવવાની તક મળે છે.

(2) સ્પર્ધાના નિયમો ધ્યાનમાં રાખઈને વિવિધ કોલેજ વચ્ચે ઈન્ટર-કોલેજોમાં સ્પર્ધા યોજાય છે. પ્રથમ ત્રણ ક્રમે આવનાર યુવક યુવતીને ઈનામ વિતરણ દ્વારા પ્રલોભન પૂરું પાડવામાં આવે છે.

(3) આ યોજના કોલેજોમાં અભ્યાસ કરતા યુવક-યુવતીઓ માટેની હોઈ તેનું મોનીટરીંગ રાજ્યની કોલેજના વિદ્યાર્થીઓની કક્ષાએ થઈ શકે તે માટે વિવિધ કોલેજનાં કલસ્ટર્સ બનાવવામાં આવે છે, તેથી ઉપર જિલ્લા કક્ષાએ અને તેથી ઉપર રાજય કક્ષાએ પોતાનું કૌશલ અને ક્ષમતા બતાવનાર વિદ્યાર્થીઓને રાજય તરફથી મેડલ અને પ્રમાણપત્ર એનાયત કરાય છે.

## [16] સ્વચ્છ ભારત અભિયાન

**(A) યોજનાનું નામ :** આ યોજનાનું નામ "સ્વચ્છ ભારત અભિયાન" છે. લોકોમાં સ્વચ્છતાનો ગુણ જગાવવાનું આ એક અભિયાન અથવા ઝુંબેશ છે. આ અભિયાનની જાહેરાત ભારતના માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા ગાંધીજીના જન્મદિન, 2 ઓક્ટોબર, 2014ના રોજથી કરવામાં આવ્યું છે. વાસ્તવમાં (1) સ્વચ્છ ભારત અભિયાન વર્ષ 1986 ગ્રામ્ય પ્રદેશથી શરૂ કરવા માટે, 'સેન્ટ્રલ રૂરલ હેલ્થ સેનીટેશન પ્રોગ્રામ' હેઠળ ગ્રામ્ય વિસ્તારમાં વ્યક્તિગત અને સામૂહિક શૌચાલયો બાંધવા, ઉકરડાઓનું યોગ્ય સંચાલન કરવુ તથા ગટર અને ડ્રેનેજ દ્વારા ગંદકી, નિકાલ કરવાની યોજના બનાવવામાં આવી હતી. (2) 1999 ભારત સરકારની "કોમ્યુનીટી લેડ ટોટલ સેનીટેશન" (CLTS) નો ખ્યાલ આ અગાઉ રજૂ થયો હતો.

**(B) યોજનાની સ્થાપના :** કેન્દ્ર સરકાર દ્વારા ચલાવાતા આ અભિયાનની શરૂઆત માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા તા. 2 ઓક્ટોબર, 2014થી શરૂ કરવામાં આવ્યું હતું. આ એક સર્વ વ્યાપક અભિયાન હોઈ દેશના બધા જ વિભાગોના સહયોગથી તે ચલાવવામાં આવશે. આ ઉપરાંત ફિલ્મ ઉદ્યોગ તથા રમતગમત ક્ષેત્રની સેલીબ્રિટીસ, પોપ્યુલર ટીવી પ્રોગ્રામ, સામાજિક સંસ્થઆઓ, સોશ્યલ મીડીયા વગેરે દ્વારા તેનો વ્યાપક પ્રચાર-પ્રસાર કરીને ભારતના દરેક નાગરિકને આ અભિયાનમાં જોડીને તેઓનું યોગદાન પ્રાપ્ત કરવામાં આવશે.



**(C) ઉદ્દેશ :** સ્વચ્છ ભારત અભિયાનનો ઉદ્દેશ ભારતને સ્વચ્છ બનાવવાનો છે. તેના મુખ્ય ઉદ્દેશો નીચે પ્રમાણે છે :

(1) લોકોમાં સ્વચ્છતા સંબંધી જાગૃતિ કેળવી, આ અભિયાનમાં તેઓનું સ્વૈચ્છિક યોગદાન પ્રાપ્ત કરવું.

(2) વિવિધ સંસ્થાઓ અને મંડળો દ્વારા પોતાના વિસ્તારમાં સ્વચ્છતા કઈ રીતે જાળવવી તે અંગે ચર્ચા વિચારણા દ્વારા નક્કર પગલાં ભરવાં.

(3) જાહેર ક્ષેત્રની સાથે ખાનગી ક્ષેત્રોનો નાણાકીય સહયોગ કેળવવો તથા તેઓની આ અભિયાનમાં સામેલગીરી વધારવી.

(4) શહેરી અને ગ્રામ્ય વિસ્તારના ઘન અને પ્રવાહી કચરાના નિયમિત નિકાલની પદ્ધતિઓ વિકસાવવી.

(5) માથે મેલુ ઉપાડવાની અને ખુલ્લામાં સંડાસ જવાની પદ્ધતિને ક્રમશઃ સમગ્ર ભારતમાંથી 2017 સુધીમાં સદંતર બંધ કરવી.

(6) પરંપરાગત દેશી ટોયલેટને ફ્લશ ટોઈલેટમાં ફેરવવાં.

**(D) આ યોજનાના લાભો :**

(1) મહાત્મા ગાંધીજીએ જેને મહત્ત્વનો માનેલો, પરંતુ ભારતના નાગરિકો દ્વારા વિસરાઈ ગયેલા સ્વચ્છતાના ગુણને તેમના જ જન્મ દિવસે કેન્દ્રમાં લાવીને નાગરિકોની સભાનતા કેળવવાના આ પ્રયત્નોથી આમ આદમીના સ્વાસ્થ્ય અને સુખાકારીમાં વધારો થશે.

(2) સ્વચ્છ ભારત અભિયાન દ્વારા લોકોની પરંપરાગત કુટેવો અને જીવનપ્રણાલિમાં પરિવર્તન લાવીને સ્વચ્થાને ભારતમાં ટકાઉ ધોરણે પ્રસ્થાપિત કરી શકાશે.

(3) ઓછા ખર્ચે માત્ર લોકોની જીવનપદ્ધતિમાં બદલાવ લાવીને લોકોની સુખાકારી અને જીવનધોરણમાં સુધારો લાવી શકાશે.

(4) 2017 સુધીમાં ખુલ્લામાં સંડાસ જવાની ટેવને સદંતર નાબુદ કરાશે. આ હેતુ માટે શહેરી વિસ્તારમાં 1.04 કરોડ કુટુંબોને અને ગ્રામ્ય વિસ્તારમાં 11.11 લાખ વ્યક્તિગત ટોઈલેટ સુવિધા પૂરી પડાશે, 2.5 લાખ કૉમ્યુનીટી ટોઈલેટ અને 2.6 લાખ જાહેર શૌચાલય ઊભાં કરાશે.

(5) આ હેતુ માટે "રાષ્ટ્રીય સ્વચ્છતા કોષ" દ્વારા નાણાં ઊભાં કરાશે, જેમાં વ્યક્તિગત દાન તથા કોર્પોરેટ સોશ્યલ જવાબદારી (CSR)ના ભંડોળ દ્વારા નાણાં એકત્રિત કરવામાં આવશે.

## [17] ઉજાલા ગુજરાત યોજના

**(A) યોજનાનું નામ :** આ યોજનાનું નામ "ઉજાલા ગુજરાત યોજના" છે. આ કેન્દ્ર સરકારની યોજના છે. ભારતના વિકાસશીલ વડાપ્રધાન માનનીય શ્રી નરેન્દ્ર મોદીની આ યોજના માનસપુત્રી છે. રાષ્ટ્રીય કક્ષાએ આ યોજના હેઠળ 7 થી 9 વોલ્ટેજના LED વીજ ગોળાના ઉપયોગ દ્વારા પ્રકાશ શક્તિમાં ઘટાડો કર્યા સિવાય કૌટુંબિક વીજ બીલમાં ગણનાપાત્ર રીતે ઘટાડો થાય છે. રાષ્ટ્રીય કક્ષાએ વીજ બળતણમાં બચત થતાં થર્મલ પાવરથી કોલસા અને ગેસના ઉપોયગથી વધતું હવાનું પ્રદૂષણ ઘટે છે. કેન્દ્ર સરકારની ઉજાલા યોજનાના ભાગરૂપે, ગુજરાત સરકારે વડોદરા ખાતેથી 2016ના વર્ષથી "ઉજાલા ગુજરાત યોજના" જાહેર કરી છે.

**(B) યોજનાની સ્થાપના :** આ યોજના કેન્દ્ર સરકારની છે, જેનો 2016ના વર્ષથી સમગ્ર દેશમાં અમલ કરવામાં આવ્યો છે. આ કેન્દ્ર યોજનાના અનુસંધાનમાં ગુજરાત સરકારે તુરત જ 2016ના વર્ષથી વડોદરા ખાતેથી 2016ના વર્ષથી "ઉજાલા ગુજરાત યોજના"ની જાહેરાત કરી છે.

**(C) ઉદ્દેશ :** આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ લેટેસ્ટ ટેક્નોલોજીના ઝડપી એડોપ્શન દ્વારા લાભાર્થીઓના વીજળી બીલમાં બચત કરવાનો છે અને રાષ્ટ્રીય કક્ષાએ LED બલ્બના ઉપયોગ દ્વારા થતી રાષ્ટ્રીય વીજ બચતથી વીજ ઉત્પાદનનું ભારણ ઘટે છે અને સાથે સાથે કોલસા અને ફુડ ઓઈલના ઉપયોગથી ગુજરાત રાજ્યમાં પ્રતિદિન 5,700 ટન કાર્બન ડાયોક્સાઈડ ($CO_2$)માં ઉત્સર્જનમાં ઘટાડો થતાં પ્રદૂષણ ઘટાડી શકાયું છે. આમ ગ્લોબલ વોર્મીંગની સમસ્યા હલ કરવામાં આ યોજના સહાયક નિવડે છે.

**(D) યોજનાની વિગતો :**

1. વિશ્વની ખ્યાલનામ કંપનીઓ દ્વારા બનાવેલ LED બલ્બ જેની બજાર કિંમત રૂા. 90 થી 100 જેટલી છે, તે લાભાર્થીઓને રૂા. 75ના ભાવે લભ્ય બનાવવામાં આવશે. આ બલ્બના ઉપયોગી આયુષ્યની ત્રણ વર્ષની રીપ્લેસમેન્ટ વોરન્ટી આપવામાં આવશે.
2. કુટુંબદીઠ 8 થી 10 બલ્બ રૂા. 85ના ભાવે પ્રાપ્ય થશે. જૂન 201૭થી કરેલા રીવીઝન દ્વારા બલ્બની કિંમત ઘટાડીને રૂા. 75 કરવામાં આવી છે. કિંમત એક સામટી ચૂકવવાને બદલે તેને 8 થી 10 વર્ષના હપ્તામાં માસિક વીજ બીલ સાથે વસૂલ કરવામાં આવશે. આ હેતુ માટે સ્થાનિક સરકાર દ્વારા વીજ સપ્લાય કંપનીઓ સાથે ટાઈઅપ કરવામાં આવશે.
3. આ યોજનાના 2016-17ના પ્રથમ વર્ષમાં 1.21 કરોડ ઘરોમાં 12 કરોડ LED બલ્બનું વિતરણ કરવાનું આયોજન છે.
4. આ યોજનાના અનેક મુખ્ય લાભો છે. (i) ઉર્જાની બચત આથી નાણાંની બચત. (ii) વીજ માંગમાં ઘટાડો. (iii) કાર્બન ડાયોક્સાઈડ ઉત્સર્જનમાં ઘટાડો.
5. આ યોજના ભારતના દરેક નાગરિકને સ્પર્શે છે, જે પ્રકાશ વ્યવસ્થા માત્રે વીજ સેવાનો ઉપયોગ કરે છે. આ એવી વિશિષ્ટ વ્યવસ્થા છે કે માત્ર 82 દિવસના વીજ વપરાશમાં થતી બચતથી બલ્બની કિંમત ભરપાઈ થઈ જાય છે.



## [18] સ્ટાર્ટ-અપ ઇન્ડિયા સ્કીમ

**(A) યોજનાનું નામ :** આ યોજનાનું નામ 'સ્ટાર્ટ-અપ ઇન્ડિયા સ્કીમ' છે. આ ભારત સરકારની મહત્ત્વાકાંક્ષી યોજના છે. ભારતના ઝડપી આર્થિક વિકાસ માટે શિક્ષિત યુવાવર્ગને નાણાકીય અને અન્ય પ્રકારનાં પ્રલોભનો પૂરાં પાડીને તેઓને પ્રથમ પેઢીના ઉદ્યોગ સાહસિકો બનાવવાની આ યોજના છે. 'મેઈક-ઈન-ઈન્ડિયા'ની યોજના સાથે આ યોજનાને સંકલિત કરીને ભારતના ઝડપી આર્થિક વિકાસ માટેની આ યોજના છે.

**(B) યોજનાની સ્થાપના :** ભારત સરકાર દ્વારા ઉદ્યોગ સાહસિકતા વિકસાવતી 'સ્ટાર્ટ-અપ-ઇન્ડિયા સ્કીમ' જાન્યુઆરી 2016માં લોંચ કરવામાં આવી છે. ભારતની 'ઇન્વેસ્ટ ઇન્ડિયા' સંસ્થાએ 'અપગ્રેડ' (Upgrad) સંસ્થા સાથે કોલાબોરેશન કરીને સ્ટાર્ટ-અપ ઇન્ડિયા યોજના વિકસાવી છે.

**(C) ઉદ્દેશ :** આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ શિક્ષિત ટેકનોક્રેટ અને અન્ય યુવાનોને રોજગારી શોધનારમાંથી ઉદ્યોગ સાહસિક તરીકેની પ્રેરણા પૂરી પાડીને તેઓને પ્રથમ પેઢીના 'ઉદ્યોગ સાહસિકો' બનાવવાની આ યોજના છે. આ હેતુ માટે તેઓને 'ધંધાકીય યોજના' તૈયાર કરવા માટે માર્ગદર્શન પૂરું પાડવાની આ યોજના છે.

**(D) યોજનાની અન્ય વિગતો :**

(1) આ યોજના ભારત સરકારના વિકાસશીલ વડાપ્રદાન માનનીય શ્રી નરેન્દ્રભાઈના નેતૃત્વ હેઠળ જાહેર કરવામાં આવી છે. આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ ભારતનો ઝડપી આર્થિક વિકાસ કરવાનો છે.

(2) આ યોજના હેઠળ ભારતના ઉભરતા ઉદ્યોગ સાહસિકોને, ભારતના સફળ નિવડેલા ઉદ્યોગ સાહસિકો દ્વારા તાલીમ પૂરી પાડવામાં આવશે. આ તાલીમ હેઠળ હિંદી અથવા ગુજરાતીમાં ઓનલાઈન તાલીમ પૂરી પાડીને "ધંધાકીય યોજના" (Business plan) બનાવવા સંબંધી માર્ગદર્શન અને તાલીમ પૂરી પાડવામાં આવશે.

(3) તાલીમના અંતે તાલીમાર્થીઓને "સ્ટાર્ટ-અપ ઇન્ડિયા" અને "ઇન્વેસ્ટ ઇન્ડિયા'નું પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે.

(4) ઉદ્યોગ સાહસિકતા અંગે માર્ગદર્શન પૂરું પાડતા 4 અઠવાડિયાન. આ તાલીમી કાર્યક્રમના અભ્યાસક્રમમાં નીચેની બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

(i) ધંધાકીય વિચારની ખોજ અને તેનું મૂલ્યાંકન (Idea Identification and Assessment).

(ii) ધંધાનાં ધારાકીય પાસાંઓ (Legal Aspects of Business) : ધંધાનું ધારાકીય સ્વરૂપ, કંપનીની નોંધણી, ધારાકીય વિધિઓનું પાલન, પેટન્ટ નોંધણી વગેરે.

(iii)ધંધાનાં નાણાકીય પાસાંઓ (Financial Aspects of Business) : ધંધાના મુખ્ય હિસાબી અને નાણાકીય વ્યવહારો, ધંધાનાં નાણાકીય પત્રકોની સરખામણી, સમતૂટ બિંદુ વિશ્લેષણ વગેરે.

(iv)ધંધાકીય યોજનાઓનો પરિચય (Introduction to business planning) : ઉદ્યોગ સાહસિકોમાં ધંધાકીય યોજના સંબંધી અસરકારક સમજ કેળવવી.

(v) આ યોજના હેઠળ ભારતના સફળ થયેલા ઉદ્યોગ સાહસિકો સાથે નેટવર્કીંગ કરાશે, જેઓ ઉભરતા અને તાલીમી ઉદ્યોગ સાહસિકોને સતત ઓનલાઈન માર્ગદર્શન આપશે.

(5) આ હેતુ માટે સમગ્ર ભારતમાંથી સફળ નિવડેલા 40 યુવા ઉદ્યોગ સાહસિકોને આઈડેન્ટીફાય કરવામાં આવ્યા છે. તેઓ ઓનલાઈન ધોરણે વિનામૂલ્યે માર્ગદર્શન પૂરું પાડશે. આ પૈકીના કેટલાક મહત્ત્વના સભ્યો અને તેમના વ્યવસાય નીચે પ્રમાણે છે.

(i) ફનીન્દ્ર સામા - રેડ બસના સ્થાપક



(ii) ભાવિશ અગ્રવાલ - ઓલા કેબ્સના સહસ્થાપક

(iii) રીચા કાર - ઝીવામેની સ્થાપક

(iv) દીપ કાલરા - મેઈક માય ટ્રીપના સ્થાપક

(v). તરૂણ દાવડા - મેનેજિંગ ડાયરેક્ટર, મેટ્રીક્સ પાર્ટનર્સ ઇન્ડિયા

(vi) આભા રીશી - ચેરપર્સન, બીમટેક (BIMTECH)

(vii) શુભા માંડલ - મર્જર એન્ડ એક્વીઝીશનના રાષ્ટ્રીય વડા

(viii)અર્ચના રાજારામ - સ્થાપક ભાગીદાર, રાજારામ પાર્ટનર

(6) આ યોજનાના વડા રમેશ અભિષેક, ડી.આઈ.પી.પી. સેક્રેટરી છે.

આ યોજનાનો જેની સાથે સહયોગ કરવામાં આવ્યો છે તેવી 'અપગ્રેડ' (UpGrad) સંસ્થાના સહ-સ્થાપક રોની સ્ક્રેવવાલાએ પાયારૂપ ભૂમિકા ભજવી છે.

(7) આ યોજનાના પ્રચાર પ્રસાર માટે નવ જેટલા ફ્રીકવન્ટલી પૂછાતા પ્રશ્નો (FAQs) ના સરળ જવાબો દ્વારા તેની સમજૂતી પૂરી પાડવામાં આવે છે.

(8) આ યોજનાની વધુ જાણકારી માટેનું ઈમેઈલ સરનામું અને ટોલ ફ્રી નંબર નીચે પ્રમાણે છે.

ઈમેઈલ : dipp-startup@nic.in

ટોલ ફ્રી નંબર : 1800115565

## [19] નિર્મળ ગુજરાત શૌચાલય યોજના

(A) **યોજનાનું નામ :** આ યોજનાનું નામ "નિર્મળ ગુજરાત શૌચાલય યોજના" છે શહેરી વિસ્તાર અને ગ્રામ્ય વિસ્તારના ગરીબ પરિવારના સભ્યો સગવડના અભાવે ખુલ્લામાં શૌચ કરે છે. ખાસ કરીને મહિલાઓ માટે તથા દિવસ દરમ્યાન થતી આ ક્રિયાથી સંકોચ અનુભવાય છે. આથી ગુજરાત સરકારે નિર્મળ ગુજરાતના અભિયાનના એક ભાગ રૂપે શૌચાલય યોજના જાહેર કરી છે.

(B) **યોજનાની સ્થાપના :** આ યોજના ગુજરાત સરકારની વિશિષ્ટ યોજના છે, જે તે સમયના માનનીય મુખ્ય પ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા તા. 12 એપ્રિલ, 2012ના રોજથી જાહેર કરવામાં આવી છે. આ યોજના હેઠળ શહેર અને

ગ્રામ્ય વિસ્તારનાં કુટુંબો માટે તેમના રહેઠાણના સ્થળે જ સરકારી સહાય દ્વારા વ્યક્તિગત શૌચાલય સુવિધા ઊભી કરવાની આ યોજના છે.

**(C) ઉદ્દેશ :** આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ શહેર અને ગ્રામ્ય વિસ્તારના ટોઈલેટ વિહોણા લોકોને ટોઈલેટ પૂરાં પાડવાનો છે. આ દ્વારા તેમનો સંકોચ દૂર કરવાનો અને સ્વાસ્થ્ય સુધારવાનો ઉદ્દેશ રહેલો છે.

**(D) સહાયનું સ્વરૂપ :** આ યોજના હેઠળ શહેરી અને ગ્રામ્ય વિસ્તારના ગરીબ પરિવારો (બી.પી.એલ., એ.પી.એલ. કે અન્ય કોઈપણ) કે જેમને ત્યાં રહેઠાણના સ્થળે વ્યક્તિગત સંડાસની સવલત ન હોય, તેઓને સંડાસ બાંધવા માટે સરકાર નાણાકીય સહાય પૂરી પાડીને આ પ્રકારની અત્યંત આવશ્યક એવી સગવડ ઊભી કરી શકશે. આ માટેનું સહાયનું ધોરણ નીચે પ્રમાણે છે :

વ્યક્તિગત સંડાશના કુલ રૂ. 6,000 ના પ્રોજેક્ટ ખર્ચમાં સરકાર દ્વારા રૂ. 4,500 પૂરા પાડશે અને બાકીના રૂ. 1500 લાભાર્થી પોતાનાં સાધનોમાંથી અથવા પંચાયત લોકફાળામાંથી એકત્રિત કરશે. તા. 24 એપ્રિલ, 2013 થી એક સંડાસના બાંધકામનો એકમ ખર્ચ રૂ. 6000 થી વધારીને રૂ. 8,000 કરવામાં આવ્યો છે અને સરકારી સહાયમાં પ્રમાણસર વધારો કરવામાં આવ્યો છે.

**(E) યોજનાની અન્ય વિગતો :**

(1) આ યોજના હેઠળ ગુજરાત રાજ્યમાં સરકારી સહાયથી નીચેની સંખ્યાનાં વ્યક્તિગત ટોયલેટ બાંધવામાં આવ્યાં હતાં :

2012-13 સુધીમાં કુલ 4,23,000

વધારાનાં 2013-14 માં કુલ 1,50,000

વધારાનાં 2014-15 માં કુલ 2,32,000

(2) જૂન, 2016 સુધીમાં દેશમાં કુલ બનેલાં 13.26 લાખ શૌચાલયો પૈકી એકલા ગુજરાતમાં 4.97 લાખ (30%) બાંધવામાં આવ્યો છે.

(3) જૂન, 2016 સુધીમાં ગુજરાતની 139 નગરપાલિકાઓ અને 8 મહાનગરપાલિકાઓમાં 100% શૌચાલયનું નિર્માણ કાર્ય પૂર્ણ થયું છે.

(4) આ યોજનાનું આયોજન એવું છે કે 2017 સુધીમાં કોઈ નાગરિકને ખુલ્લામાં ટોઈલેટ જવાની આવશ્યકતા રહેશે નહિ.



## [20] સ્વચ્છ ભારત અભિયાન

**(A) યોજનાનું નામ :** આ યોજનાનું નામ "સ્વચ્છ ભારત અભિયાન" છે. લોકોમાં સ્વચ્છતાનો ગુણ જગાવવાનું આ એક અભિયાન અથવા ઝુંબેશ છે. આ અભિયાનની જાહેરાત ભારતના માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા ગાંધીજીના જન્મદિન, 2 ઓક્ટોબર, 2014ના રોજથી કરવામાં આવ્યું છે. વાસ્તવમાં (1) સ્વચ્છ ભારત અભિયાન વર્ષ 1986ગ્રામ્ય પ્રદેશથી સરૂ કરવા માટે, 'સેન્ટ્રલ રૂરલ હેલ્થ સેનીટેશન પ્રોગ્રામ' હેઠળ ગ્રામ્ય વિસ્તારમાં વ્યક્તિગત અને સામૂહિક શૌચાલયો બાંધવા, ઉકરડાઓનું યોગ્ય સંચાલન કરવુ તથા ગટર અને ડ્રેનેજ દ્વારા ગંદકી, નિકાલ કરવાની યોજના બનાવવામાં આવી હતી. (2) 1999 ભારત સરકારની "કોમ્યુનીટી લેડ ટોટલ સેનીટેશન" (CLTS)નો ખ્યાલ આ અગાઉ રજૂ થયો હતો.

**(B) યોજનાની સ્થાપના :** કેન્દ્ર સરકાર દ્વારા ચલાવાતા આ અભિયાનની શરૂઆત માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા તા. 2 ઓક્ટોબર, 2014 થી શરૂ કરવામાં આવ્યું હતું. આ એક સર્વ વ્યાપક અભિયાન હોઈ દેશના બધા જ વિભાગોના સહયોગથી તે ચલાવવામાં આવશે. આ ઉપરાંત ફિલ્મ ઉદ્યોગ તથા રમતગમત ક્ષેત્રની સેલીબ્રિટીસ, પોપ્યુલર ટીવી પ્રોગ્રામ, સામાજિક સંસ્થાઓ, સોશ્યલ મીડીયા વગેરે દ્વારા તેનો વ્યાપક પ્રચાર-પ્રસાર કરીને ભારતના દરેક નાગરિકને આ અભિયાનમાં જોડીને તેઓનું યોગદાન પ્રાપ્ત કરવામાં આવશે.

**(C) ઉદ્દેશ :** સ્વચ્છ ભારત અભિયાનનો ઉદ્દેશ ભારતને સ્વચ્છ બનાવવાનો છે. તેના મુખ્ય ઉદ્દેશો નીચે પ્રમાણે છે :

(1) લોકોમાં સ્વચ્છતા સંબંધી જાગૃતિ કેળવી, આ અભિયાનમાં તેઓનું સ્વૈચ્છિક યોગદાન પ્રાપ્ત કરવું.

(2) વિવિધ સંસ્થાઓ અને મંડળો દ્વારા, પોતાના વિસ્તારમાં સ્વચ્છતા કઈ રીતે જાળવવી તે અંગે ચર્ચા વિચારણા દ્વારા નક્કર પગલાં ભરવાં.

(3) જાહેરક્ષેત્રની સાથે ખાનગી ક્ષેત્રોનો નાણાકીય સહયોગ કેળવવો તથા તેઓની આ અભિયાનમાં સામેલગીરી વધારવી.

(4) શહેરી અને ગ્રામ્ય વિસ્તારના ઘન અને પ્રવાહી કચરાના નિયમિત નિકાલની પદ્ધતિઓ વિકસાવવી.

(5) માથે મેલુ ઉપાડવાની અને ખુલ્લામાં સંડાસ જવાની પદ્ધતિને ક્રમશઃ સમગ્ર ભારતમાંથી 2017 સુધીમાં સદંતર બંધ કરવી.

(6) પરંપરાગત દેશી ટોયલેટને ફ્લશ ટોઈલેટમાં ફેરવવાં.

**(D) આ યોજનાના લાભો :**

(1) મહાત્મા ગાંધીજીએ જેને મહત્ત્વનો માનેલો, પરંતુ ભારતના નાગરિકો દ્વારા વિસરાઈ ગયેલા સ્વચ્છતાના ગુણને તેમના જ જન્મદિવસે કેન્દ્રમાં લાવીને નાગરિકોની સભાનતા કેળવવાના આ પ્રયત્નોથી આમ આદમીના સ્વાસ્થ્ય અને સુખાકારીમાં વધારો થશે.

(2) સ્વચ્છ ભારત અભિયાન દ્વારા લોકોની પરંપરાગત કુટેવો અને જીવનપ્રણાલિમાં પરિવર્તન લાવીને સ્વચ્છતાને ભારતમાં ટકાઉ ધોરણે પ્રસ્થાપિત કરી શકાશે.

(3) ઓછા ખર્ચે માત્ર લોકોની જીવનપદ્ધતિમાં બદલાવ લાવીને લોકોની સુખાકારી અને જીવનધોરણમાં સુધારો લાવી શકાશે.

(4) 2017 સુધીમાં ખુલ્લામાં સંડાસ જવાની ટેવને સદંતર નાબુદ કરાશે. આ હેતુ માટે શહેરી વિસ્તારમાં 1.04 કરોડ કુટુંબોને અને ગ્રામ્ય વિસ્તારમાં 11.11 લાખ વ્યક્તિગત ટોઈલેટ સુવિધા પૂરી પડાશે, 2.5 લાખ કોમ્યુનીટી ટોઈલેટ અને 2.6 લાખ જાહેર શૌચાલય ઊભાં કરાશે.

(5) આ હેતુ માટે "રાષ્ટ્રીય સ્વચ્છતા કોષ" દ્વારા નાણાં ઊભાં કરાશે, જેમાં વ્યક્તિગત દાન તથા કોર્પોરેટ સોશ્યલ જવાબદારી (CSR) ના ભંડોળ દ્વારા નાણાં એકત્રિત કરવામાં આવશે.

## 4.2 વિવિધ સંસ્થાઓ સાથે સંકલન :

રાષ્ટ્રીય સેવા યોજનાના યુવાનો અભ્યાસની સાથે સાથે સમાજ સેવાની અનેક પ્રવૃત્તિઓ કરે છે. જેમકે કોલેજ કેમ્પસ અને કોલેજ કેમ્પસની આજુબાજુના વિસ્તારમાં પ્લાન્ટેશન, બ્લડ ડોનેશન, હેલ્થ, પર્યાવરણ જાગૃતિ, HIV - AIDS અંગેની જાગૃતિ, ટ્રાફિક, કેશલેશ જાગૃતિ, સ્ત્રી સશક્તિકરણ અંગેના કાર્યક્રમો વ્યસન મુક્તિ, સ્વચ્છતા અંગેની જાગૃતિના કાર્યક્રમો કોલેજ કેમ્પસમાં અભ્યાસની સાથે સાથે કરવામાં આવે છે. આ ઉપરાંત કોઈ દત્તક ગામડા કે ઝૂંપડપટ્ટી વિસ્તારમાં જઈને સફાઈ પર્યાવરણ અને આરોગ્ય, સરકારી યોજનાઓનો પ્રચાર અને પ્રસાર, નિરક્ષરતા નાબૂદી, શૌચાલય, આંગણવાડી, સ્કૂલનું બાંધકામ, કચરા પેટીનું વિતરણ જેવી અનેકવિધ સેવાકીય પ્રવૃત્તિઓ કરે છે. જ્યારે કોઈ આકસ્મિક દૂર્ઘટનાઓ બને જેવી કે ધરતી કંપ, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ વગેરે દુર્ઘટનાઓ બને ત્યારે દુર્ઘટનાનો ભોગ બનનાર



લોકોની મદદે પહોંચી જાય છે. તેમાં આર્થિક સહયોગ આપવાની વાત હોય કે ફૂડ પેકેટ આપવાની વાત હોય તો દરેક પોતપોતાની રીતે કોન્ટ્રુબ્યુશન આપી કરે છે તેમજ શ્રમકાર્ય પણ કરે છે. સમગ્ર વર્ષ દરમિયાન કોઈ અંતર્યાળ ગામડાઓમાં જઈને સાત દિવસની ખાસ શિબિરનું આયોજન પણ કરે છે અને આ શિબિરમાં વ્યસન મુક્તિ, ધાર્મિક જાગૃતિ, સ્વચ્છતા, HIV - AIDS, સફાઈ, સામાજિક કુરિવાજો જેવી અનેક બાબતોમાં જનજાગૃતિ લાવવાનું કામ કરે છે. કન્સ્ટ્રક્શન વર્ક તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા જાગૃતિના કામો કરે છે. આ બધી રાષ્ટ્રીય સેવા યોજનાઓની પ્રવૃત્તિઓ માટે સરકાર માન્ય કેટલીક સ્વૈચ્છિક સંસ્થાઓ સાથે સંકલન કરવું જોઈએ કારણ કે રાષ્ટ્રીય સેવા યોજના પાસે નાણાકીય ભંડોળ મર્યાદીત છે. પણ યુવાધન મજબૂત અને મક્કમ છે બીજી બાજુ વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓ કે જે આપણને ઉપરોક્ત સામાજિક સેવાની પ્રવૃત્તિઓમાં ઘણી બધી બાબતોમાં હેલ્પ કરી શકે છે અને આ સંસ્થઆઓ સાથે કો-ઓર્ડિનેશન કરીને કાર્યક્રમો હાથ ધરવા જોઈએ. દા.ત., કેટલે કેમ્પ અને હેલ્થ અવેરનેસ અને સારવારના કાર્યક્રમો માટે આપણે નજીકના PHC સેન્ટરનો સહયોગ મેળવી શકીએ, પર્યાવરણની જાગૃતિ માટે ESI સંસ્થાને સાથે રાખીને કાર્યક્રમ કરી શકીએ, તેમજ રાત્રીના સાંસ્કૃતિક કાર્યક્રમમાં નાટ્ય અકાદમી કે અન્ય સંસ્થાઓનો તેના આયોજનમાં સહયોગ મેળવી શકીએ. જો આમ કરીએ તો આ વિવિધ સંસ્થઆઓ, અધિકારીઓના અનુભવ અને સંપર્કોના કારણે NSS ની પ્રવૃત્તિઓને સરળતાથી કરી શકીએ છીએ. સામાજિક સંસ્થાઓની મદદ લેવી એ જરૂરી છે. પણ રાષ્ટ્રીય સેવા યોજનાઓનું યુનિટ આવી સામાજિક સંસ્થાઓ પાસેથી ક્યારેય કોઈ ગ્રાન્ટની અપેક્ષા રાખતું નથી ફક્ત આયોજનની જવાબદારી સોંપીને તેમનો સહયોગ મેળવે છે. દા.ત., માઈક, સાઉન્ડ સિસ્ટમ, સ્ટે, કચરાપેટી, સર્વરોગ નિદાન ડૉક્ટરોની સેવા, વગેરે પ્રવૃત્તિઓ આપણને સાધન સ્વરૂપે ઉપલબ્ધ કરી આપે છે એટલે કે સામાજિક પ્રવૃત્તિઓ માટે જરૂરી સાધન સામગ્રી અને સુવિધાઓ ઊભી કરી આપવામાં સહયોગી બને છે માટે રાષ્ટ્રીય સેવા યોજનાના કાર્યક્રમોમાં સામાજિક સંસ્થાઓની સાથે એક સાંકળની કડીની જેમ સંકલન સાંધી એકબીજાની સાથે જોડાઈને કાર્યક્રમો કરવા એ અપેક્ષિત છે.

અહીંયા દર્શાવેલ સામાજિક સંસ્થાઓની યાદી અમદાવાદ ક્ષેત્રને ધ્યાનમાં રાખીને આ પુસ્તકમાં પ્રગટ કરી છે. સામાજિક સેવાના કાર્યોમાં ઉપરોક્ત સંસ્થાઓનો જ સહયોગ મેળવવો જોઈએ એવા કોઈ હેતુસર યાદી મૂકેલ નથી કારણ કે આ સિવાય પણ બીજી અનેક નામાંકીત સંસ્થાઓ પણ છે. જેનો સહયોગ મેળવવો જોઈએ. અહીં આપણા અભ્યાસક્રમની મર્યાદાના કારણે એક નમૂના સ્વરૂપે મર્યાદિત સંસ્થાઓનો ઉલ્લેખ કર્યો છે.

⇨ સામાજિક સંસ્થાઓની યાદી તેમની પ્રવૃત્તિઓ :

| | | |
|---|---|---|
| 1. ઓલ ઇન્ડિયા ડિઝાસ્ટર મિટિગેશન ઇન્સ્ટિટ્યુટ 411, સાકાર ફાઈવ બિલ્ડીંગ, નટરાજ સિનેમાની પાછળ, આશ્રમરોડ, અમદાવાદ-61. | આપત્તિના સૌથી વધુ સંવેદનશીલ ભોગ બનેલા લોકો માટે માનવીય સલામતી નિર્માણ કરવા. | મિહિર આર. ભટ્ટ Tele :079-26586234, 079-26583607 079-26582962 Email : bestteam@aidmi.org dmi@icenet.co.in |
| 2. એ.એમ.સી. એઇડ્સ કંટ્રોલ સોસાયટી લાલ બંગલાની પાછળ, નવરંગપુરા, ટેલિફોન એક્ષચેન્જ, અમદાવાદ-53. ગુજરાત. | આરોગ્ય | ડૉ. લક્ષ્મણ માલોડિયા Tele : 79-6468653, 79-6409857 Email : acs_amc@icenet.net |
| 3. અખિલ ગુજરાત સેવા સંઘ 9, સુર્યદિવનગર સોસાયટી, કેમ્પ રોડ, શાહીબાગ, અમદાવાદ-4. | કમ્યુન લોકોની સહાય | ચિમનભાઈ લેઉવા Tele : 079-22863545 email : dj_sunny4u@yahoo.com |
| 4. અમદાવાદ વિમન્સ એક્શન ગ્રુપ 48, સોમનાથ નગર, વિજય નગર રોડ, અમદાવાદ-9 | મહિલા મુદ્દાઓ | રશીદા કટલેરીવાલા Tele : 79-7470036 79-7434122 |
| 5. અંધ કલ્યાણ કેન્દ્ર, પરમસુખ સોસાયટીની પાછળ, વિહાર પાર્કની બાજુમાં, રાણીપ, અમદાવાદ-8. | ડિસેબિલિટી (અંધ લોકોનું કલ્યાણ) | સૂર્યાબેન શાહ Tele : 91-79-7520434 email : gian@satyam.net.in |
| 6. અંધ અપંગ કલ્યાણ કેન્દ્ર જનતાગર રોડ, ઘાટલોડીયા, અમદાવાદ-61. | બાળકલ્યાણ, શિક્ષણ, રોજગાર, ખોરાક અને પોષણ, તાલીમ | હરજીવનભાઈ પટેલ Tele : 91-79-27412681 |
| 7. ભારત વિકાસ પરિષદ સી/ઓ, અજિત એડીએસ-4, નારાયણ ચેમ્બર, અમદાવાદ-9. | સામાજિક કાર્ય | અજિત શાહ Tele : 91-79-26579775 email : ajitads17@gmail.com |



| | | |
|---|---|---|
| 8. બ્લાઈન્ડ પીપલ્સ એસોસિયેશન વિક્રમ સારાભાઈ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ-15. ગુજરાત. | અસક્ષમતા, વયસ્ક, શિક્ષણ, રોજગાર તાલીમ | ડૉ. ભૂષણ પુરાણી Tele : 079-26440082, 079-26560106 Email : blinabad1@sancharnet.in |
| 9. બ્રહ્મ સમાજ ડ્રાઈન-ઇન રોડ, થલતેજ, અમદાવાદ-54, ગુજરાત. | સાંસ્કૃતિક અને ધાર્મિક પ્રવૃત્તિઓ | કે. આર. મહેતા Tele : 9327015184 Email : bestkumar2000@yahoo.com |
| 10. વંદધર સેક્ટર-8, ગાંધીનગર-382 008. | પર્યાવરણીય જાગૃતતા, પર્યાવરણીય સંરક્ષણ અને સાંસ્કૃતિક સંકલન | આલોક બ્રહ્મભટ્ટ Tele : 9727711984 Email : alokbrahmbhatt@gmail.com |
| 11. સુજન ફાઉન્ડેશન 156/2, આનંદવાટિકાસોસાયટી, ગાંધીનગર-22. | સ્વચ્છ અને શાંતિપૂર્ણ | હિમાંશુ પંડ્યા Tele : 271221633 Email : sujanfoundation@gmail.com |
| 12. શ્રી વસુંધરા સાર્વજનિક ટ્રસ્ટ 510, અભિશેક બિલ્ડીંગ, સેક્ટર-11, ગાંધીનગર-11. | — | મનોજ પટેલ Tele : 9824516108 Email : manojpatel_19886@yahoo.co.in |
| 13. મર્સી ચેરિટેબલ ટ્રસ્ટ એમ-6, સુમન ટાવર, સેક્ટર-11, ગાંધીનગર-11 | ધાર્મિક, શૈક્ષણિક જાગૃતિ, આરોગ્ય સેમિનાર જળસંસાધન, ગ્રામ્ય શહેરી વિકાસ | મહેશ માસ્ટર Tele : 9825166711 Email : mercy.trustmaster@yahoo.in |
| 14. જીવનતીર્થ જુના કોબા, ગાંધીનગર, પિન નં. 382009. | પર્યાવરણ, શિક્ષણ જાગૃતિ, મહિલા સશક્તિકરણ, માનવ અધિકાર | રાજુ દિપ્તી Tele : 79-23276236, 9898110897 Email : jeevantirth@hotmail.com |
| 15. ચેરીટી સ્વયં સેવકો 374-A, સેક્ટર 23, ગાંધીનગર-382023. ગુજરાત. | વધતી જતી ટ્રાફિક જાગૃતિ | નિરવ વોસ્ટોન Tele : 9427319282, 9998779347 Email : info@voiceindia.co.in |

| | | |
|---|---|---|
| 16. **ગુજરાત રાજ્ય ગ્રામવિકાસ નિગમ લી.**<br>હિલપ્લાઝા એપાર્ટમેન્ટ, સેલર-બી, ઈન્કલાબ સોસાયટી પાસે, ગુલબાઈ ટેકરા, અમદાવાદ. | વોટર શેડ, હરિયાળી, પશુપાલન, વાડી, સ્ત્રી સશક્તિકરણ, એગ્રોફોરેસ્ટ્રી, હોર્ટી, બાયોગેસ | — |
| 17. **પર્યાવરણીય સ્વચ્છતા સંસ્થા**<br>સુઘડ, રિલાયન્સ ગેસ પમ્પિંગ સ્ટેશન, નર્મદા મુખ્ય નહેર, ગાંધીનગર, પિન-382424 | પર્યાવરણીય સ્વચ્છતા એસી.સી.આઈ. | પદ્મશ્રી ઈશ્વરભાઈ પટેલ<br>Tele : 079-292-9825445706<br>Email : esi.sughad@gmail.com |
| 18. **આર્ય બાયોટેક સેન્ટર**<br>ગુજરાત સ્ટેડીયમ સામે, મોટેરા રોડ, સાબરમતી, અમદાવાદ-5. | પાણીના શેડ, લિફ્ટ સિંચાઈ પ્રોજેક્ટ્સ દ્વારા આદિવાસી અને ગ્રામ્ય વસ્તી માટે પાણી વ્યવસ્થાપન (વિકાસ કાર્ય) | પ્રદીપ રાય<br>Tele : 079-27502299, 9824414055<br>email : aaryaabiotechcentre@gmail.com |
| 19. **આવિષ્કાર ઈન્ડિયા માઈક્રો વેન્ચર કેપિટલ ફંડ**<br>ત્રીજો માળ, ખેમા હાઉસ, ડ્રાઈવ-ઈન રોડ, ડ્રાઈન-ઈન સિનેમાની સામે, અમદાવાદ-54. | સામાજિક સભાનતા, અર્થશાસ્ત્ર અને ફાઈનાન્સ માઈક્રો સાહસો | Angha Mitra<br>Tele : 079-7457611, 079-7450378<br>email : a.mitra1@se.ac.uk |
| 20. **વનરાજ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ**<br>બ્લોક નં. 101/3, છ, ટાઈપ, પંચદેવ મંદિર રોડ, સેક્ટર-22, ગાંધીનગર. | — | — |
| 21. **વિશ્વ ભારતી સંસ્થા**<br>મંદિરવાળી શેરી, ખારાકુવા, સરખેજ, અમદાવાદ. | વોટર શેડ, જૂથ રચના ગામ વિકાસ | — |



| | | |
|---|---|---|
| 22. **સેન્ટ્રલ ફોર હ્યુમન રીસર્ચ ડેવલપમેન્ટ**<br>12, સુમેરૂ બંગ્લોઝ, રામનગર ચાર રસ્તા, સેટેલાઈટ રોડ, અમદાવાદ | મહિલા ઉત્થાન મેડીકલ ચેકઅપ | — |
| 23. **રૂરલ ડેવલપમેન્ટ એન્ડ મેને. ઈન્સ્ટી**<br>411/1, એસ.જી. હાઈવે, સિલ્વર ઓક ક્લબની સામે, ગોતા, અમદાવાદ. | સ્ત્રી શિક્ષણ, વર્મીકમ્પોસ્ટ, તાલીમ, પાણી સંગ્રહ | — |
| 24. **મિરોલી ખાદી ગ્રામોદ્યોગ સંઘ**<br>મુ. મિરોલી, તા. દસક્રોઈ, જિ. અમદાવાદ | વોટર શેડ | — |
| 25. **સર્વોદય રચનાત્મક સંઘ**<br>મુ. ગુંદી, પો. લોથલ ભુરખી, તા. ધોળકા, જિ. અમદાવાદ | ગ્રામ્ય સુખાકારી પાણી પુરવઠા | — |
| 26. **ડેવલોપમેન્ટ ઓફ હ્યુમન અ.કશન રીસર્ચ ટેકનો**<br>2/14, ભવાનીચોક, મફલીપુર, તા. ધોળકા, જિ. અમદાવાદ-10. | વોટર શેડ, મહિલા જાગૃતિ | — |
| 27. **વર્લ્ડ ઓર્ગેનાઈઝેશન ઓફ રૂરલ લાઈફ ડેવલપમેન્ટ**<br>22, વરૂણનગર સોસાયટી, નીલકી ચોકડી પાસે, બેચરાજી રોડ, વિરમગામ. | વોટર શેડ, સિવણ, મહિલા બચત સંગઠન | — |
| 28. **પીઠેશ્વરી ચેરીટેબલ ટ્રસ્ટ**<br>301, ક્રિયા એવન્યુ, કૃષ્ણબાગ, મણિનગર, અમદાવાદ-5. | જળસ્ત્રાવ સરદાર આવાસ આરોગ્ય કાર્ય | — |
| 29. **ગુજરાત એસોસીએશન ફોર રૂરલ એન્ડ સીવીલ ડેવ.**<br>કલીકુંડ, ધોળકા. | ગ્રામ વિકાસ ટીએસસીના કામો | — |

| | | |
|---|---|---|
| 30. **ગુજરાત રાજ્ય શ્રમિક વિકાસ પરિષદ**<br>શિયાળ, બાવળા | ગ્રામ વિકાસ, ટીએસસીના કામો | — |
| 31. **અમદાવાદ જિલ્લા ખાદી ગ્રામોદ્યોગ સંઘ**<br>મુ. અમદાવાદ. | ગ્રામ વિકાસની પ્રવૃત્તિઓ ગૃપ સંગઠન, સ્વસહાય જૂથો, વોટર શેડની પ્રવૃત્તિઓ | — |
| 32. ઉદ્દગમ ચેરીટેબલ ટ્રસ્ટ<br>પ્લોટ નં. 818,<br>ગર્વમેન્ટ સ્કુલની બાજુમાં,<br>સેક્ટર-8, ગાંધીનગર. | ટી.એસ.સી. (આઇ.ઇ.સી.) | Tele : 079-23235413,<br>(M) 9427380788<br>Email : info@udgam.org |
| 33. ઉત્થાન<br>36, ચિત્રકુટ, ટ્વીન્સ<br>નહેરુપાર્ક, મેનેજમેન્ટ,<br>એન્કલેવ, વસ્ત્રાપુર,<br>અમદાવાદ. | વોટર શેડ | — |
| 34. નવજાગૃતિ સાર્વજનિક ટ્રસ્ટ<br>પ્લોટ નં. 1588/2, સેક્ટર 2,<br>ગાંધીનગર | વાડી પ્રોજેક્ટ વર્મી કમ્પોસ્ટ, નર્સરી અને વનીકરણ પ્રોજેક્ટ, મશરૂમ પ્રોજેક્ટ | Tele : 079-23226268,<br>9825476195<br>Email : navjagruti@yahoo.com |
| 35. **ગુરુમુખી આદિવાસી વિકાસ ટ્રસ્ટ**<br>205, 2જો માળ, સુમન ટાવર,<br>ગાંધીનગર-382011. | વર્મીનો વિકાસ | ચિરાગ છાયા<br>Tele : 9898594979<br>Email : rsent@aol.in |
| 36. ગાયત્રી માનવ કલ્યાણ ટ્રસ્ટ,<br>479, સેક્ટર-8-બી,<br>ગાંધીનગર-382008 | ગુજરાત તેમજ અન્ય રાજ્યમાં આદિજાતિ વિસ્તારનું ઉત્થાન કરવા | જલ્પેશ કરંગિયા<br>Tele : 9904726501<br>Email : kjr_lion@yahoo.com |



| | | |
|---|---|---|
| 37. **ગુજફાર્મ**<br>ગાંધીનગર-382023<br>ગુજરાત. | માહિતી, જાગૃતિ, શિક્ષણ અને તાલીમ | ડૉ. શ્રીકલ્પ દેશપાંડે<br>Tele : 9427774447<br>Email : drssdeshpande@yahoo.com |
| 38. **સાહસિકતા વિકાસ સંસ્થા,**<br>ભાટ, ગાંધીનગર-382428<br>ગુજરાત. | સાહસિક તાલીમ અને શિક્ષણ | ડિરેક્ટર<br>Tele : 79-23969161,<br>79-23969158<br>Email : aedidiyad1@sanchar.net |
| 39. **અખિલ ભારતીય જન કલ્યાણ પરિષદ**<br>એસ-10, શ્રીજી કોમ્પ્લેક્ષ,<br>સેક્ટર-13/એ,<br>ગાંધીનગર-382013, ગુજરાત. | આરોગ્ય સેમિનાર, ધાર્મિક, શૈક્ષણિક, પશુપાલન જાગૃતિ | રોનક ચાવડા<br>Tele : 9328386496<br>Email : aijkp@yahoo.in |
| 40. **દર્પણ એકેડમી**<br>ઉસ્માનપુરા,<br>અમદાવાદ-380013. | આર્ટ એન્ડ કલ્ચર, મહિલા મુદ્દાઓ | મલ્લિકા સારાભાઈ<br>Tele : 79-27551389,<br>79-27550955<br>Email : darpana@icenet.net |
| 41. **માનવસાધના ટ્રસ્ટ**<br>ગાંધીઆશ્રમ, સાબરમતી,<br>અમદાવાદ-380027.<br>ગુજરાત | ચાઈલ્ડ વેલફેર, એજ્યુકેશન ટ્રેનિંગ | અનારબેન પટેલ<br>Tele : 79-27560002,<br>79-27558052<br>Email : manvsadhna@iccnet.net |
| 42. **લાયન્સ કલબ ઓફ માનવમંદિર**<br>3232-B-1, લાયન્સ સેન્ટર,<br>મહાત્માગાંધી ઇન્ટરનેશનલ<br>સ્કુલની સામે, મીઠાખળી<br>ગામ, અમદાવાદ-9. | આઈ ચેકઅપ, બ્લડ ડોનેશન, કીડની ડાયાલિસિસ | તેજસ વોરા<br>Tele : 9879397999 |

## 4.3 સામાજિક પરિવર્તનના અગ્રેસર (પ્રતિનિધિ) તરીકે યુવાન :

સામાજિક પરિવર્તન એક સહજ ઘટના છે. આ સામાજિક પરિવર્તન બે પ્રકારે આવતું હોય છે. (1) આયોજિત અને (2) બિન આયોજિત.

બિન આયોજિત પરિવર્તનમાં કુદરતી રીતે અમુક અમુક સમયાંતરે માનવ સમાજ બદલાતો જતો હોય તેને બિન આયોજીત પરિવર્તન કહે છે અને આયોજિત પરિવર્તન એટલે સરકાર દ્વારા સમાજના વિકાસ માટે અમુક ચોક્કસ લક્ષ્ય નક્કી કરી તે લક્ષ્યને સિદ્ધ કરવા માટે અમુક ચોક્કસ યોજનાઓ બનાવી તે યોજનાઓના માધ્યમ દ્વારા સમાજમાં બદલાવ લાવવામાં આવે છે. આમ, દેશને વિકાસની ગતિ તરફ લઈ જવા માટે દેશના ઉત્કર્ષ માટે આયોજિત સ્વરૂપે પરિવર્તનો લાવવા માટે વિશાળ રીતે પ્રયત્નો કરવા ખૂબ જરૂરી છે.

દેશ જ્યારે આઝાદ થયો ત્યારે આપણે બધા સારી રીતે જાણીએ છીએ કે આઝાદી પછી દેશ સામે અનેક પડકારો હતા, ગંભીર પ્રકારની સમસ્યાઓ હતી જેમકે પરંપરાઓનું વર્ચસ્વ, ચુસ્ત જ્ઞાતિ વ્યવસ્થા ધાર્મિક અંધશ્રદ્ધાઓ, ગરીબી અને બેકારી, અનેક પ્રકારના સામાજિક કુરિવાજો, નિરક્ષરતા, અજ્ઞાનતા જેવી જડ વ્યવસ્થામાં દેશ બંધિયાર હતો અને આવી પરિસ્થિતિમાં આપણે વિકાસના ધ્યેયો સિદ્ધ કરી શકીએ નહિ અને લોકોનું જીવનધોરણ ઊંચુ લાવી શકીએ નહિ તે સ્વાભાવિક છે. પરંતુ અન્ય દેશોના અનુભવોના આધારે ભારતના જાણીતા સમાજચિંતકો રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી, ભારતના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરુ, રાજગોપાલાચાર્ય, સર્વપલ્લી રાધાક્રિષ્ણન, પ્રો. કે.જી. સૈયુદ્દીન, ડૉ. દોલતસિંહ કોઠારી, શ્રી સી.ડી. દેસમુખ, વી.કે.આર. રાવ એ નક્કી કર્યું કે જો સામાજિક જાગૃતિ અને પરિવર્તન લાવવા હશે, દેશનો આર્થિક વિકાસ કરવો હશે તો સૌ પ્રથમ સમાજસુધારણાના કાર્યક્રમોને મહત્ત્વ આપવું પડશે. જે ફરજિયાત રીતે કે સરકારી કાયદાઓથી શક્ય બની શકશે નહિ પરંતુ આ જનજાગૃતિના કાર્યક્રમોમાં ખાસ કીરને યુવાનો સ્વૈચ્છિક રીતે જોડાય તેવું વાતાવરણ ઊભું કરવું અત્યંત જરૂરી હતું. દેશના લોકો પોતાની બંધિયાર પરંપરાઓ, માન્યતાઓ બદલી ઉપરોક્ત પ્રકારની સમસ્યાઓ અને પરંપરાગત જીવનશૈલીમાંથી બહાર આવે તે માટે સમાજના લોકોને સમજાવવા જરૂરી હોય છે અને આ પાયાનું કાર્ય યુવાધનથી જ શક્ય બને કારણ કે યુવાનો સમુદાયના લોકો સાથે ઓતપ્રોત થઈ, તેઓમાં ભળી જઈ તેમનો વિશ્વાસ સંપાદન કરી તેઓમાં આત્મવિશ્વાસ ઉભો કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી શકે તેમ છે માટે આપણા દેશના વિશાળ સંખ્યાના યુવાધનને આ પ્રકારની સામાજિક પ્રવૃત્તિમાં વાળવું અને તેમના દ્વારા આવી સમાજ ઉત્કર્ષની તથા સમાજના વિકાસની પ્રવૃત્તિઓ કરાવવી એ મહત્ત્વનું કાર્ય છે.



કોલેજોમાં અભ્યાસ કરતા યુવાનોમાં ઉત્સાહ, સાહસ, સમજણ કંઈક નવું કરવાની તાલાવેલીથી તત્પર હોય છે. તેથી આ યુવાશક્તિને સમાજના ઉત્કર્ષ માટેની સામાજિક પ્રવૃત્તિઓમાં વાળી તેનો પણ વિકાસ થાય અને દેશના વિર્ધારીત ધ્યેયો તરફ પ્રયાણ કરી શકાય તેવા શુભ ઉદ્દેશો સાથે યુવાશક્તિ એકત્રિત થાય છે અને શૈક્ષણિક સંસ્થાઓમાં આ યોજના અમલી બનાવવામાં આવેલ છે.

રાષ્ટ્રીય સેવા યોજનામાં જોડાયેલા યુવાનો દેશના ઉત્કર્ષ અને વિકાસની પ્રવૃત્તિઓ અનેક સ્વરૂપે કરી સામાજિક પરિવર્તનના અગ્રેસર બને છે.

### (1) નિયમિત પ્રવૃત્તિ :

પર્યાવરણની જાગૃતિ માટે વૃક્ષારોપણ, જાહેર સ્થળોએ પર્યાવરમ જાગૃતિ માટે રેલીઓ કાઢવી, આરોગ્ય વિશયક કાર્યક્રમો કરવા, પ્રૌઢ શિક્ષણનું કામ કરવું, રક્તદાન, આરોગ્ય ચકાસણી શિબિરો, જાહેર જાગૃતિ, રેલી, સરઘસ, પ્રદર્શન, નાટક, ટ્રાફિક જાગૃતિ, મતદાન જાગૃતિ, કેશલેશ, પોલિયો વગેરે સામાજિક જાગૃતિના કાર્યક્રમો હાથ ધરવામાં આવે છે. તેમજ NSS ના યુવાનોમાં સંયમ, શિસ્ત, અનુસરણ, રાષ્ટ્રભાવના, સેવાભાવ, વ્યક્તિત્વ વિકાસ, સમાયોજન, સમજાવટ, સહકાર, જેવા ગુણો ખીલવવામાં આવે છે જેથી NSS ના યુવાનોમાં પોતાના વ્યક્તિત્વનો પણ વિકાસ થાય છે અને દેશ માટે આવા ઉત્તમ સંસ્કારો ધરાવતા નાગરિકો તૈયાર થાય છે જે દેશના ઉત્કર્ષ માટે ખૂબ મહત્ત્વનું છે.

### (2) સ્લમ્સ / ઝૂંપડપટ્ટી વિસ્તાર :

રાષ્ટ્રીય સેવા યોજનાના યુવાનોંએ સ્લમ્સ અને ઝૂંપડપટ્ટી વિસ્તારમાં સામાજિક જાગૃતિના કાર્યક્રમો કરી જાગૃતિ લાવવાની પહેલ કરી છે. સ્લમ્સ એરિયાના સ્થાનિક પ્રશ્નો, ગામડુ અને શહેર કરતા કંઈક જુદા પ્રકારના હોય છે. સ્લમ્સ એરિયામાં જન્મદર ઊંચો છે એટલે કે વસ્તી વધારો, નાગરિક સુવિધાઓનો અભાવ, ગુનાખોરી, ગંદકી, રોગચાળો, વસ્તીની ગીચતા જેવા પ્રશ્નો હોય છે. આવા પ્રશ્નો સરકારી કાયદાઓ દ્વારા નહિ પણ સમજાવટ દ્વારા ઉકેલી શકાય છે. NSS ના યુવાનો સ્લમ્સ એરિયામાં જાય છે, ત્યાં સફાઈનું કાર્ય પોતે કરે છે. લોકસંપર્ક કરીને લોકોના સીધા સંપર્કમાં આવીને સમજાવટ દ્વારા સ્થાનિક પ્રશ્નો ઉકેલે છે. આરોગ્યને લગતી સમસ્યાઓ માટે તે મેડિકલ કેમ્પનું આયોજન કરે, નિરક્ષરતા નાબૂદી માટે સ્લમ્સ એરિયામાં પ્રૌઢશિક્ષણનું કાર્ય કરે આવા અનેક પ્રકારના સમાજ ઉત્કર્ષના કાર્યો NSS ના'જ યુવાનો કરી શકે છે. કારણ કે NSS ના યુવાનોમાં અગાઉ આપણે જોયું તે પ્રમાણે સમજણ છે. કંઈક નવું કરવાની તાલાવેલી છે. સમાયોજન સમજાવટ, સહકારથી વર્તન કરવાની વૃત્તિ છે. શિસ્ત, સૈયમ, દેશભક્તિના ગુણો

છે અને માટે જ NSS નો યુવાન સ્લમ્સ એરિયામાં જઈને જે કંઈ કાર્યો કરે છે તે કાર્યોના પરિણામે સ્લમ્સ એરિયાની કુટુંબ વ્યવસ્થા, અસામાજિક કૃત્ય, વ્યસન, પરંપરાઓ જેવા અનેક ક્ષેત્રોમાં આમૂલ પરિવર્તન લાવી શકે છે અને એટલા માટે જ કહેવાયું છે કે NSS નો યુવાન સામાજિક પરિવર્તનનો અગ્રેસર છે.

**(3) દત્તક ગામ :**

NSS નો યુવાન કોઈપણ એક ગામને દત્તક લઈને તે ગામમાં પ્રવર્તતી જુદા જુદા પ્રકારની સામાજિક સમસ્યાઓ હલ કરી પરિવર્તનો લાવવા માટે પહેલ કરે છે.

**(4) શિબિર :**

રાષ્ટ્રીય સેવા યોજનાના યુવાનો દ્વારા અંતરિયાળ ગામડાને પસંદ કરી તે ગામની અંદર 7 (સાત) દિવસની ગ્રામજન જાગૃતિ શિબિર કરવામાં આવે છે. આજના વિજ્ઞાનના યુગમાં પણ અમુક ગામડાઓમાં જોઈએ તેટલી જાગૃતિ અને પરિવર્તન આવ્યું નથી. ગામડાઓમાં અસ્પૃશ્યતા સંપૂર્ણપણે નાબૂદ થઈ નથી, હજુ પણ જ્ઞાતિવાદ જોવા મળે છે.

સફાઈ અને વ્યસનો અંગે સાચી સમજ આવી નથી, જન્મદર અને મૃત્યુદર ઊંચો છે, નિરક્ષરતા નાબૂદ થઈ નથી, ધાર્મિક અંધશ્રદ્ધાઓ અને સામાજિક કુરિવાજો હજુ પણ પ્રવર્તે છે. અને ભારતનું ગામડું આવા પ્રકારની સંકુચિતતા અને પરંપરાઓમાં માનતો હોય તો દેશનો વિકાસ ન થાય. NSS ના યુવાનોએ જાગૃત યુવાનો છે કંઈક નવું કરવાની તત્પરતાવાળા યુવાનો છે. આ યુવાનો ગામડામાં પ્રવર્તતી ઉપરોક્ત પરિસ્થિતિઓને બદલવા માટે સાત દિવસ સુધી જે તે ગામમાં રહે છે. સાથે સામાજિક સંસ્થા અને સરકારના પ્રતિનિધિઓનો સહકાર પણ મેળવે છે અને શ્રમકાર્ય કરી અમુક પ્રકારના વિશિષ્ટ કાર્યક્રમોનું આયોજન કરી ગામડાના લોકોની માનસિકતા એટલે કે પરંપરાગત જીવનશૈલીમાં પરિવર્તનઆવે તે માટે પહેલ કરે છે. આમ, યુવાધન એ ગ્રામીણ ક્ષેત્રોના ઉત્કર્ષ માટેની પ્રવૃત્તિઓ કરી ગ્રામીણ સમાજમાં પ્રવર્તતી સમસ્યાઓનો ઉકેલ લાવે છે અને અંતે ગ્રામીણ સમુદાયોમાં આમુલ પરિવર્તનો આવે છે.

**(5) એકદિવસીય શિબિર :**

NSS ના યુવાનો કોઈ આકસ્મિક સેવાની જરૂરિયાત હોય અથવા તો જાહેર ક્ષેત્રોમાં કંઈક બદલાવ લાવવાની જરૂરિયાત લાગતી હોય તેવા ક્ષેત્રોમાં એકદિવસીય શિબિરનું આયોજન કરી ત્યાંના સ્થાનિક પ્રશ્નોનો ઉકેલ લાવે છે અને આ ઉકેલની રીતમાં પણ તે સમજાવટની રીતનો ઉપયોગ કરે છે. અથવા તો કોઈ જાહેર કાર્યક્રમ



કરી આડકતરી રીતે તે પ્રશ્નનો ઉકેલ આવે તેવો સંદેશ લોકો સુધી પહોંચાડે છે અને લોકોની માનસિકતા બદલાય છે. લોકોમાં સાચી સમજ વિકસે છે અને પરિવર્તન આવે છે.

સામાજિક પરિવર્તન માટે યુવાનો એ પહેલ કરી છે. અને યુવાનોએ જ પહેલ કરવી જોઈએ કારણ કે આજનો યુવાન એ આવતી કાલનું ભવિષ્ય છે. અને NSS ના યુવાનોમાં નિઃસ્વાર્થ સેવા ભાવના છે, દેશભક્તિ છે, સ્વયંશિસ્ત અને પ્રમાણિકતાના ગુણો છે. તે આધુનિકતા અને સમાજમાં માનનારો યુવાન છે, તે સામાજિક દૂષણો જેવા કે વ્યસન, ગુનાખોરી, ચોરી, લૂંટફાટ તેમજ ધાર્મિક અંધશ્રધ્ધા અને સામાજિક કુરિવાજમાં માનનારો યુવાન નથી માટે જ NSS ના યુવાનો સમાજમાં પરિવર્તન લાવવા માટે જે કંઈ કાર્યક્રમો કરે છે, જે કંઈ સેવાના કાર્ય કરે છે તે સમાજના લોકોના મનમાં બરાબર ઠસી જાય છે. દા.ત., આપણે આધ્યાત્મિક હોઈએ અને આપણા ધર્મગુરુની વાણી આપણા મનમાં ઉતરી જાય છે તેવી જ રીતે NSS નો યુવાન એ સમગ્ર ભારતીય સમાજની જાગૃતિ લાવવા માટેનો એક સંતની જેમ સ્વયં શિસ્ત અને નિઃસ્વાર્થ ભાવે કામ કરે છે. માટે સમાજમાં કાયદાઓ થકી પરિવર્તન જેટલું શક્ય બન્યું નથી તેટલું આવા પ્રકારના સામાજિક સેવાના કાર્યો દ્વારા શક્ય બન્યું છે. શિક્ષણમાં સુધારા થયા છે, લોકોના સામાજિક અને ધાર્મિક દુષણો દૂર થયા છે તેનો સંપૂર્ણ યશ NSS ના યુવાનોને જાય છે.

***

## [1] સર્વધર્મ પ્રાર્થના

ઓમ તત્ સત્ શ્રી નારાયણ તું, પુરૂષોત્તમ ગુરૂ તું
સિદ્ધ બુદ્ધ તું, સ્કન્ધ વિનાયક, સવિતા પાવક તું
બ્રહ્મ મઝદ તું, યહવ શક્તિ તું, ઈશુ પિતા પ્રભુ તું
રુદ્ર વિષ્ણુ તું, રામકૃષ્ણ તું, રહીમ તાઓ તું
વાસુદેવ તું - વિશ્વરૂપ તું, ચિદાનંદ હરિ તું
અદ્વિતીય તું, અકાલ નિર્ભય, આત્મલિંગ શિવ તું
ઓમ તત્ સત્ ...

❀ ❀ ❀

## [2] ભજનો

પ્રત્યેક કાર્યક્રમના પ્રારંભમાં, રાત્રે શયન પહેલાં શિબિરાર્થી વ્યક્તિગત રીતે કે સમૂહમાં સુમધુર કંઠે ગાઈને મન પ્રસન્ન કરતાં હોય છે.

### નૈયા ઝૂકાવી મેં તો

નૈયા ઝૂકાવી મેં તો જોજે ડૂબી જાય ના
ઝાંખો ઝાંખો દિવો મારો જોજે રે બુઝાય ના
સ્વારથનું સંગીત ચારેકોર બાજે
કોઈ નથી કોઈનું આ દુનિયામાં આજે
તનનો તંબૂરો જોજે બેસૂરો થાય ના ... ઝાંખો.
શ્રદ્ધાના દીવડાને જલતો તું રાખજે
નિશદિન સ્નેહકેરું તેલ એમાં નાખજે
મનના મંદિરે જો જે અંધારું થાય ના ... ઝાંખો.
પાપને પુણ્યના ભેદ રે ભૂલાતા
રાગ ને દ્વેષ આજે ઘર ઘર ઘૂંટાતા
જો જે રે આ જીવતરમાં ઝેર પ્રસરાય ના ... ઝાંખો.

❀ ❀ ❀



## [3] પ્રકીર્ણ ગીતો

### વૈષ્ણવજન

વષ્ણવજન તો તેને રે કહીએ,
જે પીડ પરાઈ જાણે રે ... ... વૈષ્ણવજન.
પરદુઃખે ઉપકાર કરે તોયે,
મન અભિમાન ન આણે રે ... ... વૈષ્ણવજન.
સકળ લોકમાં સહુને વંદે,
નિંદા ન કરે કેની રે ... ... વૈષ્ણવજન.
વાચ, કાછ, મન નિશ્ચલ રાખે,
ધન ધન જનની તેની ર ... ... વૈષ્ણવજન.
સમદષ્ટિને તૃષ્ણા ત્યાગી,
પરસ્રી જેને માત રે ... ... વૈષ્ણવજન.
જિહ્વા થકી અસત્ય ન બોલે,
પર ધન નવ ઝાલે હાથ ર ... ... વૈષ્ણવજન.
મોહ માયા વ્યાપે નહી જેને,
દઢ વૈરાગ્ય જેના મનમાં રે ... ... વૈષ્ણવજન.
રામનામ શું તાળી રે લાગી,
સકળ તીરથ તેના મનમાં રે ... ... વૈષ્ણવજન.
વણલોભી ને કપટરહિત છે,
કાર્મક્રોધ નિવાર્યા રે ... ... વૈષ્ણવજન.
ભણે નરસૈંયો તેનું દર્શન કરતાં,
કુળ ઇકોતેર તાર્યા રે ... ... વૈષ્ણવજન.

❀ ❀ ❀

### (શિબિરાંતે ગવાતું સમૂહગાન)

અમે અમારે ઘેર જઈશું,
તમને સહુને રામ રામ ...
તમને સહુને રામ રામ
તમને સહુને સીતારામ ...
તમને સહુને રામ રામ
તમને સહુને રાધેશ્યામ ...
બોલ્યું, ચાલ્યું માફ કરજો,
બીજું અમે શું કહીએ રે ...

❀ ❀ ❀

## [4] ધૂન

- સાચી વાણીમાં શ્રીરામ, સાચા વર્તનમાં શ્રીરામ
  જનસેવામાં પામીશું પ્યારા રામ રામ રામ
- રઘુપતિ રાઘવ રાજા રામ,
  પતિત પાવન સીતારામ
  સીતારામ સીતારામ, ભજ પ્યારે તું સીતારામ ... રઘુપતિ.
- આંખો પવિત્ર રાખ સાચું તું બોલ
  ઈશ્વર દેખાશે તને પ્રેમળનો કોલ ... આંખો.
  સત્ય એ જ પરમેશ્વર, છે બાપુના બોલ,
  તારામાં પરમેશ્વર છે કે નહીં શોધ ... આંખો
- રામ સુમર, રામ સુમર, રામ સુમર લે
  સુંદર શિવ મંગલ ભગવાન સુમર લે
  જીવન મેં સત્ય હી એક સાર સમજ લે

❀ ❀ ❀

## [5] વિદાય ગીત

શિબિરમાં આ પ્રકારના ગીતોનું ખૂબ જ મહત્ત્વ છે. ક્યારેક કરૂણ સ્વરમાં ગવાતાં આ ગીતો, આંખોમાં અશ્રુ લાવી દે છે અને વિદાયને વસમી વિદાય બનાવે છે. શિબિરાંતે, ગામમાંથી (શિબિર સ્થળથી) વિદાય લેતાં શિબિરાર્થીઓ દ્વારા આવાં ગીતો ગવાય છે. વાતાવરણને આર્દ્ર બનાવવામાં આ પ્રકારના ગીતો ખૂબ જ મહત્ત્વની ભૂમિકા પૂરી પાડે છે.

- ટૂટ જાયે ન માલા કભી પ્રેમ કી,
  વરના અનમોલ મોતી બિખર જાયેંગે.
  આપ માનો ના માનો, ખુશી આપકી,
  હમ મુસાફીર હૈ, કલ અપને ઘર જાયેંગે.



## [6] પ્રકીર્ણ ગીતો

**(હિન્દી ભાષામાં)**

हम होंगे कामियाब (2)
हम होंगे कामियाब एक दिन,
हो मनमें है विश्वास,
पूरा है विश्वास, हम होंगे कामियाब एक दिन ।

हम चलेंगे साथसाथ (2)
डाले हाथों में हाथ । हम चलेंगे साथ साथ हर दिन,
हो मनमें है विश्वास,
पूरा है विश्वास, हम होंगे कामियाब एक दिन ।

होंगी शांति चारों ओर (2)
होंगी शांति चारों ओर एक दिन,
हो मनमें है विश्वास,
पूरा है विश्वास, हम होंगे कामियाब एक दिन ।

होगी सत्य की हंमेशा जीत (2)
होगी सत्य की हंमेशा जीत एक दिन
हो मनमें है विश्वास,
पूरा है विश्वास, हम होंगे कामियाब एक दिन ।

हमें नही डर किसीका (2)
हमें नहीं डर किसीका आज के दिन,
हो मनमें है विश्वास,
पूरा है विश्वास, हम होंगे कामियाब एक दिन ।

❀ ❀ ❀

## સંદર્ભ ગ્રંથોની યાદી


1. શ્રી નવીનભાઈ એચ. શાહ : રાષ્ટ્રીય સેવા યોજના : કાર્ય અને અભિગમ
2. પ્રો. ડી. આર. પટેલ : સરકારી યોજનાઓ
3. શ્રી રામુભાઈ પટેલ : રાષ્ટ્રીય સેવા યોજનાની ડાયરી
4. ડૉ. મફતલાલ પટલે : સમાજસુધારણાની નવી દિશાઓ
5. ડૉ. નટુભાઈ વર્મા : ગુજરાત યુનિ. રાષ્ટ્રીય સેવા યોજનાની રોજનીશી (તમામ યુનિ.ના અહેવાલો)
6. ડૉ. ગૌરાંગ જાની : સામાજિક સંશોધન (નિદર્શન અને સર્વેક્ષણ)
7. ડૉ. ગૌરાંગ જાની : સામાજિક સંશોધન (ફોકસ ગ્રુપ ડિસ્કશન - FGD)
8. N.S.S. Regional Directorate, Ahmedabad : Annual Report (2016 - 17)
9. R. S. Patel : Handbook of N.S.S.